CMYK

RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE®
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા     નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ અષાઢ વદ - ૩     શનિવાર તા.૦૧-૦૮-૨૦૨૬     અંક : ૧૮૨ વર્ષ : ૨૧     email :rajkot@aaspassindia.com     કિંમત રૂા. ૨-૫૦     પાના - ૮

### ગુજરાત ઉપર હજુ વરસાદી સંકટ!, સવાર સુધીમાં ૧૩ તાલુકામાં ૧૦થી ૨૪ ઈંચ વચ્ચે વરસાદ નોંધાયો

# ૨૪ કલાકમાં ૨૫૫ તાલુકામાં વરસાદ, સુરતના અંબિકામાં ૨૪ ઈંચ

## વડોદરાની હોસ્ટેલમાં પાણી ઘૂસતા વિદ્યાર્થીઓનું રેસ્ક્યૂ; નવસારીમાં ૧૬૦ રસ્તા બંધ, રાજ્યભરમાં તંત્ર એલર્ટ, અનેક વાહનો પાણીમાં ફસાયા







ગાંધીનગર,તા.૧

ગુજરાતમાં આગામી બે દિવસ અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાતના માથે ચાર વરસાદી સિસ્ટમ સક્રિય થતાં ગુજરાત માટે બે દિવસો ભારે સાબિત થવાના છે.

શુક્રવારે રાજયમાં ખાબકેલા ભારે વરસાદને કારણે ઘણા જિલ્લાઓમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨૫૫ તાલુકામાં સૌથી વધુ સુરતના અંબિકામાં ૨૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. તો અન્ય ૧૨ તાલુકામાં ૧૦ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આ વચ્ચે બે દુર્ઘટનામાં ચાર લોકોએ જીવ ગુમાવ્યા છે, જેમાં નવસારીમાં ભારે વરસાદ સમયે કરંટ લાગતા ૩ લોકોના મોત થયાં હતા.જયારે આણંદમાં ખુલ્લી કાંસમાં ૩ બાળકના તણાવાથી એક બાળકીનું મોત થયું અને બે બાળકોનો બચાવ થયો હતો.

બીજી તરફ, પૂર અને નદીઓ બે કાંઠે થતાં લોકોના ફસાવાની પણ ઘટના સામે આવી હતી, જેમાં છોટાઉદેપુરના નસવાડીમાં અશ્વિન નદીમાં ફસાયેલા યુવક અને તિલકવાડામાં પૂર વચ્ચે ઝાડ પરથી યુવકનું રેસ્ક્યૂ કરાયું હતું. સુરતમાં ભારે વરસાદથી રસ્તાઓ પર ગોઠણ સુધીના પાણી ભરાઈ ગયા હતાં અને ભેદવાડ ખાડી ઓવરફ્લો થતાં પૂરની સ્થિતિ ઊભી થઈ હતી. હવામાન વિભાગે ૨ ઓગસ્ટ સુધી રાજયમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. આજે (૧ ઓગસ્ટ) અમદાવાદ-રાજકોટ સહિત ૬ જિલ્લામાં અતિભારે વરસાદનું રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. અમરેલી, ભરૂચ, પાટણ, ગાંધીનગર સહિત ૧૧ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને જામનગર-જૂનાગઢ, વડોદરા, સુરત સહિત ૧૩ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ભારે વરસાદની આગાહીને પગલે ૧૦ જિલ્લામાં સ્કૂલો-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે.

### નવસારીમાં નદીઓમાં સતત ત્રીજી વાર પૂરનો કહેર



નવસારી જિલ્લામાં પડેલા ભારે વરસાદના કારણે પૂર્ણા, અંબિકા અને કાવેરી નદીઓમાં ઘોડાપૂર આવ્યા છે. પૂર્ણા નદીની સપાટી ૨૮થી ૨૯ ફૂટ સુધી પહોંચતાં ગધેવાન, કાલીયાવાડી, કાછિયાવાડી અને શાંતાદેવી રોડ સહિત નવસારી શહેરનો ૩૦%થી વધુ વિસ્તાર પાણીમાં ગરકાવ થયો છે. મોસમી સિઝનમાં સતત ત્રીજી વાર પૂર આવવાના કારણે કરોડો રૂપિયાનું નુકસાન થયું છે, વેપાર-રોજગાર ઠપ થઈ ગયા છે અને સતત બંધ રહેતી શાળાઓને કારણે શિક્ષણકાર્ય ખોરવાતાં સ્થાનિકોમાં વહીવટી તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### ગુજરાતમાં આજે ૬ જિલ્લામાં રેડ એલર્ટ

હવામાન વિભાગ દ્વારા ૨ ઓગસ્ટ સુધી રાજયમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે ૧ ઓગસ્ટના રોજ અમદાવાદ, આણંદ, સુરેન્દ્રનગર, રાજકોટ, બોટાદ અને ભાવનગર જિલ્લામાં વરસાદનું રેડ એલર્ટ આપવામાં આવ્યું છે, જ્યારે અમરેલી, ભરૂચ, પાટણ, ગાંધીનગર સહિત ૧૧ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.

### વડોદરા હોસ્ટેલમાં પાણી ભરાતાં ૧૫૦ વિદ્યાર્થીઓનું રેસ્ક્યૂ

વડોદરાના વાઘોડિયા રોડ પર આવેલી સુમનદીપ વિદ્યાપીઠની લક્ષ્મી હોસ્ટેલમાં વરસાદી પાણી ભરાઈ જતાં મધ્યરાત્રિના ૩ વાગ્યે ભારે દોડધામ મચી ગઈ હતી. પરિસ્થિતિ ગંભીર બનતાં વાઘોડિયા મામલતદાર અને પોલીસની ટીમે ત્વરિત કામગીરી હાથ ધરીને હોસ્ટેલમાંથી કુલ ૧૫૦ લોકોને સલામત સ્થળે ખસેડ્યા હતા, જેમાં ૧૦૦ છાત્રાઓ, ૪૦ છાત્રો અને ૧૦ શ્રમિકોનો સમાવેશ થાય છે.

### અમદાવાદમાં વરસાદી પાણી ભરાતાં ભારે હાલાકી

અમદાવાદ શહેરમાં મોડી રાત્રે પડેલા વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે, જેમાં ચાંદલોડિયા રેલવે અંડરપાસ સંપૂર્ણપણે ગરકાવ થઈ જતાં વાહનચાલકોને લાંબા ફેરા ફરીને જવાની ફરજ પડી છે. વરસાદે વિરામ લીધા બાદ પણ પાણી ન ઓસરતાં અંડરપાસ નજીક આવેલા પ્રસિદ્ધ રુદ્રેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં પણ પાણી ભરાયેલા રહેતાં સવારે દર્શનાર્થે પહોંચેલા ભક્તોને ઘૂંટણસમા પાણીમાંથી પસાર થવું પડી રહ્યું છે.

### કડીમાં ઘરોમાં પાણી ઘૂસતાં લોકો આખીરાત જાગ્યા

હવામાન વિભાગની અતિભારે વરસાદની આગાહી વચ્ચે શુક્રવારે રાત્રે કડી પંથકમાં મેઘરાજાએ ફરી એકવાર રુદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. રાત્રે ૯થી ૧૨ વાગ્યા સુધીના માત્ર ૩ કલાકના ટૂંકા ગાળામાં જ ૪ ઈંચ જેટલો ધમાકેદાર વરસાદ વરસી પડતાં સમગ્ર કડી શહેર જળબંબાકાર થઈ ગયું હતું. વીજળીના કડાકા-ભડાકા અને પવનના સુસવાટા સાથે પડેલા મુશળધાર વરસાદને કારણે મુખ્ય માર્ગો પર ઢીંચણસમા પાણી ભરાઈ ગયાં હતાં.

### વડોદરા કલેક્ટરે સ્થળે પહોંચી દેવ ડેમની સ્થિતિ જાણી

વડોદરા જિલ્લા કલેક્ટર ડૉ.અનિલ ધામેલિયાએ મોડી રાત્રે દેવ ડેમની રૂબરૂ મુલાકાત લઈને ગેટ ઓપરેશન અને જળસપાટીની વિગતો મેળવી હતી. ઉપરવાસમાં થઈ રહેલા સતત વરસાદને કારણે ડેમમાં પાણીની આવક વધી રહી હોવાથી ભવિષ્યમાં કોઈ કપરી સ્થિતિ ન સર્જાય તે માટે તેમણે સ્થળ પર જ હાજર અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

## રાજકોટમાં રાત્રિ દરમિયાન સરેરાશ ૧ થી ૨ ઈંચ વરસાદ

### શાળા, કોલેજમાં રજા, નાગરિકોને સાવચેત રહેવા અપીલ

રાજકોટ

રાજકોટ શહેર અને સમગ્ર જિલ્લામાં હવામાન વિભાગની સંભવિત આગાહીને પગલે રાજકોટમાં રાત્રિ દરમિયાન સરેરાશ ૧ થી ૨ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો, જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. વાતાવરણમાં સર્જાયેલી આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા તંત્ર સંપૂર્ણપણે એલર્ટ મોડમાં આવી ગયું છે અને નાગરિકોની સુરક્ષા માટે મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે.

વરસાદી આફતમાં બાળકો અને વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં ન મુકાય તે હેતુથી રાજકોટ જિલ્લા તંત્ર દ્વારા રાજકોટ શહેર અને જિલ્લાની તમામ પ્રાથમિક-માધ્યમિક શાળાઓ, કોલેજો તેમજ આંગણવાડીઓમાં સત્તાવાર રજા જાહેર કરવામાં આવી છે. જોકે, ગ્રામ્ય વિસ્તારની શાળાઓના શિક્ષકોને શાળાએ હાજર રહેવા માટે ખાસ સૂચના આપવામાં આવી છે, જેથી સ્થિતિ પર નજર રાખી શકાય.

હવામાનની ગંભીરતાને જોતાં સ્થાનિક તંત્ર દ્વારા રાજકોટના નાગરિકોને બિનજરૂરી અથવા કામ વગર ઘરની બહાર ન નીકળવા કડક અપીલ કરવામાં આવી છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મોડી રાત્રે પહોંચ્યા SEOCની ઓચિંતી મુલાકાતે

### ૧૦ જિલ્લામાં રેડ એલર્ટની સંભાવના વચ્ચે કલેક્ટરોને એલર્ટ રહેવા આદેશ

ગાંધીનગર,

રાજ્યમાં સાર્વત્રિક અને ભારે વરસાદની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ શુક્રવારે મોડી રાત્રે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) ખાતે ઓચિંતી મુલાકાતે પહોંચ્યા હતા. તેમણે રાજ્યભરમાં સર્જાયેલી વરસાદી સ્થિતિ અને રાહત-બચાવ કામગીરીનો સર્વગ્રાહી તાગ મેળવ્યો હતો.શનિવારે રાજ્યના ૧૦ જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદના પગલે 'રેડ એલર્ટ'ની સંભાવના હોવાથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સંબંધિત તમામ જિલ્લા કલેક્ટરોને ઉચ્ચ સ્તરીય સતર્કતા દાખવવાની સૂચના આપી છે. કોઈપણ




કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે અમદાવાદ, નવસારી અને સુરતમાં ૨-૨ આર્મીની કોલમ જરૂર જણાયે વહીવટી તંત્રની મદદ માટે તૈનાત કરી દેવામાં આવી છે. આ ઉપરાંત જામનગર, જોધપુર, વડોદરા અને પુણે ખાતે એરફોર્સના હેલિકોપ્ટર પણ સ્ટેન્ડબાય રાખવામાં આવ્યા છે.સમગ્ર વહીવટી તંત્રના આગવા અને સાવચેતીપૂર્ણ આયોજનના પરિણામે અત્યાર સુધીમાં ૧૬,૫૦૦થી વધુ નાગરિકોને સલામત સ્થળે સ્થળાંતરિત કરવામાં આવ્યા છે, જ્યારે પૂર કે પાણીમાં ફસાયેલા ૪૧ લોકોને રેસ્ક્યુ કરી ઉગારી લેવાયા છે.

રાજ્યના ૨૦૧ તાલુકાઓમાં આજે નોંધપાત્ર વરસાદ નોંધાયો છે, જેની સાથે સમગ્ર મોસમનો કુલ ૬૧.૫૦ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. આ ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકમાં મુખ્ય સચિવ એમ. કે. દાસ, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. જયંતી રવિ, GSDMAના CEO ધવલ પટેલ તથા રાહત કમિશનર ગૌરાંગ મકવાણા સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મને અને મારી માતાને ગાળો આપવામાં આવી, ભટકેલા બાળકોને માફ કરું છું : પીએમ મોદી

### બાળકો આપણા છે, તેમને સાચો રસ્તો બતાવવો એ પણ આપણું કામ છે

નવી દિલ્હી:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈન્સ્ટાગ્રામ પર એક નવો વીડિયો સંદેશ જારી કર્યો છે. આ વીડિયોમાં પીએમ મોદીએ જંતર-મંતર પર પ્રદર્શન દરમ્યાન બોલવામાં આવેલા અપશબ્દોને લઈને કહ્યું કે હું ગાળો બોલનારા બાળકોને માફ કરવા માગું છું. તેમણે કહ્યું , 'હાય ફ્રેન્ડ્સ, આજે તો મન થાય છે કે તમારી સાથે જ વાત કરું. જંતર-મંતર પર જે કંઈ પણ થયું, તેને દેશ અને દુનિયાએ જોયું છે. કેટલાક તોફાની બાળકોએ મને ગંદી ગાળો આપી. કોઈપણ સભ્ય સમાજને શોભા ન આપે તેવા શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો. મને તો ગાળ આપવામાં જ આવી, પણ મારી સ્વર્ગસ્થ માતાને પણ ગાળ આપવામાં આવી. ન જાણે કેટલું ગંદુ સ્વરૂપ હતું, પણ હું આજે એ વાત કરવા માંગુ છું કે બાળપણમાં ભૂલો થાય છે અને બાળપણમાં ભૂલો સુધારવાની તક પણ મળે છે.'

પીએમ મોદીએ કહ્યું, 'આના કારણે સમાજની અંદર જે આક્રોશ છે તેને હું સારી રીતે સમજી શકું છું. આ એક કલ્ચરલ શૉક છે કે આપણી દીકરીઓ આ પ્રકારની ભાષા કેવી રીતે બોલી શકે છે, પરંતુ આ સમય આ બાળકોને ભેટીને સાચો રસ્તો બતાવવાનો છે. આ ગેરમાર્ગે દોરાયેલા બાળકો છે. તેમને સાચો રસ્તો બતાવવો એ આપણું કામ છે. તેમને સજા અપાવવી, અદાલતોના ચક્કર કપાવવા, સમાજમાં તેમને પ્રતાડિત કરવાથી આપણે પરિસ્થિતિઓ બદલી શકીશું નહીં. હું તેમને માફ કરવા માંગુ છું.'

પીએમ મોદીએ કહ્યું, 'સમાજ પણ મારી આ વાત સ્વીકારે કારણ કે મારા મનમાં એક જ

## કાશ્મીરમાં આતંકી હુમલો, શ્રમિકો પર ફાયરિંગ કરાતા એકનું મોત

### અમરનાથ યાત્રા શરૂ થયા બાદ આ બીજો આતંકવાદી હુમલો

શ્રીનગર,

જમ્મુ કાશ્મીરના કુલગામમાં આતંકવાદીઓએ બે વ્યક્તિઓ પર ફાયરિંગ કર્યું હોવાના વાવડ મળી રહ્યા છે. આ ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાથી પહાડી વિસ્તારમાં ફરી એક ભયજનક માહોલ છે. હુમલો કરનારને પકડવા માટે સૈન્યએ સર્ચ ઑપરેશન શરૂ કર્યું છે. કાશ્મીર રીજીયન ગણાતા કુલગામમાં આતંકી હુમલો થયો છે. બે વ્યક્તિઓ પર ફાયરિંગ કરવામાં આવ્યું છે. વિગત એવી મળી છે કે, જેના પર ફાયરિંગ કરવામાં આવ્યું તે સ્થાનિકો નથી. આ ઘટનામાં એક વ્યક્તિનું મોત નીપજયું છે. જયારે એક વ્યક્તિની સારવાર ચાલુ છે.

ફાયરિંગન ઘટના સામે આવ્યા બાદ સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો છે. આતંકવાદીઓ સામે સર્ચ ઑપરેશન શરૂ કરવામાં આવ્યું છે. અમરનાથ યાત્રા શરૂ થયા બાદ આ બીજો આતંકવાદી હુમલો છે. પોલીસ ડીજીપી નલીન પ્રભાતે એલજી મનોજ સિન્હાને હુમલા અંગે જાણ કરી છે. આ દરમિયાન એલજીએ આદેશ આપ્યા હતા કે, હુમલા માટે જવાબદાર આંતકવાદીઓને શોધીને ફૂંકી મારવામાં આવે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, જિલ્લાા કેલ્લમ વિસ્તારમાં આતંકવાદીઓએ હુમલો કર્યો છે. અહીંયા શ્રમિકો પર ફાયરિંગ કરવામાં આવ્યું છે. ઈજાગ્રસ્ત શ્રમિકોને ઈલાજ માટે અનંતનાગ ખસેડાયા છે. ભાજપના પ્રવક્તા અલ્તાફ ઠાકુરે આ આતંકવાદી હુમલાની નિંદા કરતા તેને કાયર, બર્બર અને અમાનવીય ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં પ્રામાણિક જીવનનિર્વાહ માટે આવેલા એક નિર્દોષ મજૂરની ક્રૂર હત્યા એક જઘન્ય ગુનો છે.

## મુખ્યમંત્રી અમરેલીમાં કરશે ધ્વજવંદન

### નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વડોદરા અને જીતુ વાઘાણી રાજકોટમાં કરશે દવજવંદન

ગાંધીનગર,

ગુજરાતમાં આગામી ૧૫ ઑગષ્ટના સ્વાતંત્ર્ય દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે અને દવજવંદનના કાર્યક્રમો યોજવામાં આવશે જેમાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અમરેલી ખાતે દવજવંદન કરી રાષ્ટ્ર પર્વની ઉજવણી કરશે

ગુજરાતભરમાં થનારી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અમરેલીમાં, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી વડોદરામાં ,નાણમંત્રી કનુભાઈ પટેલ સુરતમાં, કેબિનેટમંત્રી જીતુભાઈ વાઘાણી રાજકોટમાં, ઋષિકેશ પટેલ અમદાવાદમાં . કુંવરજીભાઈ બાવળીયા પોરબંદરમાં, નરેશભાઈ પટેલ વલસાડમાં, અર્જુનભાઈ મોઢવાડીયા જામનગરમાં, પ્રદ્યુમન વાજા સાબરકાંઠામાં, રમણભાઈ સોલંકી અરવલ્લીમાં ,તેમજ રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલ નર્મદામાં પ્રફુલ પાનસેરિયા ભરૂચમાં, મનીષાબેન વાકીલ છોટા ઉદેપુરમાં,પરસોતમભાઈ સોલંકી ગીર સોમનાથમાં,કાંતિભાઈ અમૃતિયા કચ્છમાં અને રમેશભાઈ કટારા પંચમહાલમાં ઉપરાંત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી વાવ થરાદમાં અને ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદી તાપીમાં ધ્વજવંદન કરશે.

## આજથી કોમર્શિયલ LPG સિલિન્ડર રૂ.૨૦૦ સસ્તો




નવીદિલ્હી,

ઓગસ્ટ મહિનાની શરૂઆત દેશવાસીઓ માટે મોટી રાહત સાથે થઈ છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ૧ ઓગસ્ટ ૨૦૨૬ થી ૧૯ કિલોગ્રામ વાળા કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતોમાં ૨૦૦ રૂપિયાથી વધુનો મોટો કાપ મૂક્યો છે. આ નવા ભાવ આજે ૧ ઓગસ્ટથી જ અમલમાં મૂકી દેવામાં આવ્યા છે.

આજે થયેલા ઘટાડા બાદ દેશના મુખ્ય શહેરો દિલ્હીમાં કમર્શિયલ સિલિન્ડર ૨૦૨ સસ્તો થઈને હવે ૨૭૨૮ માં મળશે. છેલ્લા બે મહિનામાં દિલ્હીમાં કુલ રૂ.૩૮૫.૫૦ નો ઘટાડો નોંધાયો છે. કોલકાતામાં સૌથી વધુ ૨૦૯ રૂપિયાનો ઘટાડો કરાતાં નવો ભાવ ૨૮૭૨.૫૦ થયો છે. નોંધનીય છે કે આ અગાઉ જુલાઈ મહિનામાં પણ ઓઈલ કંપનીઓએ ૧૯ કિલોના કમર્શિયલ સિલિન્ડરમાં ૧૮૩ નો ઘટાડો કર્યો હતો.એક તરફ કમર્શિયલ સિલિન્ડરના ભાવમાં સતત બીજા મહિને ઘટાડો થયો છે, તો બીજી તરફ રસોડામાં વપરાતા ૧૪ કિલોના ઘરેલું ગેસ સિલિન્ડરની કિંમતોમાં આ વખતે પણ કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

## અદાણી CNGના ભાવ વધ્યા, પ્રતિ કિલો રૂ. ૯૪.૦૨ થયાં

અમદાવાદ,

અદાણી કંપની દ્વારા ઝદ્ગય્ના ભાવમાં ફરી એક વખત તોતિંગ વધારો કરવામાં આવ્યો છે. ઝદ્ગય્ના ભાવમાં અદાણી કંપની દ્વારા ૪ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. એક જ દિવસમાં ૪ રૂપિયાનો ઝદ્ગય્ના ભાવમાં વધારો કરવામાં આવતા હવે ઝદ્ગય્નો ભાવ ૯૪.૦૨ રૂપિયા પહોંચી ગયો છે. અગાઉ પણ અનેક વખત ભાવમાં વધારો કરવામાં આવતા રિક્ષા ચાલકો અને ઝદ્ગય્ વાહન ચાલકોને મોંઘવારીનો માર સહન કરવાનો વારો આવ્યો છે.

CMYK

દક્ષિણ ગુજરાતમાં મેઘરાજા મન મૂકીને વરસ્યા

# ભરૂચના અનેક વિસ્તારોમાં ભારે વરસાદના કારણે પાણી ભરાયા



## ભરૂચના કસકમાં ન્યુ નવી નગરી વિસ્તારમાં વરસાદથી કમ્પાઉન્ડની દિવાલ ધરાશાયી

ભરૂચ,

ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં મુસળધાર વરસાદ નોંધાયો છે. નેત્રંગમાં આભ ફાટ્યું હોય તેવી સ્થિતિ સર્જાતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ નિર્માણ પામી છે. વરસાદ તૂટી પડતાં નીચાણવાળા વિસ્તારો, માર્ગો અને ખેતરો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. દિવસ દરમિયાન નેત્રંગમાં કુલ ૨૬૮ મિ.મી. (૧૦.૫૫ ઇંચ) જેટલો ભારે વરસાદ ખાબક્યો છે, જે સમગ્ર રાજ્યમાં સૌથી વધુ છે.

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર પંથકમાં થયેલા અનરાધાર વરસાદે જનજીવન અને કૃષિ પર વ્યાપક અસર કરી છે. ધોધમાર વરસાદને પગલે સમગ્ર વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે, અને ખેતરો મોટા તળાવોમાં પરિવર્તિત થઈ ગયા હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જ્યાં નજર કરો ત્યાં માત્ર પાણી જ પાણી દેખાય છે, જે ખેડૂતો માટે મોટી ચિંતાનો વિષય બન્યો છે. ખેતરોમાં પાણી ભરાઈ જવાથી ઊભા પાકને સડી જવાનો અને ધોવાઈ જવાનો ભય રહેલો છે. ખાસ કરીને, કપાસ અને શાકભાજી સહિતના નવા વાવેતર માટે આ સ્થિતિ અત્યંત ગંભીર છે. ખેડૂતોની મહેનત પર પાણી ફરી વળવાની આશંકા છે. જોકે, કેટલીક જગ્યાએ શેરડી જેવા પાકોને પૂરતું પાણી મળવાથી ફાયદો પણ થઈ શકે છે, પરંતુ મોટાભાગના પાકો માટે આ વરસાદ નુકસાનકારક સાબિત થઈ રહ્યો છે.

ભારે વરસાદથી ખેડૂતો હાલ ભારે મૂંઝવણમાં મુકાયા છે, કારણ કે વધારે પડતો વરસાદ પાકને નુકસાન કરતો હોય છે. તેમની આજીવિકા પર સીધી અસર પડતી હોવાથી તેઓ ગંભીર ચિંતામાં છે. આ દ્રશ્યો સ્પષ્ટપણે દર્શાવે છે કે ખેડૂતો હાલ કસોટીના સમયમાંથી પસાર થઈ રહ્યા છે.

ઉપરવાસમાં થયેલા ભારે વરસાદ બાદ આમલાખાડીમાં પાણીનો પ્રવાહ વધ્યો હોવાથી પણ ખેતરો તળાવ બન્યા છે. આ પરિસ્થિતિમાં કેટલાક પાકોને ચોક્કસ નુકસાન પહોંચશે, જ્યારે કેટલાકને લાભ થઈ શકે છે. પરંતુ ખેડૂતોને વાવણી પછી આવી પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે, જેના કારણે ધરતીપુત્રોને ક્યાંક ને ક્યાંક નુકસાની વેઠવી પડશે તે નિશ્ચિત છે.

બે દિવસની આગાહી વચ્ચે તંત્ર દ્વારા અગાઉથી જ ખેડૂતોને જાણ કરવામાં આવી હતી, અને ખેડૂતોએ પણ જરૂરી પગલાં ભર્યા હતા. તેમ છતાં, વરસાદી પાણી બાદ સર્જાયેલી આ પરિસ્થિતિ અને ખેતરોમાં પાણી ભરાઈ જવાથી નવી વાવણી કરનારા ખેડૂતો માટે ગંભીર ચિંતા ઊભી થઈ છે.

શુક્રવારે ભરૂચમાં વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારો અને જર્જરિત બાંધકામો પર તેની વિપરીત અસર જોવા મળી રહી છે. દરમિયાન, ભરૂચ શહેરના કસક વિસ્તારમાં આવેલી 'ન્યુ નવી નગરી' માં વરસાદના કારણે કમ્પાઉન્ડની દિવાલ ધડાકાભેર તૂટી પડવાની ઘટના બની હતી. દિવાલ તૂટી પડવાનો જોરદાર અવાજ આવતાં જ આસપાસની સોસાયટીના રહીશોમાં અફરાતફરી મચી ગઈ હતી.

# રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા શિક્ષક અભિરુચિ કસોટી મુખ્ય પરીક્ષાની તારીખમાં ફેરફાર કરાયો

ગાંધીનગર,

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા "શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) - ૨૦૨૬" ગુજરાતી માધ્યમની મુખ્ય પરીક્ષા આપનારા ઉમેદવારો માટે મહત્વનો પરિપત્ર જારી કરવામાં આવ્યો છે. અગાઉના આયોજન મુજબ આ મુખ્ય પરીક્ષા આગામી તારીખ ૦૨/૦૮/૨૦૨૬ ના રોજ યોજાનાર હતી. પરંતુ હાલમાં સમગ્ર રાજયમાં હવામાન વિભાગની ભારે વરસાદની ગંભીર આગાહી, પરીક્ષાર્થીઓની રજૂઆતો અને સરકારના માર્ગદર્શનને ધ્યાનમાં રાખીને બોર્ડ દ્વારા પરીક્ષા પાછી ઠેલવાનો નિર્ણય લેવાયો છે.

હવે ૮ ઓગસ્ટ (શનિવાર) ના રોજ પરીક્ષા યોજાશે

રાજ્ય પરીક્ષા બોર્ડના સચિવ દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર પરિપત્ર મુજબ, આ મુખ્ય કસોટીનું આયોજન હવે આગામી તારીખ ૦૮/૦૮/૨૦૨૬ (૦૮ છેપ્ષેજં ૨૦૨૬) શનિવારના રોજ કરવામાં આવ્યું છે. આ પરીક્ષા હોલ ટિકિટમાં દર્શાવેલા સમય અને નિયત પરીક્ષા કેન્દ્ર મુજબ જ યોજવામાં આવશે. તેમજ બોર્ડ દ્વારા પરિપત્રમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે તમામ ઉમેદવારોએ નવી હોલ ટિકિટ ડાઉનલોડ કરવાની રહેશે નહીં, અગાઉની હોલ ટિકિટ જ માન્ય રહેશે.

# ઉકાઈ ડેમમાં ૧.૯૬ લાખ ક્યુસેક પાણીની આવક થતાં ખેડૂતોમાં ખુશીની લાગણી

તાપી,

તાપી જિલ્લામાં સતત વરસી રહેલા વરસાદને કારણે સમગ્ર જિલ્લામાં વરસાદી માહોલ યથાવત રહ્યો છે. ભારે વરસાદના પગલે વિવિધ તાલુકાઓમાં પાણી ભરાવા, નદીઓમાં ઘોડાપૂર જેવી સ્થિતિ અને માર્ગ વ્યવહારમાં ગંભીર અસર જોવા મળી રહી છે. જિલ્લામાં કુલ ૧૧૦ માર્ગો બંધ કરવાની ફરજ પડી છે, જ્યારે ઉકાઈ ડેમમાં સીઝનની પ્રથમ મોટી પાણીની આવક નોંધાતા ખેડૂતોમાં ખુશીનો માહોલ સર્જાયો છે.

વિવિધ તાલુકાઓમાં ૧૧૦ માર્ગો બંધ

જિલ્લા વહીવટી તંત્રના પ્રાથમિક અહેવાલ મુજબ વ્યારા અને સોનગઢ તાલુકામાં સૌથી વધુ અસર જોવા મળી છે. બંને તાલુકામાં મળીને ૨૫ માર્ગો બંધ કરવામાં આવ્યા છે. ડોલવણ તાલુકામાં ૧૯ માર્ગો અને ઉકાઈ વિસ્તારમાં ૧૮ માર્ગો હાલ પાણીના કારણે બંધ છે. વાલોડ તાલુકાના ૧૬ રસ્તાઓ પણ વાહનવ્યવહાર માટે અસ્થાયી રીતે બંધ કરાયા છે. જિલ્લાના તમામ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો હોવાનું તંત્રે જણાવ્યું છે.

ઉકાઈ ડેમમાં સીઝનની પ્રથમ મોટી આવક

દક્ષિણ ગુજરાતની જીવાદોરી ગણાતા ઉકાઈ ડેમમાં આ સીઝનમાં પ્રથમવાર પાણીની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. હાલમાં ડેમમાં આશરે ૧,૯૬,૦૦૦ ક્યુસેક પાણીની આવક નોંધાઈ રહી છે. પાણીની સતત આવકને કારણે ડેમની જળસપાટી ૩૧૭.૦૪ ફૂટ સુધી પહોંચી ગઈ છે. ડેમમાં પાણીની સ્થિતિ સુધરતા તાપી અને આસપાસના વિસ્તારોના ખેડૂતોમાં આશાવાદ જોવા મળી રહ્યો છે, કારણ કે આવનારા દિવસોમાં સિંચાઈ માટે પાણીની ઉપલબ્ધતા વધવાની સંભાવના છે.

ભારે વરસાદના કારણે વ્યારા શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. મિશન નાકાથી સયાજી મહારાજ સ્ટેચ્યુ તરફ જતો મુખ્ય માર્ગ પાણીમાં ગરકાવ થતાં રસ્તાનો એક ભાગ બંધ કરવામાં આવ્યો છે. આસપાસની સોસાયટીઓ અને દુકાનોમાં પણ પાણી ઘૂસી જતાં સ્થાનિક રહેવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

મીંઢોળા નદી બેકાંઠે, ગ્રામ્ય વિસ્તારોમાં અસર

વ્યારા નગરમાંથી પસાર થતી મીંઢોળા નદી બેકાંઠે વહેતી થઈ છે, જેના કારણે નજીકના ગ્રામ્ય વિસ્તારોમાં ચિંતા વધી છે. અનેક ગ્રામીણ માર્ગો પર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર પ્રભાવિત થયો છે અને કેટલાક માર્ગો સંપૂર્ણપણે બંધ કરાયા છે. સ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા તંત્ર દ્વારા બે SDRF ટીમોને અલર્ટ રાખવામાં આવી છે.

# આણંદમાં ભારે વરસાદનો કહેર; પેટલાદમાં સ્ટેશન રોડ સહિત અનેક વિસ્તારો જળબંબાકાર



આણંદ,

ભારે વરસાદના કારણે શહેર તેમજ આસપાસના વિસ્તારોના લોકોને ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે. હાઈ એલર્ટની સ્થિતિ વચ્ચે જિલ્લામાં અનેક સરકારી કચેરીઓ અને રહેણાંક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતા સરકારી તંત્રની નિષ્ફળ કામગીરી સામે પણ પ્રશ્નો ઊભા થયા છે.

શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા

આણંદ શહેરમાં છેલ્લા કેટલાક કલાકોથી ભારે વરસાદ વરસી રહ્યો છે. મુખ્ય માર્ગો, રહેણાંક સોસાયટીઓ તેમજ સરકારી કચેરીઓની આસપાસ પાણી ભરાતા વાહનચાલકો અને સ્થાનિક રહેવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. કેટલાક વિસ્તારોમાં રસ્તા અને ગટર વચ્ચેનો ભેદ પણ દેખાતો ન હોવાથી અકસ્માતની ભીતિ ઊભી થઈ છે.

પેટલાદ પંથકમાં પણ વરસાદનો પ્રકોપ

બીજી તરફ પેટલાદ પંથકમાં પણ અનરાધાર વરસાદ વરસતા સ્થિતિ ગંભીર બની છે. શહેરના સ્ટેશન રોડ સહિત વિવિધ મુખ્ય માર્ગો પર પાણી ભરાઈ ગયા હતા. અનેક નિચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ઘૂસી જતા સ્થાનિકોને અવરજવરમાં મુશ્કેલી પડી રહી છે.દુકાનો, રહેણાંક મકાનો અને માર્ગો પર પાણી ભરાતા લોકો ઘરની બહાર નીકળવામાં પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે. કેટલાક વિસ્તારોમાં વાહનો બંધ પડી જવાના બનાવો પણ સામે આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી હોવાથી આણંદ જિલ્લાનું તંત્ર હાઈ એલર્ટ પર મૂકવામાં આવ્યું છે. ફાયર વિભાગ, પોલીસ તેમજ નગરપાલિકાની ટીમોને સંવેદનશીલ વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી છે. પાણી ભરાયેલા વિસ્તારોમાં લોકોને સાવચેતી રાખવા, બાળકોને પાણી નજીક ન જવા દેવા અને જરૂરી હોય ત્યારે જ બહાર નીકળવા અપીલ કરવામાં આવી છે.

# ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્વ. માધવસિંહ સોલંકીના રાજકીય વારસાને ઉજાગર કરતું પુસ્તક 'સોલંકી યુગ' લોન્ચ

## માધવસિંહ સોલંકીના ૯૯મા જન્મદિવસ નિમિત્તે અમદાવાદના AMA ખાતે 'પ્રેરણા પર્વ' કાર્યક્રમ યોજાયો

અમદાવાદ,

ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના દિગ્ગજ નેતા સ્વ. માધવસિંહ સોલંકીના ૯૯મા જન્મદિવસ નિમિત્તે અમદાવાદના છસ્છ ખાતે 'પ્રેરણા પર્વ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમના જાહેર જીવન, રાજકીય કારકિર્દી અને ગુજરાતના વિકાસમાં આપેલા યોગદાનને સમર્પિત 'સોલંકી યુગ' નામના પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું છે.

'સોલંકી યુગ' પુસ્તકમાં ગુજરાતના સર્વાંગી વિકાસ માટે હાથ ધરાયેલા અનેક મહત્વના પ્રોજેક્ટ્સનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં દરેક તાલુકામાં આઈટીઆઈની સ્થાપના, અલંગ શિપ રિસાયક્લિંગ યાર્ડની શરૂઆત, નર્મદા કેનાલ નેટવર્કના વિસ્તરણ, સ્થાનિક ખાતર ઉત્પાદનમાં આત્મનિર્ભરતા અને રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે લેવામાં આવેલા નિર્ણયો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી છે.

પુસ્તકમાં માધવસિંહ સોલંકીના રાજકીય વ્યક્તિત્વ, સામાજિક સમાનતા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા, રાજ્ય નિર્માણમાં તેમની ભૂમિકા તેમજ કેન્દ્ર સરકારમાં મંત્રી તરીકેની તેમની કામગીરીને પણ સ્થાન આપવામાં આવ્યું છે. સાથે જ તેમના રાજકીય વિચારો અને વિકાસલક્ષી દ્રષ્ટિકોણને નવી પેઢી સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

પુસ્તક વિમોચન કાર્યક્રમમાં પૂર્વ મુખ્ય સચિવ પી.કે. લહેરી, હાસ્યકલાનિષ્ણાત શાહબુદ્દીન રાઠોડ, કોંગ્રેસના વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહિલ, રાજ્યસભાના સાંસદ અમીબેન યાજ્ઞિક, જયનારાયણ વ્યાસ, સિદ્ધાર્થ પટેલ, સાંસદ ગેનીબેન ઠાકોર સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત વક્તાઓએ માધવસિંહ સોલંકીના રાજકીય જીવન, તેમની વિકાસલક્ષી નીતિઓ અને લોકકલ્યાણકારી અભિગમને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પી હતી.

# ગુજરાતમાં ૨૧૦૯ કોન્સ્ટેબલ સહિત કુલ ૨૫,૬૦૦ પોલીસકર્મીઓની ભરતી કરાશે




ગાંધીનગર,

ગુજરાત પોલીસમાં ખાલી પડેલા પદો મામલે ગુજરાત હાઈકોર્ટમાં ચાલી રહેલી જાહેર હિતની અરજી પર સુનાવણી હાથ ધરાઈ હતી. આ દરમિયાન રાજ્ય સરકારે ભવિષ્યમાં પોલીસ દળને વધુ મજબૂત બનાવવા માટેનું આયોજન દર્શાવતું સોગંદનામું હાઈકોર્ટમાં રજૂ કર્યું હતું.

રાજ્ય સરકાર તરફથી રજૂ થયેલા એફિડેવિટમાં જણાવાયું છે કે, બદલાતા ગુનાખોરીના સ્વરૂપને ધ્યાનમાં રાખીને સાયબર ક્રાઈમ અને નાર્કોટિક્સ જેવા વિશેષ ક્ષેત્રોમાં કોન્ટ્રાક્ટ આધારિત ભરતી કરવાની યોજના બનાવવામાં આવી છે. આ ભરતીમાં ડેટા એનાલિસિસ, ડિજિટલ ફોરેન્સિક્સ અને ટેક્નિકલ કુશળતા ધરાવતા ઉચ્ચ શિક્ષિત ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવશે, જેથી આધુનિક પ્રકારના ગુનાઓની અસરકારક તપાસ શક્ય બને.

રાજ્ય સરકારે હાઈકોર્ટને વધુમાં જણાવ્યું કે, આગામી સમયમાં ગુજરાત પોલીસમાં ૨,૧૦૯ નવા કોન્સ્ટેબલના પદો ઉભા કરવાની યોજના છે. ઉપરાંત, પ્રોસિક્યુશન અને ક્રાઈમ વિભાગમાં ૩૨ નવા પદો પણ ઉભા કરવાનું આયોજન કરવામાં આવ્યું છે, જેથી તપાસ અને કાનૂની કાર્યવાહી વધુ અસરકારક બની શકે. સરકારે એવી રજૂઆત કરી હતી કે, આઉટ સોર્સિંગથી ભરતી કરાયેલા અધિકારીઓને ડીજીપી સાથે બેઠક કરીને તેમના મોનિટરીંગ હેઠળ કામગીરી સોપવામાં આવશે.

# ભારતીય રેલ્વેએ ઈતિહાસ રચ્યો: પહેલીવાર ટ્રેન દ્વારા જીવંત હૃદયનું સફળ પરિવહન

## જીવંત હૃદયને વંદે ભારત એક્સપ્રેસ દ્વારા સુરતથી અમદાવાદ પરિવહન કરવામાં આવ્યું; યુ.એન. મહેતા હોસ્પિટલમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવશે.

અમદાવાદ,

આરોગ્ય ક્ષેત્રે એક ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કરીને, ભારતીય રેલ્વેએ વંદે ભારત ટ્રેન દ્વારા પ્રથમ વખત જીવંત હૃદયનું સફળતાપૂર્વક પરિવહન કર્યું. આ ઐતિહાસિક કામગીરી ભારતીય રેલ્વે, ગુજરાત રાજ્ય પોલીસ અને તબીબી ટીમો વચ્ચેના ઉત્તમ સંકલનનું ઉદાહરણ આપે છે.દર્દીનો જીવ બચાવવા માટે, મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર રાજધાની વંદે ભારત એક્સપ્રેસ (ટ્રેન નં. ૨૦૯૦૧) દ્વારા સુરતથી અમદાવાદ સુધી જીવંત હૃદય સુરક્ષિત અને ઝડપથી પરિવહન કરવામાં આવ્યું. હૃદયને ટ્રાન્સપ્લાન્ટેશન માટે અમદાવાદના યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરમાં પરિવહન કરવામાં આવ્યું.

આ અત્યંત સંવેદનશીલ અને સમય-નિર્ણાયક મિશનની સફળતા સુનિશ્ચિત કરવા માટે, રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (ઈંહ્ર) અને ગુજરાત રાજ્ય પોલીસ દ્વારા 'ગ્રીન કોરિડોર'ની સ્થાપના કરવામાં આવી હતી, જે અમદાવાદ સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર ૦૧ થી યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર સુધી વિસ્તરિત હતી; આનાથી હોસ્પિટલમાં અંગની સરળ અને સમયસર ડિલિવરી શક્ય બની.

વંદે ભારત એક્સપ્રેસની ગતિ, સમયસરતા અને વિશ્વસનીયતાએ આ જીવનરક્ષક મિશનની સફળતામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ સિદ્ધિ દર્શાવે છે કે ભારતીય રેલ્વે હવે ફક્ત મુસાફરો અને માલ પરિવહન સુધી મર્યાદિત નથી, પરંતુ કટોકટી આરોગ્યસંભાળ સેવાઓમાં ભાગીદાર તરીકે પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

ભારતીય રેલ્વેના વિવિધ વિભાગો, ગુજરાત રાજ્ય પોલીસ, ડોકટરો, અંગ પ્રત્યારોપણ સંયોજકો અને તમામ સંકળાયેલા અધિકારીઓ અને કર્મચારીઓએ આ ઐતિહાસિક મિશનની સફળતામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેમના સંકલિત પ્રયાસો દ્વારા જીવનરક્ષક કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.

# ભેદવાડ ખાડી ઓવરફ્લો થતાં સુરતમાં અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા

## બીઆરટીએસ સેવા અને તમામ કાપડ માર્કેટ અને કારખાનાઓ બે દિવસ માટે બંધ



સુરત,

દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી વચ્ચે સુરત શહેરમાં શુક્રવારે મેઘરાજાએ કહેર વરસાવ્યો છે. સતત ધોધમાર વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. ભેદવાડ ખાડી ઓવરફ્લો થતાં પાણી રહેણાંક વિસ્તારોમાં ઘૂસી ગયા છે.વીઆઈપી રોડ, પાંડેસરા, કતારગામ, ડભોલી સહિતના વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બીઆરટીએસ સેવા બંધ, તમામ કાપડ માર્કેટ અને કારખાનાઓ બે દિવસ માટે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાહત અને બચાવ કામગીરી માટે વડોદરાથી આર્મીની ટીમ સુરત રવાના કરવામાં આવી છે.

સતત વરસાદને કારણે ભેદવાડ ખાડી ઓવરફ્લો થઈ ગઈ છે, જેના કારણે આસપાસના રહેણાંક વિસ્તારોમાં પાણી ફરી વળ્યા છે. શહેરન વીઆઈપી રોડ, પાંડેસરા, કતારગામ, ડભોલી અને અન્ય નીચાણવાળા વિસ્તારોમાં રસ્તાઓ નદીમાં ફેરવાઈ ગયા છે. અનેક વાહનો પાણીમાં ફસાઈ ગયા છે અને સામાન્ય જનજીવન સંપૂર્ણપણે પ્રભાવિત બન્યું છે. લિંબાયત વિસ્તારમાં રસ્તા પર ભૂવો પડતાં સલામતી માટે બેરીકેડિંગ કરવામાં આવ્યું છે.

ભેદવાડ ખાડીમાં પાણીની સપાટી સતત વધતા નજીકના પોશ વિસ્તારોમાં પણ પાણી ઘૂસી ગયા છે. અનેક રહેણાંક સોસાયટીઓ અને દુકાનોમાં વરસાદી પાણી ભરાઈ જતાં લોકો મુશ્કેલીમાં મુકાયા છે. સ્થાનિક તંત્ર દ્વારા લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની સરળતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સાહજિકતાનો સંગમ

## સ્વર્ણિમ સંકુલ-૧માં પૂર્વ નિર્ધારિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા રાજ્યપાલ, મુખ્યમંત્રીના નિમંત્રણને માન આપીને મુખ્યમંત્રી કાર્યાલયની અનૌપચારિક મુલાકાત લીધી

ગાંધીનગર,

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની સરળતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સાહજિકતાનું વધુ એક દ્રષ્ટાંત શુક્રવારે ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ-૧માં જોવા મળ્યું હતું.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી રાજ્યના વિવિધ જિલ્લાઓના ગામોમાં રાત્રિરોકાણ, ગ્રામસભા, અંત્યોદયના ઘરે ભોજન અને પ્રાકૃતિક ખેતીના પ્રસાર માટે ગ્રામીણ ખેડૂતો સાથે સંવાદ અને ખેતરોની મુલાકાતો દરમિયાન પોતાની સરળતા માટે લોકપ્રિય છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ પોતાના પ્રવાસો દરમિયાન ગામોમાં સામાન્ય માણસો સાથે અચાનક મુલાકાત, બાળકોને શાળામાં જઈને મળવું જેવી સાહજિકતા માટે મૃદુ અને મક્કમ વ્યક્તિત્વની છબી લોક માનસમાં ધરાવે છે.

રાજ્યપાલ અને મુખ્યમંત્રીશ્રીની આવી જ સાદગી અને સરળતા વધુ એક વાર જોવા મળી હતી.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી તેમના પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ અનુસાર સ્વર્ણિમ સંકુલ-૧ના સાબરમતી કક્ષમાં ઉપસ્થિત રહ્યાં હતાં. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યપાલશ્રીને આ દરમિયાન મુખ્યમંત્રી કાર્યાલયની મુલાકાતે આવવાનું સહજ આમંત્રણ આપતાં રાજ્યપાલશ્રીએ તેનો સરળતાપૂર્વક સ્વિકાર કર્યો હતો.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી પોતાનો કાર્યક્રમ પૂર્ણ થતા સ્વર્ણિમ સંકુલ-૧માં ત્રીજા માળે આવેલી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની કચેરીની મૂલાકાતે પહોંચ્યા હતાં.

મુખ્યમંત્રીશ્રીએ તેમને શાલ ઓઢાડીને તથા પુષ્પગુચ્છ અર્પણ કરીને સન્માન-આવકાર આપ્યો હતો.

આ અનૌપચારિક મુલાકાત દરમિયાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રીવચ્ચે લોકકલ્યાણના વિવિધ વિષયો પર સહજ સંવાદ થયો હતો.

# જળસિંચનની દિશામાં અમરેલી જિલ્લામાં ઐતિહાસિક પહેલ સાકાર

## વડીયા - કુંકાવાવ તાલુકાના વડીયા, બરવાળા બાવળ, બાટવા દેવળી, ઢૂંઢિયા પીપળીયા, ખાન ખીજડીયા, મોરવાડા, ખજુરી ખાતે નવા નીરના વધામણા



અમરેલી:

રાજ્ય સરકાર દ્વારા અમરેલી, વડિયા અને કુંકાવાવ તાલુકાના ૧૧૫ ગામોના તળાવો ઊંડા કરવાની હાથ ધરાયેલી અભૂતપૂર્વ જળસંચય પહેલના પરિણામે વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ થતાં અનેક તળાવો નવા નીરથી છલકાઈ ઊઠ્યા છે. આ અવસરે રાજ્યના કાયદા અને ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ બરવાળા બાવળ, બાંટવા દેવળી, વડિયા, ઢૂંઢિયા પીપળીયા, ખાન ખીજડીયા, મોરવાડા અને ખજૂરી ગામોની મુલાકાત લઈ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના પ્રતિનિધિઓ અને ગ્રામજનો સાથે નવા નીરના વધામણા કર્યા હતા.

આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા અમરેલી, વડિયા અને કુંકાવાવ તાલુકાના ૧૧૫ ગામોના તળાવો ઊંડા કરવા માટે ગામદીઠ ૬૦૦ કલાક હિટાચી મશીનની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના પરિણામે વરસાદી પાણીનો સંગ્રહ વધ્યો છે, ભૂગર્ભ જળસ્તરમાં વધારો થશે અને ગામનું પાણી ગામમાં જ સંગ્રહિત રહેવાની વ્યવસ્થા ઉભી થઈ છે. આ પહેલથી ખેડૂતોને વર્ષભર સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ બનવાની સાથે સમગ્ર જીવસૃષ્ટિને પણ તેનો લાભ મળશે.

રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, "રાજ્ય સરકારની દૂરંદેશી યોજનાના પરિણામે આજે તળાવો નવા નીરથી છલકાઈ રહ્યા છે. પાણીનો સંગ્રહ વધવાથી ખેડૂતોને વર્ષભર ખેતી માટે પૂરતું પાણી મળશે, ભૂગર્ભ જળસ્તર ઊંચું આવશે અને સમગ્ર જીવસૃષ્ટિ માટે પણ આ પાણી જીવનદાયી બનશે."

રાજ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, જળવાયુ પરિવર્તનની અસરોને પહોંચી વળવા વૃક્ષારોપણ અત્યંત જરૂરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પહેલ 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લામાં ૫૧,૦૦૦ વૃક્ષો વાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. આ અભિયાનને વધુ વેગ આપવા માટે વડીયા ખાતે ૨,૦૦૦ વૃક્ષોના વાવેતર માટે સ્થળ પણ નિશ્ચિત કરવામાં આવ્યું છે.

રાજયમંત્રીશ્રીએ અમરેલી જિલ્લાના વિકાસકાર્યોમાં સતત માર્ગદર્શન અને સહયોગ આપવા બદલ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીનો આભાર વ્યક્ત કર્યો હતો.આ કાર્યક્રમમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના પદાધિકારીશ્રીઓ, જન પ્રતિનિધિઓ, અધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી નવા નીરના વધામણામાં સહભાગી બન્યા હતા.

# ખજૂરીને વિકાસની બેવડી ભેટ : રૂ. ૨ કરોડથી વધુના ખર્ચે નવી પ્રાથમિક શાળા અને સુવિધા પથનું લોકાર્પણ

## ઉર્જા રાજ્યમંત્રીના હસ્તે લોકાર્પણ સંપન્ન, આધુનિક શિક્ષણ અને ગ્રામ વિકાસને મળ્યો વેગ, વિદ્યાર્થીઓમાં શિક્ષણ સાથે સંસ્કારોનું સિંચન કરવું જરૂરી



અમરેલી:

રાજ્યના ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ખજૂરી ગામે રૂ. ૯૦ લાખથી વધુના ખર્ચે નિર્મિત નવી અદ્યતન પ્રાથમિક શાળા તથા રૂ. ૧.૨૫ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલા સુવિધા પથનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ વિકાસકાર્યોના લોકાર્પણથી ખજૂરી સહિત આસપાસના વિસ્તારના નાગરિકો અને વિદ્યાર્થીઓને મહત્વપૂર્ણ સુવિધાઓનો લાભ મળશે.

આ પ્રસંગે રાજયમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચીંધેલી વિકાસની કેડી પર આજે અમરેલી જિલ્લો હરણફાળ ભરી રહ્યો છે. રાજયના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં જિલ્લામાં વિવિધ ક્ષેત્રોમાં ઝડપી ગતિએ વિકાસકાર્યો થઈ રહ્યા છે. એક સમય એવો હતો જ્યારે વિકાસની સ્પષ્ટ દિશા ન હતી, પરંતુ આજે "જે ખાતમુહૂર્ત કરે તે જ જનપ્રતિનિધિ લોકાર્પણ કરે" તે વિકાસમંત્રને રાજય સરકારે સફળતાપૂર્વક ચરિતાર્થ કર્યો છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ખજૂરી ગામ સામૂહિક ગ્રામચેતનાનું ઉત્તમ ઉદાહરણ છે. અહીં ગ્રામજનો અને દાતાઓના સહયોગથી ૨,૫૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. જળવાયુ પરિવર્તનની અસરો સામે વૃક્ષારોપણ સૌથી અસરકારક ઉપાય હોવાનું જણાવતાં તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ચાલી રહેલા "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લામાં થયેલા વૃક્ષારોપણમાં ખજૂરી ગામના અનન્ય યોગદાનની પ્રશંસા કરી હતી.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શિક્ષણ અને સંસ્કાર એક સિક્કાની બે બાજુ છે. આજના વિદ્યાર્થીઓ આવતીકાલનું ભવિષ્ય છે. શિક્ષણની સાથે ઉત્તમ સંસ્કારોનું સિંચન થશે તો વિદ્યાર્થીઓ આવનારા સમયમાં દેશના આદર્શ નાગરિક બનશે. તેમણે શાળાની શૈક્ષણિક અને સહશૈક્ષણિક સિદ્ધિઓ બદલ સમગ્ર શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

ખજૂરી પ્રાથમિક શાળામાં ધોરણ ૧થી ૮ સુધીનો અભ્યાસક્રમ ચાલે છે, જયાં આસપાસના ૧૨ ગામોના વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવે છે. દાતાઓના સહયોગથી તૈયાર કરાયેલા શાળા ભવનમાં સ્ટેમ લેબ, કોમ્પ્યુટર લેબ તેમજ ટેબલેટ આધારિત ડિજિટલ શિક્ષણ જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. શાળાના વિદ્યાર્થીઓ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં રાષ્ટ્રીય કક્ષાએ પાંચ વખત સ્થાન પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધારી ચૂક્યા છે.કાર્યક્રમ દરમિયાન શાળા પરિવાર દ્વારા મંચસ્થ મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું.

# અમરેલીના આંગણે યાદગાર બનશે રાષ્ટ્રીય પર્વની ઉજવણી: સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે સર્જાશે રાષ્ટ્રપ્રેમનું અનોખું વાતાવરણ

અમરેલી:અમરેલીના આંગણે વર્ષે ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી થવાની છે. ત્યારે આ ઐતિહાસિક અવસરને ભવ્ય, ગૌરવપૂર્ણ અને જનભાગીદારીથી યાદગાર બનાવવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તા. ૦૧ થી ૧૪ ઓગસ્ટ દરમિયાન પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ડે એક્ટિવિટીઝ અંતર્ગત રાષ્ટ્રપ્રેમ, સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ, સાંસ્કૃતિક અને જનકલ્યાણને કેન્દ્રસ્થાને રાખી વિવિધ રચનાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજના માર્ગદર્શન અને પ્રોબેશનર આઈ.એ.એસ સુશ્રી હર્ષિતા ગોયલના દિશાનિર્દેશ હેઠળ સમગ્ર જિલ્લામાં આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ આયોજન અંતર્ગત તા. ૦૧થી ૧૩ ઓગસ્ટ દરમિયાન જિલ્લાના તમામ શહેરો, ગામો અને શૈક્ષણિક સંસ્થાઓમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાશે. તા. ૪ ઓગસ્ટે આંગણવાડી કેન્દ્રોમાં સફાઈ અભિયાન સાથે બાળકોને સ્વચ્છતાના શપથ લેવડાવવામાં આવશે.

રાષ્ટ્રપ્રેમને સર્જનાત્મક અભિવ્યક્તિ મળે તે માટે શોર્ટ ફિલ્મ અને રિલ્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત તા. ૫ ઓગસ્ટે સ્વાતંત્ર્ય પર્વ વિષયક ચિત્ર સ્પર્ધા, તા. ૬ ઓગસ્ટે નિબંધ સ્પર્ધા તેમજ તા. ૭ ઓગસ્ટે રંગોળી અને સિંગિંગ કોમ્પિટિશન યોજાશે.

તા. ૮ ઓગસ્ટે શાળાઓમાં દેશભક્તિનો સંદેશ આપતી રેલી, વક્તૃત્વ સ્પર્ધા, ક્વિઝ સ્પર્ધા અને વિવિધ રમતગમત પ્રવૃત્તિઓ યોજાશે. જ્યારે તા. ૯ ઓગસ્ટે જનભાગીદારીને પ્રોત્સાહન આપવા વોકાથોન, બહેનો માટે ટ્રેડિશનલ પરફેક્ટ મેચિંગ તેમજ દરિયા પૂજનના કાર્યક્રમો યોજાશે. આ જ દિવસે અમરેલી સહિત જિલ્લાના શહેરી વિસ્તારોમાં વોલ પેઈન્ટિંગ દ્વારા રાષ્ટ્રપ્રેમનો સંદેશ પ્રસરાવવામાં આવશે.

તા. ૧૦ ઓગસ્ટે વિશ્વ સિંહ દિવસ ઉજવણી, હેરિટેજ વોક, હેરિટેજ ફોટોગ્રાફી સ્પર્ધા અને પ્રદર્શન, સંગીત સંધ્યા તેમજ જરૂરિયાતમંદ પરિવારોને રાશન કિટ વિતરણ કરવામાં આવશે. તા.૧૧ ઓગસ્ટે વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ - ખાતમુહૂર્તના કાર્યક્રમો યોજાશે.

તા. ૧૨ ઓગસ્ટે સ્વાતંત્ર્ય પર્વ આધારિત મહેંદી સ્પર્ધા, શાળા તેમજ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વૃક્ષારોપણ અભિયાન હાથ ધરાશે. આ ઉપરાંત આંગણવાડી કેન્દ્રોમાં દેશભક્તિ વિષયક વેશભૂષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રિ-ઈન્ડિપેન્ડન્સ કાર્યક્રમોની શ્રેણીના અંતિમ તબક્કામાં તા. ૧૩ ઓગસ્ટે સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્તિ અંગે જાગૃતિ અભિયાન, શાળા કક્ષાએ વેશભૂષા સ્પર્ધા, તિરંગા યાત્રા અને બીચ ક્લીનિંગ અભિયાન યોજાશે. જ્યારે તા. ૧૪ ઓગસ્ટે પ્રભાતફેરી, ટીબીના દર્દીઓ માટે અક્ષય કિટનું વિતરણ, દરિયામાં ધ્વજવંદન, રોપા વિતરણ, વન વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન તેમજ રાષ્ટ્રધ્વજ વિતરણ અને જનજાગૃતિ કાર્યક્રમો યોજાશે

જિલ્લા વહીવટી તંત્રએ જિલ્લાના નાગરિકોને આ તમામ કાર્યક્રમોમાં ઉત્સાહભેર સહભાગી બનવા માટે અપીલ કરી છે.

# વરસાદ, વીજળી કે વાવાઝોડું: સમયસર ચેતવણી હવે તમારા મોબાઈલમાં

## ચોમાસા દરમિયાન આગાહી જાણવા માટેના ત્રણ સ્માર્ટ સાથી: સચેત, મોસમ અને દામીની




અમરેલી:ચોમાસાની ઋતુ અને સંભવિત કુદરતી આપત્તિઓને ધ્યાનમાં રાખીને જિલ્લાના નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા પૂર્વ તૈયારી અને સમયસર સચોટ માહિતી મેળવવી અત્યંત આવશ્યક છે. કુદરતી આપત્તિ જેવી કે ભારે વરસાદ, પૂર, વાવાઝોડું, વીજળી પડવાની ઘટના સહિતની પરિસ્થિતિમાં સમયસર મળતી ચેતવણી જાનમાલની હાનિ ઘટાડવામાં મહત્વપૂર્ણ સાબિત થાય છે.

આવા સંજોગોમાં ભારતના રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (NDMA) અને ભારત સરકારના કેન્દ્રીય હવામાન વિભાગ (IMD) દ્વારા વિકસાવવામાં આવેલી ત્રણ ઉપયોગી મોબાઈલ એપ્લિકેશનો નાગરિકો માટે સુરક્ષાના વિશ્વસનીય સાધન બની શકે છે.

**સચેત એપ (Sachet - NDMA):** આપત્તિ પહેલાં જાગૃત બનવાનું સશક્ત માધ્યમ સચેત એપ દ્વારા નાગરિકોને વિવિધ આપત્તિઓ અંગે પૂર્વ ચેતવણીઓ મળી રહે છે. ઉપરાંત, આપત્તિના સમયે 'શું કરવું' અને 'શું ન કરવું' જેવી ઉપયોગી માર્ગદર્શિકા પણ ઉપલબ્ધ છે. આપત્તિના સમયે ગભરાવાના બદલે યોગ્ય નિર્ણય લેવામાં આ એપ મદદરૂપ બને છે.

**દામીની એપ (Damini - IMD) :** વીજળી પડવાની આગાહી માટે જીવનરક્ષક સહાયક ચોમાસા દરમિયાન વીજળી પડવાની ઘટનાઓમાં વધારો થતો હોય છે. દામીની એપ દ્વારા નાગરિકોને પોતાના વિસ્તારની આસપાસ વીજળી પડવાની સંભાવના અંગે પૂર્વ એલર્ટ મળે છે. ખેતી કામ કરતા ખેડૂતો, ખુલ્લા મેદાનમાં કામદારો તેમજ પ્રવાસીઓ માટે આ એપ વિશેષ ઉપયોગી સાબિત થઈ શકે છે. સમયસર ચેતવણીથી સુરક્ષિત સ્થળે પહોંચીને જાનહાનિ ટાળી શકાય છે.

**મોસમ એપ (Mausam - IMD):** હવામાનની પળેપળની વિશ્વસનીય માહિતી મોસમ એપ દ્વારા તાપમાન, વરસાદ, પવનની ગતિ, ભેજનું પ્રમાણ સહિત હવામાનની પળેપળની સચોટ માહિતી મેળવી શકાય છે. ચોમાસા દરમિયાન મુસાફરી, કૃષિ કામગીરી અથવા દૈનિક આયોજન માટે આ એપ માર્ગદર્શક બની શકે છે.

# સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત તા.૯મી ઓગસ્ટે યોગ શિબિર યોજાશે

## પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ડે એક્ટિવિટી અંતર્ગત ખાસ આયોજન



અમરેલી: અમરેલીમાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી થવાની છે. આ અવસરે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ખાસ યોગના સંદેશને જન - જન સુધી પ્રસરાવવા માટે તા. ૦૯મી ઓગસ્ટના રોજ અમરેલીના ચિત્તલ રોડ પરના સરદાર પટેલ રમત સંકુલ ખાતે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રિ ઈન્ડિપેન્ડન્સ ડે એક્ટિવિટી અંતર્ગત આયોજિત આ યોગ શિબિરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ટ્રેનર, કોચ અને સ્થાનિક નાગરિકો પણ જોડાશે. આ કાર્યક્રમ સવારે ૬ કલાકથી પ્રારંભ થશે.

આ યોગ શિબિરના માધ્યમથી લોકોને રોજિંદા જીવનમાં યોગ અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવશે.


**વૉક ઇન ઈન્ટરવ્યું**

**૧૧ માસના કરાર આધારિત જગ્યા ભરવાની જાહેર નિવિદા**

ગુજરાત સરકાર દ્વારા અમલમાં મુકાયેલ "મિશન વાત્સલ્ય" યોજના હેઠળ સરકારી ચિલ્ડ્રન હોમ પ્રતાપપરા, અમરેલી ખાતે ૧૧ માસના કરાર આધારિત ફિક્સ પગારથી તદ્દન હંગામી ધોરણે મંજુર થયેલ નીચે દર્શાવેલ જગ્યાઓ ભરવામાટે શૈક્ષણિક, લાયકાત, અનુભવ કોમ્પ્યુટર જ્ઞાન અને નિયત ઉંમર ધરાવતા ઉમેદવારોને ઓપન ઈન્ટરવ્યું માટે નીચે દર્શાવેલ તારીખ, સમય અને સ્થળપર બોલાવવામાં આવે છે.

| ક્રમ | હોદો | જગ્યા ની સંખ્યા | લાયકાત | માસીક વેતન | ઉંમર વર્ષ મર્યાદા |
|---|---|---|---|---|---|
| 1 | House Father | 1 (પુરુષ) | Any Graduate. At least 1 year experience in relevant Field. | 14,564/ ફીકસ | 25 to 40 |
| 2 | Paramedical staff | 1 | ANM (Auxiliary Nurse and Midwife)/GNM (General Nursing and Midwifery) / BSC Nursing. At least 1 year experience in relevant Field. | 12,318/ ફીકસ | 25 to 40 |
| 3 | Educator | 1 | PTC (Primary Teacher Course) / BED (Bachelor of Education) At least 1 year experience of working in relevant field. | 12,318/ ફીકસ | 21 to 40 |
| 4 | Cook | 2 | 10th pass from a recognized Board | 12,026/ ફીકસ | 21 to 40 |

ઉક્ત જગ્યાઓ માટે જરૂરી નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૧૦/૦૮/૨૦૨૬ ના રોજ જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, અનુભવ, જન્મના આધારપુરાવાની અસલ નકલ, ૨ પાસપોર્ટ સાઈઝના ફોટો સાથે ઉમેદવારે સ્વખર્ચે સવારે ૦૯:૦૦ કલાકે નીચે જણાવેલ સ્થળ, સમય અને તારીખે હાજર રહેવાનું રહેશે. રજીસ્ટ્રેશનનો સમય સવારે ૦૯:૦૦ થી ૧૧:૦૦ કલાક સુધીનો રહેશે ત્યારબાદ આવનાર ઉમેદવારોને પ્રવેશપાત્ર ગણવામાં આવશે નહિ. અનુભવ, શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદનો માન્ય રહશે તેમજ કોમ્પ્યુટરનું જ્ઞાન હોવું આવશ્યક છે. ઉપરોક્ત જગ્યાઓની ભરતી અંગેનાં તમામ આખરી નિર્ણય જિલ્લા પસંદગી સમિતિ અમરેલીનો રહશે.

ઈન્ટરવ્યું સ્થળ: "સરકારી ચિલ્ડ્રન હોમ, પ્રતાપપરા, નાના આંકડિયા રોડ, અમરેલી.:(૦૨૭૯૨)૨૨૨૧૮૬
રજીસ્ટ્રેશ સમય: સવારે ૦૯:૦૦ થી ૧૧:૦૦, તારીખ: ૧૦ /૦૮/૨૦૨૬

અધ્યક્ષ
જિલ્લા પસંદગી સમિતિ -વ -
જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, અમરેલી.

જિમાક/અમરે/૧૯૬/૨૫


# ૧ ઓગસ્ટથી ૭ ઓગસ્ટ, "'વિશ્વ સ્તનપાન સપ્તાહ": દેશી ગાયનું દૂધ, સર્વશ્રેષ્ઠ દૂધ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧ ઓગસ્ટથી ૭ ઓગસ્ટ દરમિયાન 'વિશ્વ સ્તનપાન સપ્તાહ' મનાવવામાં આવે છે. દુનિયાભરમાં શિશુઓનાં આરોગ્યમાં સુધારા અને સ્તનપાનને પ્રોત્સાહિત કરવાના હેતુ સાથે આ સપ્તાહ મનાવાય છે. માતાનું દૂધ એક સંપૂર્ણ આહાર છે, જેમાં બાળકની જરૂરિયાતના તમામ પોષક તત્વો યોગ્ય પ્રમાણમાં હોય છે. જેને શિશુ સરળતાથી પચાવી શકે છે. ભારતીય સંસ્કૃતિમાં ગાયને પણ માતા કહી છે. પ્રાચીનકાળમાં ભગવાન શ્રી કૃષ્ણ ગાયનું દૂધ સીધું જ દોહીને પીતા હતા. એવી જ રીતે થોડા વર્ષો પૂર્વેની જ વાત કરીએ તો મોટા ભાગે લોકો ગામડામાં રહેતા અને તેમના ઘરમાં જ ગાય રહેતી હતી જેના કારણે તેમને ચોખ્ખું દૂધ મળી રહેતું હતું. ભારતના ગામડાઓમાં આજે પણ ઘણી જગ્યાએ લોકો આવી જ રીતે ગાયનું સુધ સીધું જ દોહીને પીતા હોય છે. દેશી કુળની ગાયનું દૂધ પીવાના ઘણા ફાયદા થાય છે. પ્રાચીન કાળથી ગાયનો મહિમા અપરંપાર છે કહેવાતું હતું કે આપણા દેશમાં દુધની ગંગાઓ વહેતી હતી. ગાયનું દુધ અનમોલ તો હોય જ છે પણ તેમાં પણ ગીર ગાયનું દૂધ સર્વશ્રેષ્ઠ છે. પણ આધુનીકીકરણને કારણે સાત્વિકતા ઘટતી જાય છે ને ગાયોની ઉપેક્ષા વધતી જાય છે. વેદપુરાણોમાં ગાયને કામધેનું કહેવાય છે કેમ કે તે મરે ત્યાં સુધી દૂધ આપતી રહે છે. ગાયનાં દૂધનાં અનેક ફાયદાઓ છે જેનો આધાર પણ વૈજ્ઞાનિક છે.



**૧. સ્નાયુની મજબૂતાઈ**

આપણે ભારતમાં પરંપરા છે કે આપણે શિશુઓ અને બાળકોને કાચું દૂધ આપીએ છીએ. જીવનના પ્રારંભિક તબક્કે તંદુરસ્ત સ્નાયુ બનાવવી ક્રિયા થવી ખૂબ જરૂરી છે. સ્નાયુ મજબૂતાઇ માટે દૂધ શ્રેષ્ઠ ખોરાક છે. દૂધ ૨૦% વ્હેય (રીઅ) અને ૮૦% કેસિન પ્રોટીન છે, બંને સ્નાયુઓના નિર્માણ માટે જવાબદાર છે.

**૨. સ્લીપ બૂસ્ટર!**

દૂધમાં ટ્રિપ્ટોફેન છે જે એમિનો એસિડ છે. ટ્રિપ્ટોફેન સુસ્તીનું કારણ બને છે તેનો અર્થ એ છે કે તમે ઊંઘ અનુભવશો! તેથી સુતા સમય પહેલાં ગરમ દૂધ ગ્લાસ ઊંઘ ની મજબૂત કિક આપે છે.

**૩. હાડકા મજબુત બનાવે છે.**

મજબૂત હાડપિંજર જીવન જીવવા માટે જરૂરી છે. શરીર ને તંદુરસ્ત શરીર ત્યારે કહેવામાં આવે છે જો તમારું હાડપિંજર રોજ-બ-રોજ કાર્ય કરે. હાડપિંજર ને કેલ્શિયમને પસંદ છે! અને દૂધ કેલ્શિયમ નો અત્યંત સમૃદ્ધ સ્ત્રોત છે, તમારા દાંતને કેલ્શિયમની જરૂર છે. દૂધના કપમાં ૨૭૬ – ૩૦૦ મિલિગ્રામ (એમજી) કેલ્શિયમ છે. દૈનિક ધોરણે પુરુષો / સ્ત્રીઓમાં ૧૦૦૦ એમજી કેલ્શિયમ હોવું જોઈએ.

**૪. મગજ શક્તિ વધે છે**

સંશોધન બતાવે છે કે દૂધ મગજના જ્ઞાનાત્મક કાર્યને સુધારે છે. દૂધ વિટામિન બી ૧૨ નો સ્રોત છે, તેમાં બી ૧૨ સારા એવા પ્રમાણમાં હોય છે આમ દૂધ શાકાહારી લોકો માટે વરદાન છે. મગજની શક્તિ અને જ્ઞાનાત્મક કાર્ય માટે વિટામિન બી ૧૨ આવશ્યક છે, તે અલ્ઝાઈમર રોગને અટકાવવામાં મદદ કરે છે. તમારા મગજ માટે, કૃપા કરીને દૈનિક ઓછામાં ઓછું ૧ કપ દૂધ પીવો!

**૫. હાર્ટ એટેકથી બચાવે છે**

ગાય ઓમેગા -૩ ફેટી એસિડનું ઊંચું મૂલ્ય ધરાવે છે. ઓમેગા ૩ એચડીએલ કોલેસ્ટેરોલ વધારે છે જે 'સારા' કોલેસ્ટેરોલ તરીકે ઓળખાય છે. ઓમેગા ૩ હાનિકારક રક્ત ગંઠાઈ જવાથી અટકાવે છે. ઓમેગા -૩ હાઈ બ્લડ પ્રેશરવાળા લોકોના બ્લડ પ્રેશર સ્તર ઘટાડે છે. ટૂંકમાં, દૂધમાં આવા તત્વો છે જે હૃદય માટે ખૂબ જ સારા છે.

**૬. એસીડીટી મટાડે છે**

ગાયના દૂધમાં ઓમેગા ૩, એન્ટીઑક્સિડન્ટ સંયોજનો અને પ્રોટીન જેવા પદાર્થો છે જે એસીડીટી મટાડે છે.

**૭. શરીર ની ચરબી ઘટાડે છે (વજન)**

દૂધમાં લિનોલીક એસિડ (સીએલએ) છે જે શરીરમાં ચરબી બાળે છે. ડેરી કેલ્શિયમ પણ શરીરમાં વજન ઘટાડે છે. દૂધમાં વિટામીન ડી હોય છે, જે ચરબીને બાળવામાં મદદ કરે છે.

**૮. કેન્સર નું જોખમ ઘટાડે છે**

દૂધમાં એન્ટિ-કેન્સર એજન્ટો હોય છે જે કેન્સર કોશિકાઓના વિકાસને અટકાવે છે. કેટલાક સંશોધન સૂચવે છે કે દૂધનો નિયમિત વપરાશ કેન્સર અટકાવે છે. ઑટોગો યુનિવર્સિટીનું સંશોધન અને તેના પરિણામ કહે છે કે દૂધના દૈનિક વપરાશથી આંતરડાના કેન્સરનું જોખમ ૩૦% જેટલું ઓછું થઈ ગયું છે. ઘણા અભ્યાસોએ જણાવ્યું છે કે ઓછી ચરબીવાળા દૂધથી અંડાશયના કેન્સરનું જોખમ ઓછું થયું છે. દૂધમાં રહેલું સીએલએ-કન્જેજ્યુટેડ લિનોલિક એસિડ એન્ટી કેન્સર એજન્ટ માટે જાણીતું છે.

**૯. ત્વચાનો મિત્ર**

પ્રાચીન સમયથી સ્ત્રીઓ ચમકતી ચામડી માટે દૂધનો ઉપયોગ કરે છે, આજ ના સમય મા પણ લોકો હળદરની પેસ્ટ અને દૂધ ને ચેહરા પાર ચમકતી ચામડી માટે લગાવે છે. પ્રાચીન સમયમાં રાણીઓ અને અન્ય ઉજવણી કરનારા મહિલાઓ દૂધ થી સ્નાન કરતી! દૂધ તેમની સુંદરતા માટે જવાબદાર હતું. દૂધમાં લેક્ટિક એસિડ મૃત ત્વચા દૂર કરે છે.

**૧૦. મેમરી, શક્તિ અને બુદ્ધિ**


આયુર્વેદ અનુસાર ગાયના દૂધમાં ઓજ (શક્તિ) વધારવા નું શ્રેષ્ઠ દ્રવ્ય છે. સારા આરોગ્ય અને યાદશક્તિ માટે ગાય દૂધ શ્રેષ્ઠ છે. ગાયનું દૂધ મગજ ના એવા પ્રદેશો વિકસાવવા માટે મદદ કરે છે જે મેમરી અને બુદ્ધિ માટે જવાબદાર છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

## સૌરાષ્ટ્ર આસપાસ

# મેઘતાંડવ સામે તંત્રની કસોટી

ગુજરાત ફરી એક વખત આકાશી આફતના આરે ઉભું છે. ચોમાસાએ અત્યાર સુધી રાજ્યને તરબોળ કર્યું છે, પણ હવે જે સ્થિતિ સર્જાઈ રહી છે તે માત્ર સામાન્ય વરસાદ નથી, તે સંભવિત આફતનો સ્પષ્ટ સંકેત છે. હવામાન ખાતાની તાજેતરની ચેતવણી અને રાજ્યભરમાં સક્રિય થયેલી અનેક હવામાન પ્રણાલીઓ જોઈએ તો આવનારા ત્રણ ચાર દિવસ ગુજરાત માટે અત્યંત નિર્ણાયક અને પડકારજનક બની રહેવાના છે. આવા સમયે આ ઘટનાને માત્ર વરસાદ તરીકે જોવી એ ભૂલ ગણાશે, તે તંત્રની તૈયારી, સંકલન અને લોકજાગૃતિની સૌથી મોટી કસોટી છે.ભારતીય હવામાન વિભાગે જે માહિતી આપી છે તે ગંભીરતાથી લેવા જેવી છે. એક નહિ, ચાર મોટી સિસ્ટમ એક સાથે ગુજરાત પર મંડરાઈ રહી છે. બંગાળની ખાડીમાં સર્જાયેલું લો પ્રેશર, દક્ષિણ ગુજરાત ઉપર સ્થિર થયેલું સાયક્લોનિક સર્ક્યુલેશન, અરબી સમુદ્રમાંથી સતત ભેજ ખેંચી લાવતું ઓફશોર ટ્રફ અને તેની સામાન્ય સ્થિતિથી દક્ષિણ તરફ ખસી ગયેલું મોન્સૂન ટ્રફ, આ ચારેયનું મિલન એ હવામાન શાસ્ત્રની દ્રષ્ટિએ અત્યંત દુર્લભ અને ખતરનાક સંયોગ છે. આવી સ્થિતિમાં અરબી સમુદ્રમાંથી આવતો અમર્યાદ ભેજ સીધો ગુજરાત પર વરસવાની પૂરી સંભાવના છે. હવામાન ખાતાના અમદાવાદ કેન્દ્રએ સ્પષ્ટ કહ્યું છે કે ત્રીસ જુલાઈથી બીજી ઓગસ્ટ સુધીનો સમય સૌથી વધુ ભારે રહેશે અને આગામી સાત દિવસ સુધી ચોમાસું અત્યંત સક્રિય રહેશે. ભાવનગર સહિત સૌરાષ્ટ્રમાં આજે સવારથી જ વાદળછાયું વાતાવરણ અને ત્રાણું ટકાથી વધુ ભેજ આ આગાહીને સાચી ઠેરવી રહ્યો છે.આ સિસ્ટમની અસર કોઈ એક ખૂણા પૂરતી સીમિત નથી. હવામાન વિભાગે છોટા ઉદેપુર અને નર્મદા માટે રેડ એલર્ટ જાહેર કર્યો છે, જ્યાં ચોવીસ કલાકમાં વીસ સેન્ટીમીટરથી વધુ વરસાદ ખાબકી શકે છે. તો તાપી, ડાંગ, સુરત, નવસારી, વલસાડ, ભરૂચ, વડોદરા અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઓરેન્જ એલર્ટ છે. સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ, રાજકોટ અને જામનગર પણ આ તાંડવથી બાકાત નથી. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને મહેસાણા સુધી આ વાદળો વિસ્તરેલા છે. ટૂંકમાં, આખું ગુજરાત આ સિસ્ટમના ઘેરામાં છે. આવી વ્યાપક અસર વખતે સવાલ એ છે કે શું આપણે તૈયાર છીએ.આ સંદર્ભમાં રાજ્ય સરકારે દાખવેલી તત્પરતા આવકારદાયક છે. મુખ્યમંત્રી કાર્યાલયથી લઈને સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર સુધી સતત સમીક્ષા ચાલી રહી છે.



# ૧૬- હરભાઈ : ઘરશાળા - નૂતન શિક્ષણનો પ્રારંભ, પ્રવિધિ અને ઈતિહાસ

હરભાઈ પ્રકૃતિથી મુક્તવિહારી, કલ્પનાશીલ અને પરમ સર્જનશીલ મનીષી હતા. પૂર્વાયોજિત શૈક્ષણિક માળખામાં બંધાઈને કાર્ય કરવું તેમની પ્રકૃતિમાં નહોતું. કોઈ પણ વિચાર કે વ્યવહારને તેઓ ગુણદોષના તાર્કિક વિશ્લેષણ વિના સહજતાથી સ્વીકારતા નહીં. આ આંતરિક સ્વાતંત્ર્ય છતાં, તેઓ અજોડ વ્યવહારદક્ષતા, કાર્યકુશળતા અને સામી વ્યક્તિના દૃષ્ટિબિંદુને સમજવાની ગહન સહાનુભૂતિ ધરાવતા હતા. તર્ક અને લાગણીના મધુર સુમેળ દ્વારા સમૂહકાર્ય કરવાની અદભુત સૂઝ તેમણે કેળવી હતી.વૈચારિક ભિન્નતા છતાં, હરભાઈએ પોતાની ખેલદિલી અને મનોવૈજ્ઞાનિક સૂઝથી નાનાભાઈ ભટ્ટ અને ગિજુભાઈ બધેકા સાથે મળીને દક્ષિણામૂર્તિ સંસ્થાની શૈક્ષણિક પ્રતિભા ઉજાગર કરી. જોકે, સમય બદલાતાં નવા આદર્શો સાથે તેમણે નવસર્જન તરફ પ્રયાણ કર્યું, જે તેમના જીવનનો એક ઐતિહાસિક વળાંક બન્યો. 'ઘરશાળા'નું સર્જનઃ કેટલાક અનિવાર્ય કારણોસર જ્યારે ભાવનગરની ખ્યાતનામ દક્ષિણામૂર્તિ સંસ્થા બંધ થઈ, ત્યારે સમગ્ર સમાજે શૈક્ષણિક ક્ષેત્રે એક મોટો શૂન્યાવકાશ અનુભવ્યો. આ કપરા સમયે હરભાઈ પાસે કલકત્તા, સુરત, વડોદરા અને મુંબઈની 'ભારતીય વિદ્યાભવન' જેવી નામાંકિત સંસ્થાઓમાંથી આકર્ષક આમંત્રણો આવ્યા હતાં. પરંતુ ભાવનગરની પવિત્ર ભૂમિ અને ત્યાં કરેલા પ્રયોગો છોડવા તેમનું હૃદય તૈયાર નહોતું. વૈચારિક મૂંઝવણ દરમિયાન મિત્ર મસ્તરામભાઈ પંડ્યાએ હરભાઈને ભાવનગરમાં જ રહી નવી સંસ્થા સ્થાપવા પ્રેર્યા અને આર્થિક મદદની ખાતરી આપી. તેમના શિષ્ય ઉપેન્દ્રભાઈ ભટ્ટ, વાલીઓ અને નગરજનોના અદમ્ય સહકારથી પ્રેરાઈને હરભાઈએ ભાવનગરમાં જ નવી શાળા સ્થાપવાનો દ્રઢ સંકલ્પ કર્યો. મસ્તરામભાઈ અને ઉપેન્દ્રભાઈએ હિલડ્રાઈવ રોડ પર આવેલાં પોતાનાં વિશાળ મકાનો વિના ભાડે શાળાના સંચાલન માટે સુપ્રત કર્યાં. હરભાઈની દૃષ્ટિએ શાળા એવી હોવી જોઈએ જ્યાં બાળકને ઘરની હૂંફ અને સ્નેહ મળે. આ અનોખી શૈક્ષણિક ફિલસૂફીમાંથી જન્મ થયોઃ "ઘરશાળા" (Home School). આ નામ પાછળનો મૂળભૂત ધ્યેય હતોઃ "ઘરથી દૂર ન હોય તેવી શાળા અને શાળાથી દૂર ન હોય તેવું ઘર એટલે 'હોમ સ્કૂલ' શાળા અને ઘર બંનેનો એક સુંદર સમન્વય!"

૧ માર્ચ, ૧૯૩૯ના રોજ સ્વ. મોટાભાઈનાં ધર્મપત્ની ત્રિવેણીબહેન પંડ્યાના વરદહસ્તે માત્ર ૧૨ બાળકોના પ્રવેશ સાથે 'ઘરશાળા'ની વિધિવત સ્થાપના થઈ. પ્રારંભમાં

- 'હોમ સ્કૂલ' 'શાળા' અને 'ઘર' બંનેનું એક સુંદર મિશ્રણ (સમન્વય)!"
- ૧ માર્ચ, ૧૯૩૯ના રોજ 'ઘરશાળા'ની વિધિવત સ્થાપના થઈ.
- વિદ્યાર્થીઓની વર્તનગત કુટેવો અને જાતીય વિકૃતિઓનો મનોવૈજ્ઞાનિક ઉપચાર કરાતો.

**ભાવનગર ૩૦૦**

**- બળદેવસિંહ ગોહિલ**

બાલમંદિર, કુમારમંદિર અને માધ્યમિક શાળાના પાંચ ધોરણો શરૂ કરાયાં. ટૂંક જ સમયમાં લોકપ્રિયતા વધતાં પ્રથમ વર્ષના અંતે વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦ અને શિક્ષકોની સંખ્યા ૬ પર પહોંચી, જેમાં જર્મનીથી બાળમાનસશાસ્ત્રનો વિશેષ અભ્યાસ કરીને આવેલા પ્રેમશંકર ભટ્ટ પણ જોડાયા. ઈ.સ. ૧૯૪૦માં જર્મનીથી શિક્ષણ અને મનોવિજ્ઞાનમાં પીએચ.ડી.ની પદવી મેળવીને પરત ફરેલા ડૉ. રઘુભાઈ નાયક સંસ્થામાં આચાર્ય તરીકે જોડાયા. પ્રથમ મુલાકાતમાં જ બંને પ્રખર કેળવણીકારો વચ્ચે આંતરિક તાદાત્મ્ય સધાયું. ડૉ. રઘુભાઈએ લોકશાહી ઢબે, શિસ્તબદ્ધ અને વહીવટી દઢતા સાથે કાર્ય શરૂ કર્યું. તેમણે કરિક્યુલર અને કો-કરિક્યુલર પ્રવૃત્તિઓ, ગૃહકાર્યની નિયમિત ચકાસણી અને વિદ્યાર્થીઓના વ્યક્તિગત પ્રશ્નોના ઉકેલ પર ભાર મૂક્યો. તેમની ત્યાગભાવના એટલી ઉચ્ચ કોટિની હતી કે સંસ્થાની આર્થિક સ્થિતિ જોઈને તેમણે નિયત થયેલા ૩૦૦ રૂપિયાના વેતનને બદલે માત્ર પોતાના ભોજન અને રૂમના ભાડા પૂરતી જ ન્યૂનતમ રકમ સ્વીકારી. પાછળથી તેમને ચોથા સ્થાપક ટ્રસ્ટી બનાવવામાં આવ્યા. ડૉ. રઘુભાઈના આગમન પછી હરભાઈ પ્રમુખ તરીકે મુક્ત મને સંસ્થાના વ્યાપક વિકાસમાં પરોવાયા.શૈક્ષણિક પ્રવિધિ અને ક્રાંતિકારી પ્રયોગો : ઘરશાળાનું વહીવટી અને શૈક્ષણિક માળખું સંપૂર્ણ લોકશાહી મૂલ્યો પર આધારિત હતું. રોજ સાંજે ૫ થી ૬ દરમિયાન યોજાતી સ્ટાફ મીટિંગમાં રોજેરોજની કાર્યવાહીની સમીક્ષા થતી અને નબળા વિદ્યાર્થીઓ માટે સુધારાત્મક (Remedial) અભિગમ ઘડાતો. ઘરશાળાએ તત્કાલીન શૈક્ષણિક જગતમાં કેટલાક અત્યંત ક્રાંતિકારી પ્રયોગો કર્યાઃશિક્ષા, ઈનામ અને હરીફાઈનો બહિષ્કારઃ સંસ્થામાં શારીરિક કે માનસિક શિક્ષાને કોઈ સ્થાન નહોતું. વિદ્યાર્થીને વત્તું-ઓછું કામ કરવા બદલ પ્રશંસા કે ઠપકો આપવાને બદલે માત્ર આત્મીય માર્ગદર્શન અપાતું.

પરીક્ષા પદ્ધતિમાં આમૂલ સુધારોઃ વર્ષના અંતે ૫૦%થી વધુ વિદ્યાર્થીઓને આખા વર્ષના સાતત્યપૂર્ણ કાર્યના આધારે પરંપરાગત પરીક્ષા વિના જ આગલા ધોરણમાં બઢતી અપાતી. મૂલ્યાંકન ગુણ (Marks)ને બદલે વૈજ્ઞાનિક કક્ષા (Grade) પદ્ધતિથી થતું.

સહશિક્ષણ (Co-education): સામાજિક અવરોધો વચ્ચે પણ વિનયમંદિરમાં છોકરા-છોકરીઓને સાથે ભણાવવાનો હિંમતભર્યો પ્રયોગ સફળ કરાયો. વર્ષ ૧૯૪૬-૪૭માં ૩૨૬ વિદ્યાર્થીઓમાંથી ૫૯ વિદ્યાર્થિનીઓ હતી.

ઘરશાળાના વિવિધ શૈક્ષણિક વિભાગોઃ સમય જતાં ઘરશાળાનો વિકાસ એટલો ઝડપી થયો કે તે એક નાનકડી વિદ્યાપીઠમાં પરિવર્તિત થઈ ગઈ. શાળાને હિલડ્રાઈવ પરથી કૃષ્ણનગર લત્તામાં ખસેડવી પડી. તેના મુખ્ય આઠ વિભાગો નીચે મુજબ કાર્યરત હતાઃ

૧. બાલમંદિર (અઢીથી સાડા પાંચ વર્ષ) : મોન્ટેસોરી પદ્ધતિના મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતો અનુસાર ચાલતું આ એકમ બાળકની જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોનો વૈજ્ઞાનિક વિકાસ કરતું. અહીં આનંદ, વૈવિધ્ય અને મૌલિકતા દ્વારા સામાજિક તાલીમ અપાતી. સમગ્ર દેશમાં આ બાલમંદિર મોડેલ રૂપ ગણાતું.

૨. કુમારમંદિર (સાતથી નવ વર્ષ): અહીં બાળકોને જવાબદારીભર્યું સ્વાતંત્ર્ય આપીને સ્વાધ્યાય યોજના (ડોલ્ટન પ્લાન) અનુસાર શિક્ષણ અપાતું. કલાકો સુધી બાળકો અભ્યાસમાં તલ્લીન રહેતાં, જેથી શિસ્તભંગના પ્રશ્નો આપોઆપ ઓગળી જતા.

૩. વિનયમંદિર અને હાઈસ્કૂલ (માધ્યમિક વિભાગ): આ વિભાગમાં પણ ડોલ્ટન પદ્ધતિથી બૌદ્ધિક વિષયોનું શિક્ષણ અપાતું. બુદ્ધિના વિકાસ સાથે હાથ-પગની કેળવણી માટે કાંતણ અને બાગાયત જેવા ઉદ્યોગો વણી લેવાયા હતા. હરભાઈના મતે, બાળકની અવળે માર્ગે વળેલી વૃત્તિઓને સન્માર્ગે વાળવામાં લલિતકળાઓ અનિવાર્ય છે. યુનિવર્સિટીની મેટ્રિક પરીક્ષામાં બેસવા માટે કોઈ વિદ્યાર્થીને અટકાવવામાં આવતો નહી.

૪. છાત્રાલય (ચારિત્ર્ય ઘડતરનું કેન્દ્ર): ઘરશાળાનું છાત્રાલય કોઈ ધર્મશાળા કે વીશી નહોતું, પરંતુ ચારિત્ર્ય ઘડતરનું સક્રિય સાધન હતું. અહી 'વિદ્યાર્થી સ્વરાજ'ની પ્રથા હતી. ખોરાક, પ્રવાસ અને વ્યવસ્થાની તમામ જવાબદારી લોકશાહી ઢબે ચૂંટાયેલું છાત્રમંડળ સંભાળતું. વિદ્યાર્થીઓની વર્તનગત કુટેવો અને જાતીય વિકૃતિઓનો મનોવૈજ્ઞાનિક ઉપચાર કરાતો. આર્થિક બોજો ન પડે તે માટે સત્રદીઠ ફી માત્ર ૨૫૦ રૂપિયા રાખવામાં આવી હતી.

૫. બાલ અધ્યાપનમંદિરઃ બાળશિક્ષકો તૈયાર કરવા માટે આ તાલીમ કેન્દ્ર શરૂ કરાયું હતું. પાછળથી સૌરાષ્ટ્ર સરકારના પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરવાના નિર્ણયમાં સહભાગી થઈ સંસ્થાએ ખોટ ખાઈને પણ શિક્ષકોની શાસ્ત્રીય તાલીમનું કાર્ય ચાલુ રાખ્યું.

૬. કલાકેન્દ્રઃ શરીર અને બુદ્ધિ સાથે હૃદય અને આત્માની કેળવણી માટે કલાકેન્દ્રની સ્થાપના થઈ. ભાવનગરના પ્રખ્યાત કલાકારો જેવા કે સોમાલાલ શાહ, ખોડીદાસ પરમાર અને બાબુભાઈ અંધારિયાએ આ કેન્દ્રમાં પોતાની સેવાઓ આપી હતી.

૭.પ્રકાશનમંદિર અને મુદ્રણાલયઃ શૈક્ષણિક પ્રયોગોના અહેવાલો અને બાળસાહિત્ય પ્રગટ કરવા માટે શેઠ શાંતિલાલ મંગળદાસના આર્થિક સહયોગથી મુદ્રણાલય સ્થાપવામાં આવ્યું. અહીંથી શરૂ થયેલું 'ઘરશાળા' માસિક આજે પણ શૈક્ષણિક જગતને પ્રેરણાદાયી વાચન પૂરું પાડે છે.

૮. આનુષંગિક પ્રવૃત્તિઓઃ સંસ્થા અંતર્ગત માનસ ચિકિત્સાલય, માતૃ-પિતૃ સંઘ, નાગરિક સમાજ (ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ), સહકારી હાટ અને બાલ્કન-જી-બારી જેવી પ્રવૃત્તિઓ ધમધમતી હતી. અમદાવાદનું 'સરસ્વતી વિદ્યાલય' અને ભુજનું 'સરસ્વતી સદન' તેની ભગિની સંસ્થાઓ તરીકે વિકસ્યાં.બીજા વિશ્વયુદ્ધના કપરા સમય અને ભારે આર્થિક સંકડામણ વચ્ચે પણ ઘરશાળાએ પોતાની અડગતા ગુમાવી નહી. ધનાઢ્યોએ ધન આપ્યું, મિત્રોએ હૂંફ આપી અને વાલીઓએ અતૂટ વિશ્વાસ મૂક્યો. હરભાઈની સૌજન્યશીલ દૃષ્ટિ, શૈક્ષણિક સ્વાતંત્ર્ય અને ડૉ. રઘુભાઈ નાયકની કાર્યસાધનાના પ્રતાપે ઘરશાળા સાચા અર્થમાં આધુનિક યુગની નાલંદા અને તક્ષશીલા બની રહી. ગુજરાતના શિક્ષણના ઈતિહાસમાં ઘરશાળાનો આ પ્રયોગ પ્રગતિશીલ અને નૂતન સંસ્કારિતાની મશાલ સમાન સદા સ્મરણીય રહેશે.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** શનિ બારમા ભાવમાં હોવાથી આ સપ્તાહે સ્વાસ્થ્ય પ્રભાવિત થઈ શકે છે. આ સપ્તાહે તમે પોતાને બીમાર અનુભવી શકો છો. કારણ કે છેલ્લા કેટલાક અઠવાડિયાથી કાર્યક્ષેત્ર પર વધતું કામનું દબાણ અને બોજારૂપ કામકાજ તમને થકવી દેશે, જેનાથી તમને હવે મુશ્કેલી થશે. ચંદ્ર રાશિ અનુસાર બૃહસ્પતિ ચોથા ભાવમાં સ્થિત હોવાથી આ રાશિના જાતકો માટે આર્થિક દૃષ્ટિએ આ સપ્તાહ ખૂબ સારું જવાની આશા છે. કારણ કે, ગ્રહોની દશા અને દિશા આ સમયે તમારા માટે ખૂબ અનુકૂળ સ્થિતિમાં દેખાઈ રહી છે. એવામાં તમે પ્રોપર્ટી કે જમીન સંબંધિત કોઈ કોર્ટ-કચેરીના મામલામાં પણ સફળતા મેળવી શકો છો. આ સપ્તાહે તમે તમારા પારિવારિક જીવનમાં ચાલી રહેલ દરેક કલહ દૂર કરી, ખરાબ પારિવારિક આર્થિક સ્થિતિને સુધારવામાં સફળ રહેશો. જેનાથી તમારા માતા-પિતાને તમારા પર ગર્વ થશે, સાથે જ તેઓ તમારી સમજદારી જોઈ તમારા પર પોતાનો પ્રેમ વરસાવતા દેખાશે. કાર્યક્ષેત્રે આશંકા છે કે સહકર્મીઓ તરફથી તમને કોઈ પ્રકારની છેતરપિંડી મળે, જેનાથી તમારી કરિયર પર પણ બ્રેક લાગતી દેખાશે. એવામાં તમને શરૂઆતથી જ આ સપ્તાહે જૂઠા અને કપટી લોકોની સંગતથી દૂર રહેવાની સલાહ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓ માટે આ સપ્તાહ સામાન્ય જ રહેવાનું છે.

**વૃષભ - (બ, વ, ઉ)** શનિ અગિયારમા ભાવમાં હોવાથી આ સપ્તાહે સ્વાસ્થ્ય ખૂબ સારું રહેશે. આ દરમિયાન સ્વાસ્થ્ય પ્રત્યેની તમારી લગન, તમને ઘણા રોગોથી મુક્તિ અપાવવામાં કારગર સાબિત થશે. એવામાં યોગ અને વ્યાયામમાં કમી ન આવવા દો અને જેટલું શક્ય હોય, લીલાં પાંદડાંવાળાં શાકભાજીનું સેવન કરો. આ વાત તમે પણ સારી રીતે સમજો છો કે, જો તમને આ સમયે ધનલાભ થઈ રહ્યો છે તો, જરૂરી નથી કે આવી સ્થિતિ આવતીકાલે પણ યથાવત રહે. એવામાં બહેતર એ જ રહેશે કે ભવિષ્યના દરેક આર્થિક પડકારો માટે પહેલેથી જ તૈયારી કરતાં, તમારે માત્ર સમજદારીપૂર્વક કરેલું રોકાણ જ કરવું જોઈએ. તેથી તમારી મહેનતની કમાણી, વિચારી-સમજીને જ કોઈ પણ યોજનામાં લગાવો. આ સપ્તાહે તમારા માતા-પિતા તમારા કોઈ કાર્યના કારણે તમારા પર ગર્વ અનુભવશે. તેનાથી પારિવારિક વાતાવરણમાં પણ શાંતિ આવશે અને તમને ઘરે તે સન્માન મળી શકશે, જેની તમે લાંબા સમયથી ઇચ્છા રાખતા હતા. ચંદ્ર રાશિ અનુસાર બૃહસ્પતિ ત્રીજા ભાવમાં સ્થિત હોવાથી જો તમે કોઈ અધિકારી કે રોકાણકાર સાથે મુલાકાત કરવા માટે પહેલેથી પ્રયાસ કરી રહ્યા હતા તો, આ સપ્તાહે અચાનક કોઈ નજીકના કે મિત્રની મદદથી તેમની સાથેની તમારી મુલાકાત શક્ય છે. તેથી પોતાને માટે પહેલેથી જ તૈયાર કરતાં, તમારા જ્ઞાનમાં વધારો કરો. અન્યથા તેમના પ્રશ્નો તમારું મોઢું બંધ કરતાં, તેમની સામે જ તમને મૂર્ખ સાબિત કરી શકે છે.

**મિથુન - (ક, છ, ઘ) :-** રાહુ નવમા ભાવમાં હોવાથી આ સપ્તાહે વાહન સાવધાનીપૂર્વક ચલાવો, અકસ્માતનો યોગ છે. આ સપ્તાહે ખાસ ધ્યાનથી વાહન ચલાવો. ખાસ કરીને તીવ્ર વળાંકો અને ચોકડીઓ પર, તમારી આંખ અને કાન ખુલ્લા રાખો, અન્યથા તમે કોઈ અકસ્માતનો ભોગ બની શકો છો. આ સપ્તાહે ઘણા લોકોના જીવનમાં કંઈક એવું ઘટિત થઈ શકે છે, જેના કારણે તમે દિલ ખોલીને પૈસાનો ખર્ચ કરતાં, બીજાઓને પાર્ટી આપવા સુધીનો પ્લાન કરી શકો છો. જોકે આ દરમિયાન કંઈ પણ ઉતાવળમાં કરવાથી બચો, અન્યથા તમને પાછળથી લાગશે કે તમે જરૂરિયાત કરતાં વધુ ધનનો બગાડ કરી દીધો છે. ચંદ્ર રાશિ અનુસાર કેતુ ત્રીજા ભાવમાં સ્થિત હોવાથી આ સપ્તાહે તમે એ જાણીને ખૂબ ઉદાસ થશો કે ઘરના જે સદસ્ય પર તમે હંમેશા વિશ્વાસ કરતાં તમારું દરેક રહસ્ય શેર કર્યું, વાસ્તવમાં તે એટલા વિશ્વાસપાત્ર નથી. સાથે જ આ વાત તમારા મનમાં, તમારું રહસ્ય બહાર આવવાનો ડર પણ ઉત્પન્ન કરતી રહેશે. જેનાથી તમે ઘણા અંશે પરિવાર વચ્ચે અસહજ અનુભવશો. જો આ સપ્તાહે તમને કાર્યક્ષેત્ર સંબંધિત કોઈ યાત્રા પર વિદેશ જવાનો અવસર મળે તો, આ સપ્તાહે તેને લઈને તમારા પરિવાર સાથે વાત કરીને જ કોઈ પણ પ્રકારના નિર્ણય પર પહોંચો.

**કર્ક - (ડ, હ) :-** આપણું સ્વાસ્થ્ય જ જીવનની સાચી મૂડી છે, આ વાતને તમે આ સપ્તાહે તમારા જીવનમાં અપનાવતા, તેના પર અમલ કરશો. જેના કારણે તમે ઘરની સાથે-સાથે તમારા કાર્યસ્થળ પર પણ બહેતર સ્વાસ્થ્યની પ્રાપ્તિ માટે, દરેક માનસિક તણાવને બાજુ પર મૂકતા, લોકો સાથે ખુલીને હાસ્ય-મજાક કરશો. ચંદ્ર રાશિ અનુસાર બૃહસ્પતિ પ્રથમ ભાવમાં સ્થિત હોવાથી આ સપ્તાહે તમારા દ્વારા ધનની બચતને લઈને જે પણ પ્રયાસ કરવામાં આવશે, તેમાં તમને સફળતા જ પ્રાપ્ત થશે. તેનાથી તમે થોડા બેચેન થઈ શકો છો, પરંતુ તમારે એ સમજવાની પણ જરૂર છે કે વિપરીત પરિસ્થિતિઓ હંમેશા માટે હોતી નથી. પારિવારિક જીવનમાં આ રાશિના લોકોને, આ સપ્તાહે ખૂબ સારા ફળ મળવાની આશા છે. કારણ કે સંભાવના છે કે ઘર-પરિવારમાં કોઈ નવા કે નાના મહેમાનનું આગમન થશે, જેનાથી પારિવારિક વાતાવરણમાં ખુશહાલી આવશે. આ દરમિયાન ઘરના લોકોમાં ભાઈચારો અને પરસ્પર પ્રેમ પણ સ્પષ્ટ દેખાશે. ચંદ્ર રાશિ અનુસાર રાહુ આઠમા ભાવમાં સ્થિત હોવાથી આ સપ્તાહે સંભવ છે કે તમે ઉતાવળમાં આવીને, એમ સમજવાની ભૂલ કરી બેસો કે તમારું કાર્ય પૂર્ણ થઈ ગયું છે.

**સિંહ - (મ, ટ) :-** આ રાશિના જે જાતકો ૫૦ વર્ષની ઉંમર પાર કરી ચૂક્યા છે, તેમને નર્વસ સિસ્ટમ અને પાચન સંબંધિત તેમની પૂર્વની તકલીફોમાંથી આ દરમિયાન કેટલાક સમય માટે છુટકારો મળી શકશે. કારણ કે તેમના દ્વારા સારી દિનચર્યા અપનાવવી, તેમને આ મુશ્કેલીઓમાંથી પાર પાડવામાં મદદગાર સાબિત થશે. ચંદ્ર રાશિ અનુસાર શનિ આઠમા ભાવમાં સ્થિત હોવાથી જે લોકોએ ક્યાંય રોકાણ કર્યું હતું, તેમને આ સપ્તાહે આર્થિક નુકસાન થવાની સંભાવના સૌથી વધુ રહેવાની છે. તેથી વધુ જોખમ ભરેલા નિર્ણયો લેવાથી બચો અને વડીલો સાથે વાત કરતાં, તેમનો અનુભવ અપનાવો. આ સપ્તાહે તમને ઘરના નાના સદસ્યો સાથે તમારા સંબંધ સુધારવામાં મદદ મળશે. જેના કારણે તમે તમારું મોટપ્પણ બતાવતા, તમારા પરિવારને સાથે લઈને ચાલવાનો પ્રયાસ કરશો. તેના માટે તમે સમગ્ર પરિવાર સાથે કોઈ યાત્રા કે ક્યાંય પિકનિક પર, જવાનો પ્લાન પણ બનાવી શકો છો. ચંદ્ર રાશિ અનુસાર રાહુ સાતમા ભાવમાં સ્થિત હોવાથી કાર્યક્ષેત્ર અને અંગત જીવનને અલગ-અલગ રાખીને ચાલવું જ, આ સપ્તાહે તમારા માટે બહેતર રહેશે. કારણ કે સંભવ છે કે અંગત જીવનના કારણે, તમે તમારી કરિયરને લઈને થોડા બેદરકાર થઈ જાઓ,

**કન્યા - (પ, ઠ, ણ) :-** શનિ સાતમા ભાવમાં હોવાથી આ સપ્તાહે સ્વાસ્થ્ય પ્રત્યે વધુ સતર્ક રહેવાની જરૂર છે. આ સપ્તાહે તમારે સારા સ્વાસ્થ્ય પ્રત્યે, પહેલાંથી વધુ સતર્કતા રાખવાની જરૂર રહેશે. તેના માટે તમે બહારના તળેલા-શેકેલા ખોરાકને બદલે, ઘરના બનેલા સ્વચ્છ ભોજનનો જ ઉપયોગ કરો. સાથે જ સવાર-સાંજ ઘરથી દૂર સુધી, પગપાળા ફરો અને તાજી હવાનો આનંદ માણો. કારણ કે એમ કરીને જ તમે, પોતાને સ્વસ્થ રાખવામાં સફળ થશો. તે જાતકો જે પોતાના ઘરથી દૂર રહીને નોકરી કે અભ્યાસ કરી રહ્યા છે, તેમને આ સપ્તાહે કોઈ કારણસર પોતાના ધનનો ખર્ચ કરવો પડી શકે છે. કારણ કે સંભવ છે કે તમે અચાનક તમારા મિત્રોના કહેવા પર કોઈ પ્રકારની પાર્ટી કરવા કે યાત્રા પર જવાનો પ્લાન કરો. આ સપ્તાહે તમારી સામે એવી ઘણી પરિસ્થિતિઓ ઉત્પન્ન થશે, જ્યારે તમારો પરિવાર અને તમારા મિત્રો એક સ્તંભની જેમ તમારી સાથે ઊભા દેખાશે. કારણ કે આ સમય તમને જરૂરિયાતના સમયે, મિત્રો અને પરિવારનો સહયોગ આપવાનું કાર્ય કરશે. ચંદ્ર રાશિ અનુસાર રાહુ છઠ્ઠા ભાવમાં સ્થિત હોવાથીલઆ સપ્તાહે કાર્યક્ષેત્રે, તમે તમારા કામમાં પ્રગતિ જોશો. જેના કારણે તમારી કુશળતા જોઈ, બીજા સહકર્મીઓ પણ તમારી પ્રશંસા કરતાં, તમારી પાસેથી સલાહ લેતા નજરે પડશે.

**તુલા - (ર, ત) :-** રાહુ પાંચમા ભાવમાં હોવાથી આ સપ્તાહે નાની-મોટી સ્વાસ્થ્ય સમસ્યાઓ થઈ શકે છે. પરંતુ કોઈ મોટી બીમારી આ દરમિયાન દેખાતી નથી, તેથી તમે ઘણા ભાગ્યશાળી રહેશો. તેમ છતાં તમારે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે કોઈ પણ પ્રકારની બેદરકારી ન રાખવી જોઈએ અને સમય-સમય પર યોગાભ્યાસ, ધ્યાન અને કસરત કરતા રહેવું જોઈએ જેથી તમે પોતાને ચુસ્ત-દુરુસ્ત અને ફિટ રાખી શકો. ચંદ્ર રાશિ અનુસાર શનિ છઠ્ઠા ભાવમાં સ્થિત હોવાથી આ સપ્તાહની શરૂઆતમાં જ, તમારા જીવનમાં આવી રહેલી દરેક પ્રકારની આર્થિક મુશ્કેલી દૂર થશે અને તેમાં આવેલા સુધારાના કારણે, સપ્તાહના મધ્યમાં તમારા માટે અનેક જરૂરી વસ્તુઓ ખરીદવી સહેલી રહેશે. જેનાથી તમે તમારી સુખ-સગવડોમાં વૃદ્ધિ કરતા નજરે પડશો. તમારી અસ્વચ્છ જીવનશૈલી, ઘરના લોકોને આ સપ્તાહે અણગમતી લાગી શકે છે. આ કારણે પારિવારિક વાતાવરણમાં તણાવ પેદા થશે. તેથી તમારા માટે બહેતર એ રહેશે કે તમારી આ આદતમાં જરૂરી ફેરફાર લાવો, અને તમારી શારીરિક સાફ-સફાઈનું ધ્યાન રાખો. આ સપ્તાહે તમારે એ સમજવાની ખૂબ જરૂર છે કે જો તમે તમારી મહેનતનું પૂરું ફળ મેળવવા માગો છો તો, તમારા મનને સકારાત્મક રાખવાનો પ્રયાસ કરો.

**વૃશ્ચિક - (ન, ય) :-** ગમિત્રો અને પરિવારના સદસ્યોને તમારી જિંદગી ભલે ઉત્તમ દેખાય, પરંતુ આ સપ્તાહે તાજેતરમાં બનેલી કોઈ ઘટનાના કારણે તમે અંદર-ને-અંદર ખિન્ન અને ઉદાસ રહેશો. ચંદ્ર રાશિ અનુસાર બૃહસ્પતિ નવમા ભાવમાં સ્થિત હોવાથી આ સપ્તાહની શરૂઆતમાં જ, તમારા જીવનમાં આવી રહેલી દરેક પ્રકારની આર્થિક મુશ્કેલી દૂર થશે અને તેમાં આવેલા સુધારાના કારણે, ચંદ્ર રાશિ અનુસાર શનિ પાંચમા ભાવમાં સ્થિત હોવાથી સપ્તાહના મધ્યમાં તમારા માટે ઘણી જરૂરી વસ્તુઓ ખરીદવી સહેલી રહેશે. જેનાથી તમે તમારી સુખ-સગવડોમાં વૃદ્ધિ કરતા નજરે પડશો. આ સપ્તાહે તમે તમારા કોઈ જૂના મિત્ર, સાથી કે પ્રેમીને કોઈ બીજા સાથે જોઈને થોડા ઉદાસ થઈ શકો છો. આ કારણે તમે પરિવાર સાથે સમય વિતાવવાથી પણ બચતા, એકલા રહેવાનું વધુ પસંદ કરશો. વેપારીઓને આ સમગ્ર સપ્તાહે, અનેક પડકારોનો સામનો કરવો પડી શકે છે. જોકે આ દરમિયાન તમે આ પડકારોમાંથી, આવનારા ભવિષ્ય વિશે ઘણું બધું શીખી પણ શકશો.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** ગુરુ આઠમા ભાવમાં હોવાથી માનસિક અને શારીરિક મુશ્કેલીનું કારણ છુપાયેલું દુઃખ હોઈ શકે છે. આ સપ્તાહે તમને એ વાતનો અહેસાસ થશે કે તમે જે શારીરિક અને માનસિક બીમારીથી લાંબા સમયથી પરેશાન હતા, તેનું ખરું મૂળ તમારું દુઃખ હોઈ શકે છે. એવામાં તેનાથી બચવા માટે, પોતાને ખુશ રાખવાનો પ્રયાસ કરો. જે લોકોએ ક્યાંય રોકાણ કર્યું હતું, તેમને આ સપ્તાહે આર્થિક નુકસાન થવાની સંભાવના સૌથી વધુ રહેવાની છે. તેથી વધુ જોખમ ભરેલા નિર્ણયો લેવાથી બચો અને વડીલો સાથે વાત કરતાં, તેમનો અનુભવ અપનાવો. આ સપ્તાહે ઘરમાં કોઈ નાના મહેમાનના આગમનની ખુશખબરી, પરિવારમાં શાંતિનું વાતાવરણ સુનિશ્ચિત કરશે. તેનાથી પરિવારના સદસ્યોમાં પણ ભાઈચારાની વૃદ્ધિ થશે, તેથી સપ્તાહના અંતે ઘરના લોકો સાથે આ ખુશીને માણતા, કોઈ પિકનિક પર જવાનો પ્લાન કરો. આ રાશિના સ્વ-નિયોજિત વ્યવસાયીઓ, આ સપ્તાહે વધુ સફળતા હાંસલ કરશે. જેનાથી તેમને સમાજની સાથે-સાથે ઘર-પરિવારમાં પણ યોગ્ય માન-સન્માન મળશે અને તેનાથી તેમને પોતાને વધુ સારા પ્રદર્શન માટે, પ્રોત્સાહિત કરવામાં મદદ મળશે. આ સપ્તાહે તમારી રાશિના મોટાભાગના વિદ્યાર્થીઓને, ઓછી મહેનત બાદ પણ સારા ગુણોની ભેટ મળી શકશે.

**મકર - (ખ, જ) :-** શનિ પાંચમા ભાવમાં હોવાથી આ સપ્તાહે સ્વાસ્થ્ય સામાન્ય કરતાં બહેતર રહેશે. સ્વાસ્થ્ય રાશિફળ અનુસાર, આ સપ્તાહ પણ સ્વાસ્થ્યના દૃષ્ટિકોણથી થોડું બહેતર જ રહેવાનું છે. જોકે આ દરમિયાન તમારે કેટલીક બાબતો પર ખાસ ધ્યાન આપવાનું રહેશે, જેમ કેઃ સમય મળતા પાર્કમાં કસરત કે યોગ કરો અને રોજ નિયમિતરૂપે સવાર-સાંજ આશરે 30 મિનિટ સુધી ચાલો. આ સપ્તાહે તમારી લગન અને મહેનત પર લોકો ધ્યાન આપશે અને તેના કારણે જ તમને, કેટલાક નાણાકીય લાભ મળવાની સંભાવના બનશે. જોકે આ દરમિયાન સંભાવના વધુ છે કે, તમારા જીવનસાથી તમને આર્થિક મદદ આપતા, કોઈ મુશ્કેલીમાંથી નીકળવામાં તમારી મદદ કરશે. આ સપ્તાહે ઘરે કોઈ સદસ્યનું સ્થાન પરિવર્તન શક્ય છે, અથવા એવી સંભાવના બનતી દેખાઈ રહી છે કે તમે તમારા વર્તમાન નિવાસસ્થાનથી ક્યાંય દૂર રહેવા જવાનો પ્લાન કરો. આ સપ્તાહે તમે તમારા વ્યસ્ત જીવનમાંથી થોડો સમય તમારા પરિવાર માટે કાઢતા, તેમની સાથે સમય વિતાવતા અને પરિવાર સંબંધિત કોઈ નિર્ણય પર સાથે બેસીને વિચાર-વિમર્શ કરતા દેખાશો. ચંદ્ર રાશિ અનુસાર બૃહસ્પતિ સાતમા ભાવમાં સ્થિત હોવાથી જો તમને કાર્યક્ષેત્ર પર પૂર્વના કોઈ કાર્યને પૂર્ણ કરવામાં કોઈ અડચણ આવી રહી હતી તો, આ સપ્તાહે તમે તેને તમારી સમજથી ખૂબ સહેલાઈથી દૂર કરતા, સફળતાપૂર્વક પૂર્ણ કરી શકશો.

**કુંભ - (ગ, શ, ષ, સ) :-** રાહુ પ્રથમ ભાવમાં હોવાથી આ સપ્તાહે સ્વાસ્થ્ય માટે નિયમિત વ્યાયામ જરૂરી છે. આ સપ્તાહે તમારે બહેતર સ્વાસ્થ્ય પ્રાપ્તિ માટે, તમારી સવારની શરૂઆત કસરતથી કરવી પડશે. કારણ કે આ વાતને તમારે પણ સમજવી પડશે કે આ જ સમય છે જ્યારે તમે પોતાના વિશે સારું અનુભવવાની શરૂઆત કરી શકો છો. એવામાં આ બદલાવને રોજ તમારી દિનચર્યામાં સામેલ કરો, અને તેને નિયમિત રાખવાનો પ્રયત્ન કરો. ચંદ્ર રાશિ અનુસાર શનિ બીજા ભાવમાં સ્થિત હોવાથી આ સપ્તાહે વિત્તના સંદર્ભમાં, ગતિ જાળવી રાખવા માટે તમને ઓછી મહેનત બાદ પણ સારો નફો પ્રાપ્ત થઈ શકશે. કારણ કે આ દરમિયાન ગ્રહોની સ્થિતિ બતાવે છે કે તમારા અણધાર્યા ખર્ચ ખૂબ ઓછા થશે, જેનાથી તમે તમારું ધન ઘણા અંશે સંચય કરવામાં સફળ થશો. આ સપ્તાહે તમે કોઈ નવા વાહન કે ઘરની ખરીદી માટે, ઘરના વડીલો સાથે વાતચીત કરી શકો છો. જે દરમિયાન તમને માત્ર તેમનો સહયોગ જ નહીં મળે, પરંતુ જો તમને કેટલીક આર્થિક મદદની જરૂર હતી તો, તેમાં પણ તેઓ તમારો સહયોગ કરતા, તમારી મદદ કરશે. જો તમે કરિયરમાં બહેતર કરવા માગો છો તો, તમારે આ સપ્તાહે તમારા કામમાં આધુનિકતા અને નવાપણું લાવવાનો પ્રયત્ન કરવો પડશે. આની સાથે જ તમને સલાહ આપવામાં આવે છે કે નવી ટેક્નોલોજી અને સોશિયલ મીડિયાથી અપડેટેડ રહીને જ, કોઈ પણ કાર્ય કરવું તમારા માટે બહેતર રહેશે.

**મીન - (દ, ચ, ઝ, થ) :-** સ્વાસ્થ્યની દૃષ્ટિએ, આ સપ્તાહ તમારા સ્વાસ્થ્ય માટે સામાન્ય કરતાં થોડું બહેતર જ રહેવાનું છે. ખાસ કરીને સપ્તાહની શરૂઆત સારી રહેશે, કારણ કે આ સમયે તમે માનસિક અને શારીરિક બંને રીતે પોતાને ખૂબ સ્વસ્થ અનુભવશો. ચંદ્ર રાશિ અનુસાર બૃહસ્પતિ પાંચમા ભાવમાં સ્થિત હોવાથી જોકે આ દરમિયાન મસ્તી અને પાર્ટી દરમિયાન, તમારે મદ્યપાનથી બચવું જોઈએ, નહીંતર સ્વાસ્થ્ય ખરાબ થઈ શકે છે. આ સપ્તાહે તમને સારો આર્થિક નફો તો થશે. પરંતુ નફાની સાથે જ તમારું મન અનેક પ્રકારના રોકાણો પ્રત્યે, આકર્ષિત પણ થઈ શકે છે. એવામાં તમને ખાસ સલાહ આપવામાં આવે છે કે કોઈ પણ પ્રકારનું રોકાણ કરતી વખતે, વિશેષ સાવધાની રાખો અને ભાગીદારીવાળા વ્યવસાયો અને ચતુરાઈભરી આર્થિક યોજનાઓમાં, હાલમાં રોકાણ કરવાથી બચો. ચંદ્ર રાશિ અનુસાર શનિ પ્રથમ ભાવમાં સ્થિત હોવાથી આ સપ્તાહે તમારું મન, ઘરમાં કેટલાક બદલાવ લાવવા માટે ઉત્સુક દેખાશે. જોકે કંઈ પણ પરિવર્તન કરવા કે ઘર સંબંધિત કોઈ પણ નિર્ણય લેતા પહેલાં, બાકીના લોકોની સલાહ સારી રીતે જાણી લો. અન્યથા તમે ઇચ્છવા છતાં, વ્યર્થની ટીકાનો શિકાર બની શકો છો. તારાઓની ગતિથી આ દરમિયાન, તમારી નેતૃત્વ અને વહીવટી ક્ષમતા, ઊભરી આવશે. જેના કારણે તમે કાર્યસ્થળે, તમારી અલગ ઓળખ અને સન્માન મેળવવામાં સફળ રહેશો.

# સોશિયલ મીડિયા : માનવજાત સાથે જોડાઈ ગયેલું એક સબળ પાસું

આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા માનવ જીવનનો એક અવિભાજ્ય અંગ બની ગયું છે. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ, એક્સ (ટ્વિટર), યુટ્યુબ અને લિંક્ડઈન જેવા પ્લેટફોર્મ્સે લોકો વચ્ચેના સંચારની રીત સંપૂર્ણપણે બદલી નાખી છે. આજે વિશ્વના કોઈપણ ખૂણે બેઠેલી વ્યક્તિ સાથે ક્ષણભરમાં સંપર્ક સાધવો શક્ય બન્યો છે. પરંતુ, આ ટેક્નોલોજીકલ ક્રાંતિએ સમાજ પર હકારાત્મક અને નકારાત્મક – બંને પ્રકારની ઊંડી અસરો છોડી છે.




## ટેકનોલોજીના યુગમાં આજે દરેક વ્યક્તિ અપ્રત્યક્ષ છતાં એકબીજા સાથે જોડાઈ ગયો છે,સોશિયલ મીડિયા પ્લેટફોર્મ તેનું વાહક બન્યું છે.ટેકનોલોજીને માલિક તરીકે નહીં,પણ સેવક તરીકે સ્વીકારશો તો તેના હકારાત્મક પરિણામો મેળવી શકશો

**[ વાત અને વિચાર ]**

સોશિયલ મીડિયાએ માહિતી મેળવવા અને વિચારો વ્યક્ત કરવા માટે એક ખુલ્લું મંચ પૂરું પાડ્યું છે.ભૌગોલિક સીમાઓ ઓળંગીને મિત્રો, પરિવાર અને સહકર્મીઓ સાથે સતત સંપર્કમાં રહેવું હવે અત્યંત સરળ બન્યું છે. સામાજિક, રાજકીય અને આર્થિક મુદ્દાઓ અંગે લોકોમાં ઝડપથી જાગરૂકતા ફેલાવવામાં સોશિયલ મીડિયા નિર્ણાયક ભૂમિકા ભજવે છે. શિક્ષણ ક્ષેત્રે પણ વિદ્યાર્થીઓ માટે ઉપયોગી માહિતી સહજ ઉપલબ્ધ થાય છે.

નાના વેપારીઓ અને સ્ટાર્ટઅપ્સ માટે ડિજિટલ માર્કેટિંગ એક વરદાન સાબિત થયું છે. સોશિયલ મીડિયા દ્વારા ઓછા ખર્ચે લક્ષિત ગ્રાહકો સુધી પહોંચી શકાય છે. સામાજિક ન્યાય, આપત્તિ વ્યવસ્થાપન અને રક્તદાન જેવી માનવતાવાદી પ્રવૃત્તિઓમાં સોશિયલ મીડિયા શક્તિશાળી સાધન બન્યું છે.

જેમ સિક્કાની બે બાજુ હોય છે, તેમ સોશિયલ મીડિયાનો અતિરેક અને ગેરઉપયોગ સમાજ માટે ગંભીર ચિંતાનો વિષય બન્યો છે.સોશિયલ મીડિયા પર દર્શાવાતી આભાસી અને 'પરફેક્ટ' જીવનશૈલીની સરખામણી કરવાથી યુવાનોમાં હતાશા, ચિંતા અને એકલતાનો અહેસાસ વધે છે. અફવાઓ અને ખોટી માહિતી ક્ષણભરમાં વાયરલ થઈ જાય છે, જેનાથી સામાજિક અશાંતિ કે કોમી તણાવ ઊભો થઈ શકે છે. ઉપરાંત, સાયબર બુલિંગ અને ડેટા ચોરી જેવા ગુનાઓ પણ વધ્યા છે.

ડિજિટલ દુનિયામાં હજારો 'ફોલોઅર્સ' કે 'ફ્રેન્ડ્સ' હોવા છતાં, લોકો વાસ્તવિક જીવનના સંબંધોથી દૂર થઈ રહ્યા છે. પરિવારમાં સાથે બેસવા છતાં લોકો પોતપોતાના ફોનમાં મગ્ન રહે છે. સોશિયલ મીડિયાનું વ્યસન ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે અભ્યાસ અને કાર્યક્ષમતા પર વિપરીત અસર કરે છે.

સૌથી વધુ અસર યુવાપેઢી પર જોવા મળે છે. સોશિયલ મીડિયા યુવાનોને પોતાની પ્રતિભા દર્શાવવા અને નવી તકો શોધવા માટે પ્લેટફોર્મ આપે છે, પરંતુ સાથે જ 'લાઈક્સ' અને 'કમેન્ટ્સ' પરથી પોતાની કિંમત કે લોકપ્રિયતા નક્કી કરવાની માનસિકતા તેમના આત્મવિશ્વાસને નુકસાન પહોંચાડે છે.

સોશિયલ મીડિયા એ માત્ર એક સાધન છે; તે વરદાન બનશે કે અભિશાપ, એ તેનો ઉપયોગ કરનાર વ્યક્તિ પર નિર્ભર કરે છે.

"ટેક્નોલોજી આપણો માલિક નહીં, પણ સેવક હોવી જોઈએ."સમાજ તરીકે આપણે સોશિયલ મીડિયાના ઉપયોગ પ્રત્યે વધુ જવાબદાર અને જાગૃત બનવું પડશે. સ્ક્રીન ટાઈમ નિયંત્રિત કરવો, ફેક ન્યૂઝ ચકાસ્યા વગર ફોરવર્ડ ન કરવા અને વાસ્તવિક જીવનના સંબંધોને પ્રાથમિકતા આપવી એ આજના સમયની મુખ્ય જરૂરિયાત છે. સોશિયલ મીડિયાનો વિવેકપૂર્ણ ઉપયોગ જ આપણને ડિજિટલ યુગમાં સામાજિક રીતે સ્વસ્થ અને સશક્ત બનાવી શકશે.

# ભારતીય લોકતંત્રમાં વિપક્ષની ભૂમિકા અને પડકારો

ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે. લોકશાહીની સફળતાનો મુખ્ય આધાર માત્ર શાસક પક્ષ (સત્તાધારી પક્ષ) પર જ નહીં, પરંતુ એક સશક્ત અને જવાબદાર વિપક્ષ (સામે પક્ષે બેસનાર દળ) પર પણ રહેલો છે. સત્તાધારી પક્ષ જો લોકશાહીનું એન્જિન છે, તો વિપક્ષ તેના પર નિયંત્રણ રાખતી બ્રેક છે. આજના ઝડપથી બદલાતા રાજકીય, સામાજિક અને આર્થિક સંદર્ભમાં વિપક્ષની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ અને સંવેદનશીલ બની ગઈ છે.

## મજબૂત લોકશાહી એ જ ગણાય જ્યાં શાસક પક્ષ પાસે નીતિઓ અમલમાં મૂકવાની શક્તિ હોય અને વિપક્ષ પાસે તે નીતિઓ પર તંદુરસ્ત ચર્ચા કરવાની સ્વતંત્રતા હોય

**[ રાજકારણ ]**

લોકશાહી માત્ર બહુમતીનું શાસન નથી, પરંતુ તેમાં અલ્પમતી અને દરેક નાગરિકના અવાજને સ્થાન મળવું જરૂરી છે.

વિરોધપક્ષે બેસનાર કોઈપણ દળ કે લોકપ્રતિનિધિની પ્રાથમિક ફરજ છે કે, શાસક પક્ષ પોતાની બહુમતીના જોરે મનસ્વી નિર્ણયો ન લે અને સત્તાનો દુરુપયોગ ન કરે તે જોવાની પ્રાથમિક જવાબદારી વિપક્ષની છે. દેશમાં વધી રહેલી મોંઘવારી, બેરોજગારી, શિક્ષણ, આરોગ્ય અને કૃષિ ક્ષેત્રાની સમસ્યાઓ જેવા મુદ્દાઓને સંસદમાં અને રસ્તા પર ઉઠાવીને વિપક્ષ જનતાનો અવાજ બની રહે છે.વિપક્ષ માત્ર વિરોધ કરવા માટે નથી હોતો, પરંતુ સરકારી નીતિઓ સામે વધુ સારા અને વાસ્તવિક વિકલ્પો રજૂ કરવાનું કામ પણ તેનો એક ભાગ છે.

વર્તમાન સમયમાં ભારતીય રાજકારણનું સ્વરૂપ ઘણું બદલાયું છે.વર્તમાન સમયમાં ભારતીય રાજકારણનું સ્વરૂપ ઘણું બદલાયું છે. આજના સંદર્ભમાં વિપક્ષી દળો કેટલાક મુખ્ય પડકારોનો સામનો કરી રહ્યા છે.ભારતમાં વિપક્ષી દળો ઘણીવાર અલગ-અલગ રાજકીય વિચારધારાઓ અને પ્રાદેશિક હિતોમાં વહેંચાયેલા જોવા મળે છે. એક મજબૂત અને એકજૂટ રાષ્ટ્રીય વિકલ્પ ઊભો કરવામાં વિપક્ષી એકતાનો અભાવ ઘણીવાર આડે આવે છે. ડિજિટલ યુગ અને સોશિયલ મીડિયાના સમયમાં વિપક્ષ માટે પોતાનો સંદેશો સામાન્ય જનતા સુધી યોગ્ય રીતે પહોંચાડવો એક મોટો પડકાર છે. ઘણીવાર વિપક્ષ પર એવો આરોપ લાગે છે કે તેઓ વિકાસ કાર્યોમાં માત્ર અડચણ ઊભી કરે છે. નીતિગત વિરોધ અને અંગત વિરોધ વચ્ચેની રેખા અસ્પષ્ટ થતી જાય છે.


આજના સમયમાં ભારત જ્યારે વૈશ્વિક સ્તરે આર્થિક અને રાજકીય રીતે મજબૂત બની રહ્યું છે, ત્યારે દેશને માત્ર વિરોધ ખાતર વિરોધ કરતા વિપક્ષની નહીં, પરંતુ એક 'રચનાત્મક વિપક્ષ'ની જરૂર છે."મજબૂત લોકશાહી એ જ ગણાય જ્યાં શાસક પક્ષ પાસે નીતિઓ અમલમાં મૂકવાની શક્તિ હોય અને વિપક્ષ પાસે તે નીતિઓ પર તંદુરસ્ત ચર્ચા કરવાની સ્વતંત્રતા




હોય."આજના વિપક્ષે દેશહિતના મુદ્દાઓ (જેવા કે રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિ) પર સરકારની સાથે ઊભા રહેવું જોઈએ અને જનહિત વિરોધી નીતિઓ સામે મક્કમતાથી વિરોધ નોંધાવવો જોઈએ. સંસદમાં સાર્થક ચર્ચા, પ્રશ્નોત્તરી કાળનો સદુપયોગ અને વિધેયકો પર યોગ્ય અભ્યાસ કરીને સુધારા સૂચવવા એ આજના સમયની માંગ છે.

લોકશાહી એક બે- પૈડાંવાળી ગાડી છે, જેમાં શાસક પક્ષ અને વિપક્ષ બંને સરખા મહત્વના છે. જો વિપક્ષ નબળો પડે તો લોકશાહીમાં એકહથ્થુ શાસન કે સરમુખત્યારશાહીનું જોખમ વધી જાય છે. તેથી, ભારતમાં લોકશાહીના મૂલ્યો અને બંધારણીય મર્યાદાઓ જળવાઈ રહે તે માટે એક જાગૃત, સક્રિય અને દેશહિતને સર્વોપરી ગણતો વિપક્ષ અત્યંત જરૂરી છે. વિપક્ષ જેટલો મજબૂત હશે, દેશની લોકશાહી પણ તેટલી જ વધુ પરિપક્વ અને જીવંત બનશે.

# મહિલાએ પોતાના પૂર્વ પ્રેમીને ઘરે બોલાવીને પતિ અને નવા પ્રેમી સાથે મળીને મોતને ઘાટ ઉતાર્યો




## ઉત્તરપ્રદેશના અલીગઢની ઘટનામાં કલ્પનાએ તેના પતિ અને વર્તમાન પ્રેમીએ ભેગા મળી અમિતની હત્યા કરી તેના મૃતદેહને કેનાલમાં ફેંકી દીધો હતો.અમિતના શરીર ઉપર ઇજાના અનેક નિશાન હોવાથી પોલીસે ઝીણવટભરી તપાસ કરી અને હત્યારાઓ સુધી પહોંચી

**[ ક્રાઈમ સ્ટોરી ]**

ઉત્તર પ્રદેશના અલીગઢ જિલ્લામાં પોલીસે એક બ્લાઈન્ડ મર્ડર કેસમાં સનસનાટીભર્યો ખુલાસો કર્યો છે. લગભગ ત્રણ મહિના પહેલા નહેરમાંથી મળેલા અજાણ્યા યુવાનના મૃતદેહનું રહસ્ય ઉકેલતા, પોલીસે હત્યા પાછળ પ્રેમ સંબંધ, કાવતરું અને વિશ્વાસઘાતની વાર્તાનો પર્દાફાશ કર્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, એક પરિણીત મહિલાએ તેના પતિ અને નવા પ્રેમી સાથે મળીને તેના ભૂતપૂર્વ પ્રેમીની ક્રૂરતાથી હત્યા કરી હતી. હત્યા બાદ, તેનો નિકાલ કરવા માટે લાશને કેનાલમાં ફેંકી દેવામાં આવી હતી. પોલીસે મહિલા અને તેના પ્રેમીની ધરપકડ કરી છે અને તેમને જેલમાં મોકલી દીધા છે, જ્યારે મહિલાનો પતિ હજુ પણ ફરાર છે.

સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ નીરજ જાડોને જણાવ્યું હતું કે ૨ મેના રોજ હરદુઆગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મચ્છુઆ નજીક એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ પર અનેક ગંભીર ઈજાઓ હતી, જેનાથી હત્યાની શંકા ઉભી થઈ હતી. પોલીસે હત્યાનો કેસ નોંધ્યો હતો અને મૃતદેહની ઓળખ માટે કેસની તપાસ શરૂ કરી હતી.

ઘણા પ્રયાસો પછી, મૃતકની ઓળખ ખૈર પોલીસ સ્ટેશનના શાહરોઈ ગામના રહેવાસી કમલ સિંહના પુત્ર અમિત તરીકે થઈ હતી. ત્યારબાદ, પોલીસે ટેકનિકલ પુરાવા અને પૂછપરછના આધારે મામલાના તળિયે પહોંચવા માટે તપાસ તેજ કરી હતી.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે જાવા પોલીસ સ્ટેશન વિસ્તારના રામપુર ગામની રહેવાસી કલ્પના છેલ્લા પાંચ વર્ષથી અમિત સાથે પ્રેમ સંબંધમાં હતી. આ સમય દરમિયાન કલ્પનાએ બુલંદશહરના મહારાજપુરના રહેવાસી લોકેશ સાથે મિત્રતા કરી અને બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો.પોલીસના જણાવ્યા અનુસાર, મહિલા તેના ભૂતપૂર્વ પ્રેમી અમિતને ખતમ કરવા માંગતી હતી. આ માટે તેણે તેના પતિ સંજુ અને તેના નવા પ્રેમી લોકેશ સાથે કાવતરું રચ્યું.

પોલીસના જણાવ્યા અનુસાર, ૩૦ એપ્રિલની રાત્રે કલ્પનાએ અમિતને તેના ઘરે બોલાવ્યો. તેનો પતિ સંજુ અને નવો પ્રેમી લોકેશ પહેલાથી જ ત્યાં હાજર હતા. ત્રણેયે સાથે મળીને અમિત પર હુમલો કર્યો.આરોપ છે કે અમિતને વારંવાર પાઈપ અને લોખંડના સળિયાથી માર મારીને ક્રૂરતાથી હત્યા કરવામાં આવી હતી. હત્યા બાદ, ત્રણેય આરોપીઓ મૃતદેહને કાસિમપુર નહેર પાસે લઈ ગયા અને ત્યાં ફેંકી દીધો, જેથી તેની ઓળખ ન થાય અને કેસ અકસ્માત કે અજાણ્યા હત્યાનો લાગે.

તપાસ દરમિયાન, પોલીસે મહિલા, કલ્પના અને તેના પ્રેમી, લોકેશની ધરપકડ કરી. તેમની માહિતીના આધારે, હત્યામાં વપરાયેલ બ્લોપાઈપ, લોખંડનું બ્રેસલેટ અને પ્લેટિના મોટરસાઈકલ પણ જપ્ત કરવામાં આવ્યું હતું. જાકે, મહિલાનો પતિ સંજુ હજુ પણ ફરાર છે. પોલીસ તેની ધરપકડ માટે પ્રયાસો ચાલુ રાખી રહી છે.

એસએસપી નીરજ જાદોને જણાવ્યું હતું કે આ હત્યા કેસને સફળતાપૂર્વક ઉકેલનાર જવાન પોલીસ ટીમને ૨૫,૦૦૦ રૂપિયાનું રોકડ ઈનામ જાહેર કરવામાં આવ્યું છે. પોલીસનું કહેવું છે કે ફરાર આરોપીને પકડવા માટે શોધ ચાલી રહી છે અને તેને ટૂંક સમયમાં જ પકડી લેવામાં આવશે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | ઔ | ન | શિ | અ: | મા | ઉ | ખ | કા | હા | સા | ધ |
| ઔ | લ | ક્ષ | મા | રી | ધ | ક | ક્ષ | ફ | ર | કી | ફ |
| ઔ | ક | સ | મ | દ | વિ | ઊ | ર | મા | બં | પ્રા | લ |
| પ્રા | ગં | લા | બા | ઈ | જ્ઞા | ગ | દ | ણ | ધ | કી | ઊ |
| લી | ભ | ઓ | ક | ર | ન | અ | ઓ | બ | ળ | વિ | જ્ઞા |
| કા | રો | લ | લ | ર | સા | સા | ત | કુ | લ | આ | હા |
| ધ | ઈ | ક | અ: | ર | બ | ખ | બૂ | કા | મો | ર | લા |
| ભા | દા | વિ | ણ | તી | ભો | મો | વિ | ર | ભો | બ | ક |
| ગી | ગ | કા | વિ | એ | મ | ક | આ | લ | પ્ર | બિ | સ |
| કા | ર | ળ | ચા | ન | ભો | ઐ | બ | જ | રી | ર | બ |
| ર | ડો | ળ | ર | ર | બ | ણે | ડો | ક્ષ | વા | જ | મા |
| રી | દ | કા | ણા | એ | ભો | બા | સ | ળો | શિ | ક્ષ | ણ |

**શબ્દ શોધો:** મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# ભગવાન શિવનો સ્મશાનમાં વાસ અને પૂજનનું ફળ

## બ્રહ્મા, વિષ્ણુ, ઇન્દ્રાદિક દેવતાઓ સુંદર વસ્ત્ર અને આભુષણો ધારણ કરીને રહ્યા છે,જ્યારે ભગવાન શિવ ગળામાં નાગ,શરીરે ભસ્મ ધારણ કરે છે.આ પૃથ્વી પરના તેમના અગણિત સ્થાનો છે, આમ છતાં ભગવાન શિવ હમેંશા સ્મશાનમાં નિવાસ કરે છે


**[ ધર્મ દર્શન ]**

ભગવાન શિવ અનેક નામથી પ્રસિદ્ધ છે,રૌદ્ર હોવા છતાં સૌમ્ય સ્વરૂપ ધારણ કરીને રહે છે.આ જગતના સંહારક દેવ હોવા છતાં જીવમાત્રના કલ્યાણ માટે પ્રવૃત્ત છે.આ સકળ જગતના રચયિતા અને સર્વ સ્વરૂપ હોવા છતાં ભગવાન શિવ સદાય સ્મશાનમાં નિવાસ કરે છે.બ્રહ્મા,વિષ્ણુ,ઈન્દ્રાદિક દેવતાઓ સુંદર વસ્ત્ર અને આભુષણો ધારણ કરીને રહ્યા છે,જ્યારે ભગવાન શિવ ગળામાં નાગ,શરીરે ભસ્મ ધારણ કરે છે.આ પૃથ્વી પરના તેમના અગણિત સ્થાનો છે, આમ છતાં ભગવાન શિવ હમેંશા સ્મશાનમાં નિવાસ કરે છે.

ભગવાન શિવ પોતાના દિવ્ય સ્થાનો છોડીને શા માટે સ્મશાનમાં નિવાસ કરે છે ? એ વિષયમાં એક વખત માતા પાર્વતીજીએ ભગવાન શંકરને પ્રશ્ન કર્યો હતો.પ્રશ્ન ઉત્તરમાં ભગવાન શિવે પોતાના સ્મશાનમાં નિવાસ કરવાનું રહસ્ય જણાવ્યું હતું.ભગવાન શિવ માતા પાર્વતીજીને કહે છે કે,' હે દેવી,પુરુષનું જે કાંઈ કર્મ કહેલું છે તે કોમળ અથવા કઠોર હોય તો પણ અવશ્ય કરવા યોગ્ય છે.પ્રજાપતિની આજ્ઞા અનુસાર જ સર્વ પ્રાણીઓ રહે છે.આમ બ્રહ્માની આજ્ઞા કરેલા કર્મથી હું જોડાયેલો છું.પ્રજાના સંહારને કરનાર એવો હું સંવત્સર કાળરૂપ છું અને મારી સાથે જોડાયેલા તમે કાળરાત્રીરૂપ છો.વિધાતાએ અર્પણ કરેલું મારુ આ કર્મ યોગ્ય છે અને નીતિથી અને આચરણથી મેં ધારણ કરેલું છે.આ હેતુથી મારા માટે સ્મશાન પવિત્ર,સુંદર,સિદ્ધક્ષેત્રરૂપ અને ઈષ્ટ છે.આ કારણોસર હું સદા સ્મશાનમાં નિવાસ કરું છું.શાસ્ત્ર, તીર્થ અને શ્રુતિના વિષયમાં જે ફળ કહેવામાં આવ્યું છે તે તમામ ફળ વિભૂતિની સ્નાનચર્યાથી મળે છે'.

ભગવાન શિવની પૂજા કરવાથી માનવી ઉત્તમોત્તમ ફળ મેળવે છે.ભગવાન શિવની જે ભક્ત ભાવથી સેવા કરે છે તે ભક્તને ભગવાન શિવ ભવસાગરમાંથી તારે છે.ભગવાન શિવને જે ભક્ત જળાભિષેક કરે છે તે અગ્નિષ્ટોમ,સુગંધી તેલથી અભિષેક કરે તે અતિરાત્ર, મધથી સ્નાન કરાવે તે વાજપેય યજ્ઞનું ફળ મેળવે છે.પ્રતિમાનું પૂજન કરે છે તે ભક્ત અશ્વમેઘ યજ્ઞનું ફળ મેળવે છે.

જે ભક્ત આખા બ્રહ્માંડને લિંગાત્મક જાણી લિંગને વિશે ભગવાન શિવનું અર્ચન કરે છે તે ભક્ત ભગવાન શિવને અતિશય પ્રિય છે.જે મનુષ્ય ચૌદશના દિવસે ભગવાન શિવના લિંગનું ઘી,દૂધ,દહીં,તેલ,ગોક્ષીર અને



જળથી સ્નાન કરાવે છે તે વ્યક્તિ ઉત્તમ ફળ મેળવે છે.

ભગવાન શિવના નામનો ઉચ્ચાર કરનાર મનુષ્ય ભગવાન શિવની કૃપા મેળવે છે,તો નિત્ય પૂજન કરનાર ભક્ત સર્વથી ઉત્તમ ફળ મેળવે તેમાં કોઈ શંકા નથી.ભગવાન શિવ આ જગતના કલ્યાણકારી દેવ છે,આથી આત્માના કલ્યાણ માટે ભગવાન શિવની ભક્તિ અને ઉપાસના માટે હંમેશા મન લગાડવું જોઈએ.

# રાજકોટ સ્વામિનારાયણ ગુરૂકુલ ખાતે ૧૧-૧૨ના વિદ્યાર્થીઓ માટે કંપની સેક્રેટરી કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો



રાજકોટ,
આજના સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થીઓ પોતાની રુચિ અને ક્ષમતા અનુસાર યોગ્ય કારકિર્દીની પસંદગી કરી શકે તે હેતુથી શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય, (ઢેબર રોડ) ખાતે ધોરણ ૧૧ અને ૧૨ કોમર્સના વિદ્યાર્થીઓ માટે 'કંપની સેક્રેટરી ક્ષેત્રે કારકિર્દીની તકો' વિષય પર વિશેષ માર્ગદર્શન સેમિનારમાં મુખ્ય વક્તાઓ અને નિષ્ણાંત તરીકે શ્રી રાજકુમાર રાઈ, શ્રી વિવેક મોલીયા અને શ્રી રાહુલભાઈ ખોખરે વિદ્યાર્થીઓને કંપની સેક્રેટરી કોર્સ, તેની શૈક્ષણિક પ્રક્રિયા અને કોર્પોરેટ ક્ષેત્રમાં ઉપલબ્ધ કારકિર્દીની વિવિધ તકો અંગે વિસ્ત માર્ગદર્શન આપ્યું હતું. તેમ અખબારી યાદીમાં જણાવાયું છે.

નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, કંપની સેક્રેટરીનું પદ કોર્પોરેટ ક્ષેત્રમાં અત્યંયત મહત્ત્વપૂર્ણ અને જવાબદારીપૂર્ણ ગણાય છે. કંપનીના કાયદાકીય પાલન, કોર્પોરેટ ગવર્નન્સ, બોર્ડ મીટિંગ, નાણાકીય નિયમન અને સંચાલન સંબંધિત વિવિધ જવાબદારીઓમાં કંપની સેક્રેટરીની અગત્યની ભૂમિકા હોય છે. સેમિનાર દરમિયાન ઈન્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા લેવાતી સીએસઈઈટી પરીક્ષા, પ્રવેશ પ્રક્રિયા અને કોર્સના માળખા વિશે સરળ ભાષામાં સમજ આપવામાં આવી હતી. કંપની સેક્રેટરી બનવા માટેના સીએસઈઈટી, એકઝીકયુટીવ અને પ્રોફેશનલ એમ ત્રણેય તબક્કા ઉપરાંત જરૂરી પ્રેક્ટિકલ ટ્રેનિંગ અંગે પણ વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી.

વક્તાઓએ કોર્પોરેટ લો, કંપની ગવર્નન્સ, ફાઈનાન્સ, ટેકસેશન અને કાયદાકીય સલાહકાર જેવા ક્ષેત્રોમાં કંપની સેક્રેટરી તરીકે ઉપલબ્ધ કારકિર્દીની તકો અંગે જાણકારી આપી હતી. યોગ્યે આયોજન, સતત મહેનત અને વિષયની ઊંડી સમજ દ્વારા વિદ્યાર્થીઓ આ ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે છે તેમ તેમણે જણાવ્યું હતું.

આ કાર્યક્રમનું આયોજન શાળાના સંચાલક પૂજ્ય જનમંગલદાસજી સ્વામીની પ્રેરણાથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આચાર્ય શ્રી કિશોરભાઈ દવે, વિભાગીય વડા શ્રી સંદીપભાઈ રાયમગીયા તથા શિક્ષકોએ મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમ યાદીના અંતમાં જણાવાયુંછે.

# જૂનાગઢમા ૧૮૧ અભયમ ટીમે પતિ-પત્ની વચ્ચેના પારિવારિક મનદુઃખમાં કરાવ્યું સુખદ સમાધાન

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ,
કૌટુંબિક બાબતો તથા કૌટુંબિક વર્તનને લઈને દંપતી વચ્ચે ઊભી થયેલી ગેરસમજ અને તકરારનું ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમે સ્થળ પર પહોંચીને સફળતાપૂર્વક સુખદ સમાધાન કરાવ્યું હતું.

પીડિત મહિલા મૂળ ઓડિસા રાજ્યથી આવેલ છે. મહિલા સગર્ભા હોવા છતાં, અવારનવાર યોગ્ય સમયે જમવાની ના પાડતા હતા. ઉપરાંત, અન્ય રાજ્યના હોવાને કારણે અહીંના ઘરના વડીલો સાથે કેવું વર્તન કરવું અને રીતિ-રિવાજો કેવી રીતે જાળવવા તે બાબતે તેમનામાં સમજણનો અભાવ હતો. આ બાબતોને લઈને ઘરમાં અવારનવાર ઝઘડા થતા હતા. આ પૂર્વે પણ બે વખત આ જ પ્રકારે ઝઘડો થતાં મહિલા પિયર જતી રહી હતી, પરંતુ તેમના પતિ પોતે પિયર જઈને તેમને પ્રેમથી ઘરે તેડી આવ્યા હતા.

આજે પતિ મહિલાને દર્શન કરવા માટે મંદિરે લઈ ગયા હતા. ત્યાં દર્શન બાદ પ્રસાદ લેવાનું કહેતાં મહિલાએ ના પાડતાં બંને વચ્ચે ફરી બોલાચાલી થઈ હતી. આ ઝઘડાથી આવેશમાં આવી મહિલા ઘર છોડીને રેલવે સ્ટેશન તરફ નીકળી ગઈ હતી.

ઘટના અંગે કોલ મળતાં જ ૧૮૧ અભયમની ટીમ તરફથી કાઉન્સિલર રિંકલબેન મેત્રા, મહિલા કોન્સ્ટેબલ અસ્મિતાબેન ગોંડલિયા,તથા પાઈલટ ,વિજયભાઈ મુછળીયા તુરંત ઘટના સ્થળે પહોંચી? ગયા હતા.ટીમ દ્વારા રેલવે સ્ટેશનથી મહિલાને શોધી કાઢીને સહીસલામત રીતે ઘરે લાવવામાં આવ્યા હતા.

ઘરે પહોંચીને બંને પક્ષોનું ગહન કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. મહિલાને સગર્ભાવસ્થા દરમિયાન પોતાના સ્વાસ્થ્ય માટે સમયસર જમવા તેમજ પરિવારના વડીલો સાથે યોગ્ય વર્તન અને સમજણ કેળવવા અંગે શાંતિથી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પતિનું કાઉન્સેલિંગ કરી તેમને પણ પત્નીની પરિસ્થિતિ સમજીને સાથ આપવા જણાવાયું હતું.

# રાજકોટમાં પ્રતિભા સન્માન તથા દિવ્યાંગ વિદ્યાર્થી સ્કોલરશિપ અર્પણ કાર્યક્રમ



રાજકોટ,
સિસ્ટર નિવેદિતા સ્કૂલના પ્રાથમિક, માધ્મિક અને ઉચ્ચ્તર માધ્યમિક વિભાગના વાર્ષિક પરીક્ષામાં શ્રેષ્ઠ ગુણાંક અને શ્રેષ્ઠ ગ્રેડીંગ પ્રાપ્ત કરનાર શાળાના પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો તથા સમગ્ર રાજકોટ શહેરમાં માર્ચ-૨૦૨૬માં લેવાયેલી એસ.એસ.સી. પરીક્ષામાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર દિવ્યાંગ વિદ્યાર્થીને સ્કોલરશીપ અર્પણ કરવાનો કાર્યક્રમ શહેરના જાણીતા આંખના ડો. કેતનભાઇ બાવીસી, કેન્સાર સ્ટેટ યુનિવર્સિટી મેનહટના યુ.એસ.એ.ના પ્રો. વિભાવરીબહેન જાની તેમજ ઓર્થોપેડીક સર્જન ડો. હિરેનભાઇ કોઠારીના અતિવિશેષ પદે ઈન્ટિટયુટ ઓફ કવોલિટી એજયુકેશનના માધ્યસ્થ ખંડમાં યોજવામાં આવેલ છે. પરિચય સંસ્થાએના નિયામક દિપકભાઇ જોશીએ આપેલ.

# રાજકોટમાં ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ ડૉકટર્સ એસોસીએશનની સ્થાપના




રાજકોટ,
ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ ડૉકટર એસોસીએશન, હોટલ પેટ્રીયા, એરપોર્ટ રોડ ખાતે પ્રથમ મીટીંગમાં સમાજના ડૉકટરના સંગઠન બાબતે ચર્ચા વિચારણા બાદ ડૉકટર એસોસીએશનની રચના કરવામાં આવી હતી. આ તકે આશરે ૮૦થી વધારે નામાંકિત અને પ્રતિષ્ઠિત ડૉકટરો હાજર રહ્યા હતા અને ૨૦૦ વધારે ડૉકટરોની યાદી તૈયાર કરવામાં આવેલ હોવાનું એસો.ના ડૉ. શ્યામ મારૂએ જણાવ્યું છે.

આ સમારોહમાં ગેસ્ટ ડૉ. વિનયકાંત ચાવડા, ડૉ. રવિન્દ્રભાઇ પરમાર, ડૉ. મનીષ ચાવડા, ડૉ. શ્યામભાઇ ગોહિલ, ડૉ. જીગેન ગોહિલ, ડૉ. ભૂપેન્દ્ર પોરીયા, ડૉ. દેવાંગ ટાંક, ડૉ. કૃપા ટાંકનું માર્ગદર્શન મળેલ. ડૉકટર એસોસીએશનની રચના સાથે ચિફ ગેસ્ટ, ડૉ. વિનયકાંત ચાવડા તેમજ ડૉ. શ્યામભાઇ ગોહેલે જણાવેલ કે સંગઠન એજ શક્તિસ છે, સમાજ સેવા કરવાની આપણને પ્રભુએ ઉત્તમ તક આપી છે.

સિનિયર ડૉકટરોએ માર્ગદર્શન આપતા જણાવેલ કે, આપણે સૌ સાથે મળીને આગામી સમયમાં સમયાંતર નિઃશુલ્ક સર્વે રોગ નિદાન કેમ્પ, સમાજના યુવા ડૉકટરો માટે માર્ગદર્શન સેમિનાર, રાહત દરે ઓપરેશન, તેમજ દવા અને સેવા આપીશું. તેમજ ડૉકટર પરિવાર માટે પારિવારિક ગેટ ટુ ગેધરનું આયોજન કરીશું.

આ તકે રાજકોટ વોર્ડ નં. ૧૭ના કોર્પોરેટર અને સ્ટેન્ડીંગ કમીટી મેમ્બર્સ શ્રી કૌશિક ટાંક, આર.એસ.એસ. આગેવાન , જનસંઘ (ભાજપ) અગ્રણી મનોજભાઇ મારૂ ખાસ હાજર રહ્યા હતા.

આ સફળ આયોજન ડૉ. રવિન્દ્ર પરમાર, ડૉ. મનિષ ચાવડા, ડૉ. અંકિત ગાહિલ, ડૉ. કપિલ રાઠોડ, ડૉ. વિપુલ પરમાર, ડૉ. બિજેશ રાઠોડ, ડૉ. કેતન સાપરીયા, ડૉ. નિલ ગોહિલ, ડૉ. રમેશ પોરિયા, ડૉ. રાધિકા મારૂ, ડૉ. ભવ્યઠ મારૂ, ડૉ. દિપેશ ગોહિલ, ડૉ. હર્ષે રાઠોડ, ડૉ. ધાર્મિક વાઢેર, ડૉ. કેતન કાચા, તેમજ અનેક ડૉકટરો જહેમત ઉઠાવી હતી.

# એચડીએફસી સ્કાય ભારતના ઝડપથી વૃદ્ધિ કરતાં F & O પ્લેટફૉર્મ તરીકે બહાર આવ્યું

## રાજકોટમાં રોકાણકારો સુધી પહોંચવા એક મહિના લાંબું આઉટરિચ અભિયાન

રાજકોટ,
એચડીએફસી સીક્યોરિટીઝે આજે પોતાના ડિસ્કાઉન્ટ બ્રોકિંગ પ્લેટફૉર્મ, એચડીએફસી સ્કાયપર પોતાની અત્યાધુનિક ફ્યુચર્સ એન્ડ ઑપ્શન્સ (F & O ) ક્ષમતાઓ વધારવાની જાહેરાત કરી હતી. જ્યારે સૌરાષ્ટ્રનું નાણાકીય અને વાણિજ્યિક કેન્દ્ર ગણાતાં રાજકોટ રિટેલ ઈક્વિટી અને ડેરિવેટિવ્સમાં ભાગીદારી માટે પશ્ચિમ ભારતનાં સૌથી વધુ ઝડપથી વૃદ્ધિ કરતાં કેન્દ્ર પૈકીનાં એક તરીકે વિકસી રહ્યું છે, ત્યારે આ પગલું ભરવામાં આવ્યું છે.આ આઉટરિચનો ઉદ્દેશ રિટેલ રોકાણકારોને ટ્રેડિંગની શિસ્તબદ્ધ આદતો કેળવવા અને આધુનિક એનાલીટિકલ ટૂલ્સ સમજવા મદદરૂપ થવાનો છે. આ અંગે એચડીએફસી સીક્યોરિટીઝના એમ ડી અને સીઈ ઓ શ્રી ધીરજ રેલીએ કહ્યું હતું, "અમે મેટ્રો મહાનગરોની બહાર ડેરિવેટિવ્સમાં લોકોની ભાગીદારીમાં મોટોવધારો જોઈ રહ્યાં છીએ, જેમાં રાજકોટ જેવું મહત્વપૂર્ણ કેન્દ્ર મોટી ટ્રેડિંગ સેન્ટર તરીકે વિકસી રહ્યું છે. જોકે, વધારે સક્રિયતાની સાથે જોખમનું મજબૂત વ્યવસ્થાન અને સંસ્થાગત ધોરણે ટૂલ્સનો સમન્વય થવો બહુ જરૂરી છે. એચડીએફસી સ્કાય પર અમારી સંવર્ધિત F & O ક્ષમતાઓ ટ્રેડરને કામગીરીની સ્પીડથી લઈને વ્યૂહરચના બનાવવા સુધીના રોજિંદા વાસ્તવિક અને વ્યવહારિક પડકારોનું સમાધાન કરવા બનાવવામાં આવી છે. રોકાણકારોને ઉચિત ટૂલ્સ, ડેટા અને આત્મવિશ્વાસ આપીને અમે ટ્રેડરનું રોજિંદા જીવન સરળ બનાવી રહ્યાં છીએ અને વધઘટ થતાં બજારમાં સલામત રીતે કામગીરી કરવામાં મદદ કરી રહ્યાં છીએ."

# રાજકોટની શાલિગ્રામ હાઈટ્સામાં ફાયર સેફટી તાલીમ



રાજકોટ,
રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા શહેર વિસ્તારિમાં આવેલ હાઈરાઈઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગળતી માટે શાલિગ્રામ હાઈટ્સી, જુનો મોરબી રોડ ખાતે ફાયર સેફટીની મોકડ્રીલના આયોજનમાં ૧૦૦ રહેવાસીઓ જોડાયેલ. આ મોકડ્રીલ દ્વારા બિલ્ડીંમમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઈએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્ષ્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઇ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના સ્ટેશન ઓફીસર શ્રી,રહીમભાઈ જોબન, ફાયર ઓપરેટર પરેશભાઈ રાઠોડ, ફાયર ઓપરેટર ધનરાજ મેટાલીયા, ડ્રાઈવર મહિપાલસિંહ સહિતના સ્ટાફ દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા.

# રાજકોટની વિવેકાનંદ યુથ ક્લેબ દ્વારા ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો



રાજકોટ:રાજકોટ શહેરની જાણીતી સેવા સંસ્થાબ વિવેકાનંદ યુથ ક્લ્બ દ્વારા ગુરૂપૂર્ણિમાના પાવન અવસર નિમિત્તે પ્રવિણાબેન જાનીનું જાણીતા કવયિત્રી પારુલબેન ખખર તેમજ નિવૃત પ્રિન્સિપાલ સુરભીબેન આચાર્યના હસ્તે, સ્વામિનારાયણ ગુરુકુળમાં વર્ષો સુધી શિક્ષક તરીકે કાર્યરત રમણીકભાઈ રૂપારેલીયાનું ભારત વિકાસ પરિષદના સૌરાષ્ટ્ર -પ્રાંત અધ્યક્ષ પ્રફુલભાઈ ગોસ્વામી, શિક્ષણ સમિતિના વાઈસ ચેરમેન - વીણભાઈ નિમાવત તેમજ નિળત્ત ઈક્રમટેકસ અધિકારી કિર્તીભાઈ મહેતાના હસ્તે તેમજ કરણસિંહજી હાઈસ્કૂલમાં વર્ષો સુધી રામકૃષ્ણ આશ્રમના સાધક પ્રવીણભાઈ જોશીનું કવિ વારીજ લુહાર તેમજ નિવત્ત પ્રિન્સિપાલ અશોકભાઈ શેતાના હસ્તેટ ત્રણેય ગુરૂ જનોના નિવાસસ્થાને જઈ કુમકુમ તિલક કરી, સુતરની આંટી તેમજ ભગવાન દ્વારકાધીશનો ખેસ પહેરાવી, શ્રીફળ સાકરનો પડો, પુસ્તક, સ્મતિભેટ, શિલ્ડ આપી શાલ ઓઢાડીને ભાતીગળ તેમજ પરંપરાગત રીતે લાગણીસભર ગુરૂવંદના કરવામાં આવેલ

ગુરૂવંદના કાર્યક્રમમાં શિક્ષણ સમિતિના સદસ્ય મનસુખભાઈ વેકરીયા, નિવત શિક્ષકો મોહમદ હુસેન કડીવાર, હિંમતભાઈ વેકરીયા, અનંતભાઈ જોશી, કિશોરભાઈ જાની, સમસ્ત્ બ્રહ્મ સમાજના પ્રમુખ દર્શિતભાઈ જાની, કવિ વિનોદ વ્યાસ અમરશીભાઈ પરમાર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહેલ સમગ્ર આયોજનની સફળતા માટે અનુપમ દોશી, પંકજ રૂપારેલીયા, જનાર્દન આચાર્ય, હસુભાઈ શાહ, જયેન્દ્રભાઈ મહેતા, પરિમલભાઈ જોષી, રમેશ શિશાંગીયા, દિનેશ ભાઈ ગોવાણી, ઉપમન્યુભાઈ રાવલ, નયન ગંદા કિશોર ટાકોદરા દક્ષિણભાઈ જોશી કાર્યરત રહેલ.

# એસ બી આઈ જનરલ ઈન્શ્યોરન્સે પંકજ ત્રિપાઠીનો અભિનય ધરાવતી ન્યુ મોટર ઈન્શ્યોરન્સ ફિલ્મ લોંચ કરી

રાજકોટ,
ભારતની અગ્રણી જનરલ ઈન્સ્યોરન્સ કંપનીઓ પૈકીની એક એસ બી આઈ જનરલ ઈન્શ્યોરન્સે તેના ઈન્ટીગ્રેટેડ બ્રાન્ડ કેમ્પેઈન ચુનિયે ભરોસા, અપનો સા નો હવે પછીનો તબક્કો શરૂ કર્યો છે. આ અંતર્ગત મોટર ઈન્શ્યોરન્સને ધ્યાનમાં રાખીને એક નવી ફિલ્મ જાહેર કરવામાં આવી છે. એક્ટર અને બ્રાન્ડએમ્બેસેડર પંકજ ત્રિપાઠીનો અભિનય ધરાવતા આ કેમ્પેઈન વિશ્વાસ સાથે ઈન્સ્યોરન્સ પાર્ટનર પસંદકરવાની પ્રાથમિકતાને દર્શાવી એસ બી આઇ જનરલે વિશ્વાસથી ભરેલા આ સંદેશને રજૂ કર્યો છે. આ કેમ્પેઈન અંગે ટિપ્પણી કરતા એસ બી આઇ જનરલ ઈન્શ્યોરન્સના એમ ડી અને સીઈ ઓ શ્રી નવીન ચંદ્ર ઝાએ કહ્યું કે ઈન્શ્યોરન્સ એ ગ્રાહકો તેમના દ્વારા જે પાર્ટનરને પસંદ કરવામાં આવે છે તેના પર ધરાવતા વિશ્વાસ પર નિર્ભર છે. વાહનો જેમ-જેમ રોજિંદા જીવનનો એક મહત્વનો હિસ્સો બની રહ્યાં છે તેમ-તેમ ગ્રાહકો એવી સુરક્ષા શોધી રહ્યા છે કે જે સરળ, પારદર્શક અને વિશ્વસનીય હોય છે. આ અંગે વધુ માહિતી આપતા એસ બી આઈ જનરલ ઈન્સ્યોરન્સના માર્કેટિંગ અને CSR હેડ શ્રી રથિન લાહિરીએ જણાવ્યું હતું કે, "આ કેમ્પેઈનના મૂળમાં એક સરળ વિચાર રહેલો છેઃ કાર એ એક સિદ્ધિ છે, તે પ્રાઈવેટ સ્પેસ છે, સ્વ-અભિવ્યક્તિનું માધ્યમ છે, તે સ્વતંત્રતા અને નિયંત્રણ આપે છે અને તે વ્યક્તિની સૌથી બહૂમૂલ્ય સંપત્તિ પૈકીની એક છે. શ્રી પંકજ ત્રિપાઠીનો કુદરતી સ્નેહ અને પ્રામાણિકતા આ સંદેશને તમામ દર્શકો સુધી ખૂબ જ સહજતાથી પહોંચાડે છે.

# રાજકોટમાં વેરા બાકીદારોને મોટી રાહત: ૧ ઓગસ્ટથી ૩૦ સપ્ટેમ્બર સુધી વિશેષ રાહત યોજના અમલમાં

## પાણી અને મિલકત વેરાના વ્યાજમાં રૂ.૧૦.૦૦૦ સુધીની માફી; મેયર સહિતના પદાધિકારીઓની જાહેરાત



રાજકોટ,
રાજકોટ મહાનગર પાલિકા દ્વારા પાણી વેરા અને મિલકત વેરાના બાકીદારોને રાહત આપવા માટે વિશેષ વ્યાજ માફી યોજના જાહેર કરવામાં આવી છે. આ યોજના હેઠળ પાત્ર વેરાદારોને વ્યાજમાં રૂ. ૧૦,૦૦૦ સુધીની માફી આપવામાં આવશે. યોજનાનો લાભ ૧ ઓગસ્ટથી ૩૦ સપ્ટેમ્બર સુધી ઉપલબ્ધ રહેશે. શહેરના વધુમાં વધુ વેરાદારો આ તકનો લાભ લઈ બાકી વેરાની રકમ ભરપાઈ કરે તે માટે મનપા દ્વારા અપીલ કરવામાં આવી છે.

યોજનાની જાહેરાત મેયર ડો. નેહલ શુકલ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળિયા સહિતના પદાધિકારીઓએ કરી હતી.

# ઈન્ટેક રાજકોટ દ્વારા નેશનલ હેરિટેજ ક્વિઝ ૫.૦ નું આયોજન


## રાજકોટ જિલ્લાની શાળાના ધો. ૭ થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે

રાજકોટઃ ઈન્ટેક રાજકોટ ચેપ્ટર દ્વારા આગામી તા. ૧૦ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કન્વેન્શન સેન્ટર ખાતે નેશનલ હેરિટેજ ક્વિઝ ૫.૦ નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજકોટ જિલ્લાની કોઈપણ શાળાના ધો. ૭ થી ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી એક ટીમ (૨ બાળકો) ભાગ લઈ શકે છે. ક્વિઝમાં જોડાવા માટે તા. ૦૪ ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં ઈન્ટેક રાજકોટ સંસ્થાના ૭૮૫૯૯૩૩૭૯૧ મોબાઈલ નંબર પર રજીસ્ટ્રેશન કરાવી શકાશે.

આ ક્વિઝનું આયોજન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ઈતિહાસ ભવનના સહયોગથી તેમજ હેરિટેજ એજ્યુકેશન એન્ડ કોમ્યુનિકેશન સર્વિસીઝના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. આ ક્વિઝમાં ભાગ લેનાર તમામ બાળકોને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવશે. જિલ્લા કક્ષાએ આયોજિત સ્પર્ધામાં પસંદગી પામનાર વિદ્યાર્થીઓને રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં રાજકોટનું પ્રતિનિધિત્વ કરવાની તક મળશે તેમ, ઈન્ટેક રાજકોટ ચેપ્ટરના કન્વીનરશ્રી રિદ્ધિ શાહે જણાવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઈન્ટેક રાજકોટ ચેપ્ટર સંસ્કૃતિ અને વારસાના જતન તેમજ જાળવણી અને જાગૃતિ અંગે કાર્યરત સંસ્થા છે.

# રાજકોટમાં આજથી ૧૫મી સુધી સદ્દભાવના હોસ્પિટલ ખાતે નિઃશુલ્ક ઓર્થોપેડિક ઓપીડી કેમ્પ



રાજકોટ,
રાજકોટ સદ્દભાવના હોસ્પિપટલ એન્ડ મેડિકલ રિસર્ચ સેન્ટર દ્વારા હાડકા, સાંધા તથા કરોડરજ્જુ સંબંધિત તકલીફોથી પીડાતા દર્દીઓ માટે તા. ૧ ઓગષ્ટથી ૧૫ ઓગષ્ટ સુધી નિઃશુલ્ક ઓર્થોપેડિક ઓપીડી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ દરમિયાન ઓર્થોપેડીક અને ઓર્થોસ્કોકપી સર્જન ડૉ. ધિમંત મારવિયા (એમ.એસ. ઓર્થો.) દર્દીઓની નિઃશુલ્ક તપાસ કરશે.

ઓપીડીનો સમય : સવારે ૯:૩૦ થી ૧ અને સાંજે ૫ થી ૭:૩૦ વાગ્યા્ સુધી રહેશે. દર્દીઓએ પોતાના આગઉના એકસ-રે, એમ.આર.આઇ., સીટી સ્કેન તથા અન્ય તબીબી રિપોર્ટસ સાથે લાવવા યાદીમાં જણાવાયું છે. સ્થળ : સદ્દભાવના હોસ્પિટલ એન્ડ મેડીકલ રિસર્ચ સેન્ટર, ૧૫૦ ફૂટ રિંગ રોડ, ગાંધીગ્રામ, રાજકોટ. નામ નોંધણી માટે મો. ૯૫૧૨૩૧૦૧૦૮

# મને ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC) દ્વારા જારી કરાયેલ ધરપકડ વોરંટની ચિંતા નથી: નેતન્યાહૂ

## જો કોઈ દેશ વિદેશ યાત્રા દરમિયાન તેમને અટકાયતમાં લેવાનો પ્રયાસ કરે તો ઈઝરાયલ પાસે ખાસ દળો જવાબ આપવા માટે તૈયાર



જેરુસલેમ,
ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ એક મહત્વનું નિવેદન આપતા કહ્યું હતું કે, તેઓ આંતરરાષ્ટ્રીય ગુનાહિત અદાલત (ICC) દ્વારા તેમના વિરુદ્ધ જારી કરાયેલા ધરપકડ વોરંટથી ચિંતિત નથી અને દાવો કર્યો છે કે ઈઝરાયલ પાસે ખાસ દળો છે જે વિદેશ પ્રવાસ દરમિયાન જો કોઈ દેશ તેમને અટકાયતમાં લેવાનો પ્રયાસ કરે છે તો તેનો જવાબ આપવા માટે તૈયાર છે. અમેરિકાના તેમના ચાલુ પ્રવાસ દરમિયાન ફોક્સ ન્યૂઝ સાથે વાત કરતા, નેતન્યાહૂએ સ્પષ્ટ કર્યું કે ICC વોરંટ તેમના વિદેશ પ્રવાસને અટકાવશે નહીં. તેમણે કહ્યું કે તેઓ કાનૂની જોખમો હોવા છતાં, કોર્ટના અધિકારક્ષેત્રને માન્યતા આપતા દેશો સહિત, દેશોની મુલાકાત ચાલુ રાખવાનો ઈરાદો ધરાવે છે. અણધારી તબીબી કટોકટીની સ્થિતિમાં પણ, વિદેશમાં ધરપકડ થવાનો ભય છે કે કેમ તે અંગેના પ્રશ્નના જવાબમાં, નેતન્યાહૂએ કહ્યું, "હા, હું તેના વિશે વિચારી રહ્યો છું. તમે જાણો છો, અમારી પાસે ખાસ દળો છે. મેં પાંચ વર્ષ સેવા આપી છે." ઈઝરાયલી વડા પ્રધાને પણ પુષ્ટિ આપી કે તેઓ ન્યૂ યોર્ક સિટીની યાત્રા કરશે, ન્યૂ યોર્ક સિટીના મેયર ઝોહરાન મામદાનીએ અમેરિકન અધિકારીઓને તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવા વિનંતી કરી હતી. મમદાનીની ટિપ્પણી પર નિશાન સાધતા નેતન્યાહૂએ કહ્યું, "હું આ નફરત ફેલાવનારા ચૂંટાયેલા અધિકારી સામે સત્ય બોલવા જઈ રહ્યો છું. તે ન્યૂ યોર્કના એક જૂથને બીજા જૂથ સામે ઉભા કરી રહ્યો છે. તે તેમને ન્યૂ યોર્કના યહૂદીઓ સામે ઉભા કરી રહ્યો છે."

મમદાનીએ અગાઉ ICC દ્વારા તપાસ કરવામાં આવી રહેલા આરોપોના સંદર્ભમાં નેતન્યાહૂને "યુદ્ધ ગુનેગાર" ગણાવ્યા હતા. જો કે, મેયરે એ પણ સ્વીકાર્યું છે કે ન્યુ યોર્ક સિટી પાસે ICC ધરપકડ વોરંટ લાગુ કરવાનો કાનૂની અધિકાર નથી, એમ કહીને કે આવી કોઈપણ કાર્યવાહી યુએસ ફેડરલ સરકારના અધિકારક્ષેત્ર હેઠળ આવશે.

ટ્રમ્પે નેતન્યાહૂની આ ટિપ્પણીઓ ત્યારે આવી જ્યારે તેમણે વોશિંગ્ટનમાં યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ઉચ્ચ-સ્તરીય બેઠકો યોજી હતી, જેમણે ઈઝરાયલી નેતા માટે અમેરિકાના સમર્થનની પુષ્ટિ કરી હતી. ટ્રમ્પે અહેવાલ મુજબ નેતન્યાહૂને ખાતરી આપી હતી કે તેમને યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રવેશ કરતી વખતે અથવા રહેતી વખતે ધરપકડનો કોઈ ભય નથી,ઁઝઝ કાર્યવાહી છતાં ઈઝરાયલ માટે વોશિંગ્ટનના લાંબા સમયથી ચાલતા સમર્થનને મજબૂત બનાવ્યું.

# પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી પર આતંકવાદી હુમલાનું કાવતરુ નિષ્ફળ

## પશ્ચિમ બંગાળના બર્ધમાનથી પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના સભ્ય હમીદ મંડલની ધરપકડ

કોલકતા,
પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી સામે આતંકવાદી હુમલાનું આયોજન હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. સ્પેશિયલ ટાસ્ક ફોર્સએ પશ્ચિમ બંગાળના બર્ધમાનથી પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના સભ્ય હમીદ મંડલની ધરપકડ કરી છે. અહેવાલો અનુસાર, પોલીસને શંકા છે કે આ શંકાસ્પદ જૈશ-એ-મોહમ્મદ આતંકવાદી મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યો હતો. આતંકવાદી પાસેથી મળેલા મોબાઈલ ફોન અને દસ્તાવેજોની તપાસ કર્યા બાદ આ માહિતી બહાર આવી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલ જૈશ-એ-મોહમ્મદ આતંકવાદી હમીદ મંડલ, જમ્મુ અને કાશ્મીરમાં પુલવામા હુમલાના માસ્ટરમાઈન્ડ સજ્જાદ ભટનો નજીકનો સાથી છે. આતંકવાદીની ગઈકાલે મોડી રાત્રે (ગુરુવારે) બર્ધમાનના રેનેસાં ટાઉનશીપ વિસ્તારમાં એક ફ્લેટમાંથી ધરપકડ કરવામાં આવી હતી.



# મૂર્ખ અને અંધ ભક્ત શબ્દોના ઉપયોગ બદલ રાહુલ ગાંધી સામે વિશેષાધિકાર પ્રસ્તાવ નોટિસ

## લોકસભામાં બિનસંસદીય શબ્દોનો ઉપયોગ કરવા બદલે રાહુલ ગાંધી સામે કાર્યવાહી થઈ શકે



નવીદિલ્હી,
સંસદના ચોમાસુ સત્રમાં પેપર લીક વિરોધી બિલ પસાર થઈ ગયું છે, પરંતુ કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી માટે નવી મુશ્કેલીઓ ઊભી થઈ છે. લોકસભામાં બિનસંસદીય શબ્દોનો ઉપયોગ કરવા બદલ તેમની સામે કાર્યવાહી થઈ શકે છે. ભાજપના સાંસદ અનુરાગ ઠાકુરે રાહુલ ગાંધી વિરુદ્ધ સ્પીકર સમક્ષ ફરિયાદ નોંધાવી છે અને વિશેષાધિકાર ભંગની નોટિસ દાખલ કરી છે. ચાલો આ વિવાદ વિશે વધુ જાણીએ.

પ્રાપ્ત માહિતી અનુસાર, અનુરાગ ઠાકુરે ૨૯ જુલાઈ, ૨૦૨૬ ના રોજ લોકસભાની કાર્યવાહી દરમિયાન રાહુલ ગાંધીના વર્તનના આધારે ૩૦ જુલાઈ, ૨૦૨૬ ના રોજ લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાને આ નોટિસ સુપરત કરી હતી. અનુરાગ ઠાકુરે આરોપ લગાવ્યો છે કે રાહુલ ગાંધીએ ગૃહમાં બિનસંસદીય ભાષાનો ઉપયોગ કર્યો હતો.

# ટ્રમ્પ વહીવટીતંત્ર યુએસ વર્ક વિઝા પર $૧૦૦,૦૦૦ ફી લાગુ કરવાની તૈયારીમાં

## ટ્રમ્પના વર્ક વિઝા અંગેના નવા નિર્ણયથી ભારતીય વિદ્યાર્થીઓને અસર થશે

વોશિંગ્ટન,
અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર અમેરિકન યુનિવર્સિટીઓમાંથી સ્નાતક થયા પછી યુનાઈટેડ સ્ટેટ્સમાં રહેવા માંગતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે વર્ક અધિકૃતતા પર ઁજીઙ ૧૦૦,૦૦૦ ની ભારે ફી લાદવાનો પ્રસ્તાવ વિચારી રહ્યું છે. જો આ પગલું અમલમાં મૂકવામાં આવે તો, આ પગલું હજારો ભારતીય વિદ્યાર્થીઓ પર નોંધપાત્ર અસર કરી શકે છે જેઓ કાર્ય અનુભવ મેળવવા અને આખરે H-1B વિઝા તરફ સંક્રમણ કરવા માટે વૈકલ્પિક પ્રેક્ટિકલ ટ્રેનિંગ (OPT) પ્રોગ્રામ પર આધાર રાખે છે. H-1B વિઝા પર USD ૧૦૦,૦૦૦ ફી રજૂ કરવાના વહીવટીતંત્રના અગાઉના પ્રયાસને યુએસ કોર્ટે અવરોધિત કર્યા પછી આ પ્રસ્તાવ આવ્યો છે. તે યોજના કાનૂની અવરોધોનો સામનો કરી રહી હોવાથી, વહીવટ હવે OPT પ્રોગ્રામ માટે સમાન ફી માળખું શોધી રહ્યું છે.

પ્રસ્તાવિત વિઝા ફી યોજના શું છે?

ધ વોલ સ્ટ્રીટ જર્નલ અનુસાર, યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS) વૈકલ્પિક પ્રેક્ટિકલ ટ્રેનિંગ (OPT) પર USD ૧૦૦,૦૦૦ ચાર્જ લાદવાની શક્યતાની તપાસ કરી રહ્યું છે, જે એક કાર્યક્રમ છે જે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી યુનાઈટેડ સ્ટેટ્સમાં કામ કરવાની મંજૂરી આપે છે. OPT એ F-1 વિદ્યાર્થી વિઝાનું વિસ્તરણ છે અને સ્નાતકોને તેમના અભ્યાસ ક્ષેત્ર સાથે સીધી રીતે સંબંધિત નોકરીઓમાં કામ કરવાની મંજૂરી આપે છે. શૈક્ષણિક કાર્યક્રમના આધારે, લાયક વિદ્યાર્થીઓ સ્નાતક થયા પછી એક થી ત્રણ વર્ષ સુધી યુએસમાં કાર્યરત રહી શકે છે. ઘણા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે, ખાસ કરીને ભારતના વિદ્યાર્થીઓ માટે, OPT યુનિવર્સિટી શિક્ષણ અને યુનાઈટેડ સ્ટેટ્સમાં લાંબા ગાળાની રોજગાર વચ્ચે પ્રાથમિક સેતુ તરીકે કામ કરે છે.

ભારતીય વિદ્યાર્થીઓ માટે આ દરખાસ્ત કેમ મહત્વપૂર્ણ છે

ભારત યુનાઈટેડ સ્ટેટ્સમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના સૌથી મોટા યોગદાન આપનારા દેશોમાંનો એક છે, જેમાં નોંધપાત્ર સંખ્યામાં વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (STEM) અભ્યાસક્રમોમાં નોંધણી થાય છે. આમાંથી મોટાભાગના સ્નાતકો H-1B વિઝા સિસ્ટમ હેઠળ સ્પોન્સરશિપ મેળવતા પહેલા તેમની ડિગ્રી પૂર્ણ કર્યા પછી રોજગાર મેળવવા માટે OPT પ્રોગ્રામ પર આધાર રાખે છે.

# ઈડી દ્વારા બેંક ખાતા ફ્રીઝ કરવા સામે ટીએમસી સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યું

## ખાતા ફ્રીઝ કરવા પર રોક લગાવવાના આદેશને પડકાર્યો

નવીદિલ્હી,
તૃણમૂલ કોંગ્રેસએ ઈડી દ્વારા તેના ત્રણ એચડીએફસી બેંક ખાતા ફ્રીઝ કરવા સામે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યું છે. પક્ષે કલકત્તા હાઈકોર્ટના ૨૦ જુલાઈ, ૨૦૨૬ ના રોજના ખાતા ફ્રીઝ કરવા પર રોક લગાવવાના આદેશને પડકાર્યો છે. આ કેસની સુનાવણી સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ એમ.એમ. સુંદરેશ અને પ્રસન્ના બી. વરાલે ૩ ઓગસ્ટના રોજ કરશે. ઈડીનો આરોપ છે કે આશરે ૧૩૩.૮૪ કરોડ ટીએમસી બેંક ખાતામાંથી કેરવેલ એવિએશન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. એજન્સીનો દાવો છે કે આ રકમ ભંડોળના કથિત દુરુપયોગ અને મની લોન્ડરિંગ સાથે જોડાયેલી છે. પશ્ચિમ બંગાળના ધારાસભ્ય વિશ્વનાથ દાસની ફરિયાદ બાદ ૧૮ જૂન, ૨૦૨૬ના રોજ કેસ શરૂ થયો હતો. ફરિયાદના આધારે, પોલીસે એફઆઈઆર નોંધી હતી અને ૨૩ જૂનના રોજ, ઈડીએ પીએમએલએ હેઠળ તપાસ શરૂ કરી હતી. ત્યારબાદ, ૭ જુલાઈના રોજ, ઈડીએ કુલ છ બેંક ખાતાઓ ફ્રીઝ કર્યા હતા, જેમાં ટીએમસીના ત્રણ એચડીએફસી બેંક ખાતાઓનો સમાવેશ થાય છે. ટીએમસીનો આરોપ છે કે ઈડીએ નક્કર પુરાવા વિના મનસ્વી રીતે ખાતાઓ ફ્રીઝ કર્યા હતા. પક્ષે એમ પણ જણાવ્યું હતું કે ૯ જુલાઈના રોજ, હાઈકોર્ટની બીજી બેન્ચે રોજિંદા ખર્ચને પહોંચી વળવા માટે એક ખાસ અધિકારીની દેખરેખ હેઠળ આ ખાતાઓના સંચાલનની મંજૂરી આપી હતી.

# તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ એન્જિનિયરિંગ સ્નાતકોને ગુનાહિત કચરો ગણાવતા થયો વિવાદ

## વિરોધ પક્ષોએ મુખ્યમંત્રી પર વિદ્યાર્થીઓનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો

હૈદરાબાદ,
તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીએ એક નિવેદન આપ્યું જેનાથી વિવાદ થયો છે. હૈદરાબાદમાં એક કાર્યક્રમ દરમિયાન, સીએમ રેવંત રેડ્ડીએ એન્જિનિયરિંગ સ્નાતકોની નોકરી શોધવાની ક્ષમતા પર ચિંતા વ્યક્ત કરી. જો કે, આ ટિપ્પણી કરતી વખતે તેમણે "ગુનાહિત કચરો" શબ્દનો ઉપયોગ કરવાથી રાજ્યમાં ગરમાગરમ રાજકીય વિવાદ ઉભો થયો છે. તેલંગાણામાં વિરોધ પક્ષો, ભાજપ અને ભાજપે મુખ્યમંત્રી પર વિદ્યાર્થીઓનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો છે.

હૈદરાબાદમાં એક કાર્યક્રમમાં બોલતા, મુખ્યમંત્રી રેડ્ડીએ કહ્યું કે શિક્ષણ અને કૌશલ્ય વિકાસ તેમના માટે બે આંખો જેવા છે. દર વર્ષે મોટી સંખ્યામાં એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓ સ્નાતક થાય છે તેનો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું કે રાજ્યમાં ૧૧૦,૦૦૦ એન્જિનિયરિંગ સ્નાતકો તેમના અભ્યાસક્રમો પૂર્ણ કરે છે, પરંતુ તેમાંથી ઘણા નોકરીના અરજી ફોર્મ પણ યોગ્ય રીતે ભરી શકતા નથી.

હૈદરાબાદમાં એક કાર્યક્રમમાં બોલતા, સીએમ રેવંત રેડ્ડીએ કહ્યું, "દર વર્ષે, ૧૧૦,૦૦૦ લોકો એન્જિનિયરિંગ સર્ટિફિકેટ સાથે સ્નાતક થાય છે. ફક્ત તે બાળકોને એક અરજી ફોર્મ આપો અને તેમને નોકરી માટે અરજી ભરવાનું કહો. જુઓ શું થાય છે! હું તમને શિક્ષકોને નથી પૂછતો, હું તમને પ્રયાસ કરવા માટે નથી કહી રહ્યો. તેમને તેમની એન્જિનિયરિંગ ડિગ્રીઓ સાથે બોલાવો. તમારા ગામમાં જ્યાં તમે ભણાવો છો ત્યાંના બાળકોને બોલાવો, તેમને કાગળની કોરી શીટ આપો, અને તેમને નોકરી માટે અરજી ભરવાનું કહો. આ શુદ્ધ ગુનાહિત બગાડ છે. કારણ કે તેઓએ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે, તેઓ નાની નોકરીઓ લેશે નહીં. તેઓ કૌશલ્ય પણ શીખશે નહીં. અને માતાપિતા સતત કહે છે, 'અમારા દીકરાએ એન્જિનિયરિંગ પૂર્ણ કર્યું છે, તેને નોકરી અપાવો.' મારા મતવિસ્તારના લોકો મારી પાસે આવતા રહે છે અને કહે છે, 'અમારા દીકરાએ ઉચ્ચ-પ્રોફાઈલ ડિગ્રીઓ મેળવી છે.' હકીકતમાં, માતાપિતા સત્ય જાણતા નથી."

# રામ મંદિર માટે દાનની કથિત ચોરી અંગે સંસદની બહાર વિપક્ષનું અનોખું વિરોધ પ્રદર્શન

## પપ્પુ યાદવે સંતના વેશમાં દાન એકત્રિત કર્યું, રાહુલ ગાંધી સહિતનાએ દાન આપ્યુ




નવીદિલ્હી,
સંસદ સત્ર હજુ પણ ચાલુ છે. દરમિયાન, વિપક્ષ વિવિધ મુદ્દાઓ પર વિરોધ પ્રદર્શન કરી રહ્યું છે. પેપર લીક અંગે રજૂ કરાયેલ બિલ બંને ગૃહોમાં પસાર થઈ ગયું છે. હવે, વિપક્ષે રામ મંદિર માટે દાનની કથિત ચોરી અંગે સંસદની બહાર પણ વિરોધ પ્રદર્શન કર્યું છે. સંતના વેશમાં પપ્પુ યાદવે સંસદની બહાર પ્રદર્શન કર્યું. તેમણે પોતાનો વિરોધ વ્યક્ત કરવા માટે સંસદની બહાર કથિત રામ મંદિર કૌભાંડનું પ્રતીકાત્મક ચિત્રણ કર્યું. અન્ય ઘણા વિપક્ષી સાંસદો પણ હાજર હતા.

રામ મંદિર માટે દાનની કથિત ચોરી અંગે વિપક્ષ સંસદમાં ચર્ચાની માંગ કરી રહ્યું છે. શુક્રવારે પૂર્ણિયાના સાંસદ પપ્પુ યાદવે સંસદની બહાર વિરોધ પ્રદર્શન કર્યું. પોતાનો વિરોધ વ્યક્ત કરવા માટે, પપ્પુ યાદવ સંતના વેશમાં દાનપેટી લઈને સંસદમાં પહોંચ્યા. તેઓ સંપૂર્ણ ભગવા પોશાકમાં દેખાયા અને દાન એકત્રિત કરતા જોવા મળ્યા. રાહુલ ગાંધીએ પણ દાનપેટીમાં દાન મૂકીને વિરોધમાં ભાગ લીધો. પૃષ્ઠભૂમિમાં અન્ય વિપક્ષી નેતાઓ સૂત્રોચ્ચાર કરતા જોવા મળ્યા. વિપક્ષના આ અનોખા વિરોધનો વીડિયો પણ સામે આવ્યો છે.

# પીએમ મોદીની મોર્ફ કરેલી વાંધાજનક સામગ્રી પોસ્ટ કરવા બદલ મેટા ઈન્ડિયા સામે કેસ

## પોલીસે મેટાના ભારતના વડા અને અનેક ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ સામે બે કેસ દાખલ કર્યા

હૈદરાબાદ,
હૈદરાબાદ સાયબર ક્રાઈમ પોલીસે મેટાના ભારતના વડા અને અનેક ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ સામે બે કેસ દાખલ કર્યા છે. તેમના પર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મોર્ફ કરેલી અને વાંધાજનક વિડિઓઝ અને છબીઓ ફેલાવવાની મંજૂરી આપવાનો આરોપ છે. પોલીસે બે કેસ નોંધ્યા છે અને તપાસ શરૂ કરી છે.

પહેલા કેસમાં, ૨૯ વર્ષીય ઉદ્યોગપતિ એસ. અરવિંદ રેડ્ડીએ આરોપ લગાવ્યો હતો કે ઈન્સ્ટાગ્રામ બ્રાઉઝ કરતી વખતે, તેમને ઘણા મોર્ફ કરેલા અને ડિજિટલી બદલાયેલા વીડિયો અને ફોટા મળ્યા જેમાં વડા પ્રધાનને અશ્લીલ, અપમાનજનક અને ગેરમાર્ગે દોરનારા રીતે દર્શાવવામાં આવ્યા હતા.

તેમની ફરિયાદ મુજબ, સામગ્રીમાં ધર્મેન્દ્ર પ્રધાન સાથે મોદીને અશ્લીલ રીતે દર્શાવતા બદલાયેલા દ્રશ્યો અને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો એક સંપાદિત ફોટો શામેલ હતો. ફરિયાદમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે સામગ્રી ડિજિટલી બદલાયેલી અથવા કૃત્રિમ બુદ્ધિનો ઉપયોગ કરીને બનાવવામાં આવી હોય તેવું લાગે છે અને સોશિયલ મીડિયા પર પ્રસારિત કરવામાં આવી છે. એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે આવી પોસ્ટ્સ જનતાને ગેરમાર્ગે દોરી શકે છે, ખોટી માહિતી ફેલાવી શકે છે, નફરત અથવા જાહેર અશાંતિ ભડકાવી શકે છે, જાહેર શિષ્ટાચારનો આક્રોશ કરી શકે છે, જાહેર વ્યક્તિઓને બદનામ કરી શકે છે, કાયદો અને વ્યવસ્થાને ખલેલ પહોંચાડી શકે છે અને સમાજના વિવિધ વર્ગો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપી શકે છે.

બીજા કેસમાં, તેલંગાણા ભાજપના કાર્યકર અને સોશિયલ મીડિયા સીસી સભ્ય ટી. સાઈ કિરણ ગૌડે આરોપ લગાવ્યો હતો કે બુધવારે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી વખતે, તેમને ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર વાંધાજનક રીલ્સ અને મોર્ફ કરેલા ફોટા મળ્યા.

# યુપીમાં ચૂંટણીનો પવન! સીએમ યોગીની ૨ મહિનામાં ૧૮ વિભાગોમાં ૧૦૦ બેઠકો પર જાહેર સભા

## મુખ્યમંત્રી યોગીએ ઉત્તર પ્રદેશના પૂર્વથી પશ્ચિમ અને બુંદેલખંડના વિસ્તારોને આવરી લીધા



નવીદિલ્હી,
તૃણમૂલ કોંગ્રેસએ ઈડી દ્વારા તેના ત્રણ એચડીએફસી બેંક ખાતા ફ્રીઝ કરવા સામે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યું છે. પક્ષે કલકત્તા હાઈકોર્ટના ૨૦ જુલાઈ, ૨૦૨૬ ના રોજના ખાતા ફ્રીઝ કરવા પર રોક લગાવવાના આદેશને પડકાર્યો છે. આ કેસની સુનાવણી સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ એમ.એમ. સુંદરેશ અને પ્રસન્ના બી. વરાલે ૩ ઓગસ્ટના રોજ કરશે.

ઈડીનો આરોપ છે કે આશરે ૧૩૩.૮૪ કરોડ ટીએમસી બેંક ખાતામાંથી કેરવેલ એવિએશન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. એજન્સીનો દાવો છે કે આ રકમ ભંડોળના કથિત દુરુપયોગ અને મની લોન્ડરિંગ સાથે જોડાયેલી છે.

પશ્ચિમ બંગાળના ધારાસભ્ય વિશ્વનાથ દાસની ફરિયાદ બાદ ૧૮ જૂન, ૨૦૨૬ના રોજ કેસ શરૂ થયો હતો. ફરિયાદના આધારે, પોલીસે એફઆઈઆર નોંધી હતી અને ૨૩ જૂનના રોજ, ઈડીએ પીએમએલએ હેઠળ તપાસ શરૂ કરી હતી. ત્યારબાદ, ૭ જુલાઈના રોજ, ઈડીએ કુલ છ બેંક ખાતાઓ ફ્રીઝ કર્યા હતા, જેમાં ટીએમસીના ત્રણ એચડીએફસી બેંક ખાતાઓનો સમાવેશ થાય છે.

ટીએમસીનો આરોપ છે કે ઈડીએ નક્કર પુરાવા વિના મનસ્વી રીતે ખાતાઓ ફ્રીઝ કર્યા હતા. પક્ષે એમ પણ જણાવ્યું હતું કે ૯ જુલાઈના રોજ, હાઈકોર્ટની બીજી બેન્ચે રોજિંદા ખર્ચને પહોંચી વળવા માટે એક ખાસ અધિકારીની દેખરેખ હેઠળ આ ખાતાઓના સંચાલનની મંજૂરી આપી હતી.

જોકે, કોલકાતા હાઈકોર્ટે વચગાળાની રાહત આપવાનો ઈનકાર કર્યો હતો, એમ કહીને કે ભંડોળ ટ્રાન્સફરની માન્યતા આ તબક્કે નક્કી કરી શકાતી નથી. કોર્ટે જણાવ્યું હતું કે પક્ષ પીએમએલએના ન્યાયાધીશ અધિકારી સમક્ષ અને વધુ સુનાવણી દરમિયાન પોતાનો વાંધો ઉઠાવી શકે છે. હાઈકોર્ટે એમ પણ કહ્યું હતું કે ઈડી પાસે, ખાતાઓની તપાસ કર્યા પછી, એવું માનવા માટે પૂરતા આધાર હતા કે મોટી રકમ વિવિધ સંસ્થાઓને ટ્રાન્સફર કરવામાં આવી હતી. તેથી, ખાતાઓ ફ્રીઝ કરવાની કાર્યવાહી પ્રથમ નજરમાં વાજબી લાગે છે.

# ગલવાન અથડામણ પછી ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પહેલી વાર ભારતની મુલાકાતે આવશે

## ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ભારતમાં બ્રિક્સ સમિટમાં ભાગ લે તેવી શક્યતા

બીજીંગ,
ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સપ્ટેમ્બરમાં બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે ભારતની મુલાકાત લઈ શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ભારતમાં બ્રિક્સ સમિટમાં ભાગ લે તેવી શક્યતા છે, કારણ કે ચીને ભારતની અધ્યક્ષતામાં બ્રિક્સને ટેકો આપ્યો છે. બ્રિક્સ સમિટ ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં યોજાવાની છે. શી જિનપિંગની ભારત મુલાકાત અંગે સત્તાવાર જાહેરાત હજુ રાહ જોવાઈ રહી છે. ભારતે પહેલાથી જ ચીનના રાષ્ટ્રપતિને સમિટ માટે આમંત્રણ આપી દીધું છે.

જો શી જિનપિંગની ભારત મુલાકાત થાય છે, તો તે એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક મુલાકાત હશે, કારણ કે ગાલવાન અથડામણ અને વાસ્તવિક નિયંત્રણ રેખા પર લશ્કરી ગતિરોધ પછી તે તેમની ભારતની પહેલી મુલાકાત હશે. જો આ મુલાકાત યોજના મુજબ થશે, તો તે ઓક્ટોબર ૨૦૧૯ પછી શી જિનપિંગની ભારતની પહેલી મુલાકાત હશે.


શી જિનપિંગની અગાઉની મુલાકાત ૧૧-૧૨ ઓક્ટોબર, ૨૦૧૯ ના રોજ તમિલનાડુના મહાબલીપુરમની હતી, જ્યાં તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે બીજી અનૌપચારિક શિખર બેઠક યોજી હતી. વુહાન સમિટ પછી બંને નેતાઓ વચ્ચે આ બીજી અનૌપચારિક શિખર બેઠક હતી. જોકે, તે મુલાકાતના લગભગ છ મહિના પછી,એલએસીના લદ્દાખ સેક્ટરમાં ચીની લશ્કરી ઘૂસણખોરીને કારણે ભારત-ચીન સંબંધો છ દાયકામાં સૌથી નીચા સ્તરે પહોંચી ગયા, જેના કારણે લાંબા સમય સુધી લશ્કરી ગતિરોધ થયો.

અગાઉ, શી જિનપિંગે સપ્ટેમ્બર ૨૦૧૪ માં રાજ્ય મુલાકાત પર ભારતની મુલાકાત લીધી હતી, જ્યારે તેમણે અમદાવાદ અને નવી દિલ્હીની મુલાકાત લીધી હતી. શી ૨૦૧૯ થી ભારતની મુલાકાતે આવ્યા નથી, જોકે બંને નેતાઓ બ્રિક્સ, શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન અને ૬૨૦ જેવા બહુપક્ષીય મંચો દરમિયાન મળ્યા છે.

ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગયા વર્ષે ૩૧ ઓગસ્ટથી ૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન તિયાનજિનમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટમાં હાજરી આપવા માટે ચીન ગયા હતા. લગભગ સાત વર્ષમાં આ પીએમ મોદીની ચીનની પહેલી મુલાકાત પણ હતી. અગાઉ, મોદી ૨૦૧૮ માં વુહાન અનૌપચારિક સમિટ અને ૨૦૧૯ માં બ્રિક્સ સમિટ માટે ચીન ગયા હતા.

# અમરેલી જિલ્લામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી : આખી રાત ધીમીધારે વરસાદ વરસ્યો

## તમામ તાલુકાઓમાં પોણો ઈંચથી ત્રણ ઈંચ સુધી વરસાદઃ જિલ્લા વહીવટી તંત્ર એલર્ટ રહ્યું


(મિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલીઃ

અમરેલી જિલ્લામાં એક અઠવાડિયાના વિરામ બાદ ગઈકાલથી મેઘરાજાએ ફરી ધમાકેદાર એન્ટ્રી કરતાં શુક્રવાર મોડી રાતથી સમગ્ર જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો છે. જિલ્લાના તમામ તાલુકાઓમાં પોણો ઈંચથી લઈને ત્રણ ઈંચ સુધી વરસાદ નોંધાતા શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં અષાઢી માહોલ જોવા મળ્યો હતો. અનેક સ્થળોએ ધીમીધારે તો અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. અમરેલી શહેર તથા આજુબાજુના વિસ્તારમાં પણ ધીમીધારે વરસાદ શરૂ રહેવા પામેલ છે.

અમરેલી જિલ્લામાં ગઈકાલે દિવસભર વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. ત્યારબાદ મોડી સાંજથી શરૂ થયેલો વરસાદ રાત દરમિયાન અનેક વિસ્તારોમાં ધોધમાર વરસ્યો હતો. અમરેલી શહેરમાં પવન સાથે વરસાદ પડતાં મુખ્ય માર્ગો પર વરસાદી પાણી વહેતા થયા હતા. શહેરના જૂના માર્કેટિંગ યાર્ડ વિસ્તારમાં નદી જેવો દશ્ય સર્જાયો હતો અને વરસાદી પાણી રસ્તાઓ પર ફરી વળ્યા હતા. હવામાન વિભાગની આગાહી મુજબ જિલ્લામાં રાત્રિના સમયે ભારે વરસાદની અસર જોવા મળી હતી.

રાજુલા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ મેઘરાજાએ મન મૂકીને વરસતા ખેડૂતોમાં ખુશીની લાગણી છવાઈ ગઈ હતી. હિંડોરણા, છતડીયા, કડિયાળી સહિતના ગામોમાં દિવસભર ઝરમર વરસાદ વરસ્યો હતો, જ્યારે રાજુલા પંથકમાં અંદાજે દોઢ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને અસહ્ય ઉકળાટમાંથી લોકોને રાહત મળી હતી.

દરિયાકાંઠાના જાફરાબાદ પંથકમાં પણ બપોર બાદ ધીમીધારે વરસાદ શરૂ થયો હતો. હેમાળ, ટીંબી, છેલણા, લોર, કડિયાળી, નાગેશ્રી સહિતના ગામો અને આસપાસના વિસ્તારોમાં વરસાદ વરસતા ચોમાસાનો માહોલ ફરી જામ્યો હતો. થોડા દિવસના વિરામ બાદ વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને ખેતી માટે વરસાદ આશીર્વાદરૂપ બન્યો હોવાનું ગ્રામજનો દ્વારા જણાવાયું હતું.

સમગ્ર જિલ્લામાં વરસાદથી ધરતીપુત્રોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે અને આગામી દિવસોમાં પણ સારા વરસાદની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન વડિયા ૩૨ મી.મી.,બાબરા ૬૭મી.મી., લાઠી ૭૦ મી.મી., લીલીયા ૬૨ મી.મી., અમરેલી ૬૫ મી.મી., બગસરા ૨૨ મી.મી., ધારી ૧૭ મી.મી., સાવરકુંડલા ૫૦ મી.મી., ખાંભા ૩૨ મી.મી., જાફરાબાદ ૩૮ મી.મી., રાજુલા ૫૬ મી.મી., વરસાદ નોંધાયો છે.

# અરબ સાગરમાં ડિપ્રેશનની અસરઃ જાફરાબાદ બંદરે ૩ નંબરનું સિગ્નલ, દરિયો બન્યો તોફાની

(મિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલીઃ

અરબ સાગરમાં સર્જાયેલા ડિપ્રેશનને લઈને હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહીની અસર હવે અમરેલી જિલ્લાના દરિયાકાંઠે સ્પષ્ટ જોવા મળી રહી છે. જાફરાબાદ બંદર ખાતે મેરીટાઈમ બોર્ડ વિભાગ દ્વારા ૩ નંબરનું ચેતવણી સિગ્નલ ફરકાવવામાં આવ્યું છે. દરિયામાં કરંટ વધતા ઊંચા મોજાં ઉછળી રહ્યા છે, જેના કારણે માછીમારો અને દરિયાકાંઠાના લોકો માટે સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે.



અમરેલી જિલ્લાના જાફરાબાદ દરિયાકાંઠે અરબ સાગરમાં સક્રિય બનેલા ડિપ્રેશનની અસર જોવા મળી રહી છે. હવામાન વિભાગની આગાહીના પગલે જાફરાબાદ બંદર પર મેરીટાઈમ બોર્ડ વિભાગે ૩ નંબરનું ચેતવણી સિગ્નલ લગાવ્યું છે. આજે સવારથી જ દરિયામાં કરંટ જોવા મળી રહ્યો છે અને દરિયાઈ પાણીમાં ભારે હિલોળા સાથે ઊંચા મોજાં ઉછળી રહ્યા છે. દરિયાની સ્થિતિ સામાન્ય દિવસોની સરખામણીએ વધુ ઉગ્ર બનતા બંદર તંત્ર સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે.

દરિયાની સ્થિતિને ધ્યાનમાં રાખીને માછીમારોને દરિયામાં ન જવા તેમજ દરિયાકાંઠે અનાવશ્યક અવર જવર ટાળવા અપીલ કરવામાં આવી છે. હાલ જાફરાબાદ બંદર સહિત સમગ્ર દરિયાકાંઠા વિસ્તારમાં સતર્કતા વધારી દેવામાં આવી છે. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી કલાકોમાં પણ દરિયામાં કરંટ અને ઊંચા મોજાંની સ્થિતિ યથાવત રહી શકે છે. જેના કારણે સ્થાનિક તંત્ર દ્વારા જરૂરી તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે અને દરિયાકાંઠાના વિસ્તારોમાં સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે.

# ધારીમાં રહેણાંક વિસ્તારમાં સિંહ પરિવારે પશુનો શિકાર કરી મિજબાની માણી આરામ પણ કર્યો

અમરેલી અમરેલી જિલ્લાના ધારી શહેરમાં આજે શનિવારે વહેલી સવારે એક સિંહ પરિવારે રહેણાંક વિસ્તારની સોસાયટીમાં પ્રવેશ કરી એક પશુનો શિકાર કર્યો હતો. અને વેકરીયાપરા વિસ્તારની સોસાયટીમાં શિકાર કર્યા બાદ સિંહ પરિવાર લાંબા સમય સુધી ત્યાં જ આરામ ફરમાવતો જોવા મળ્યો હતો. સમગ્ર ઘટનાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ભારે ચર્ચા જાગી છે.




આ બનાવમાં ધારી શહેરમાં ચોમાસાની ઋતુ દરમિયાન જંગલના રાજા માનવ વસાહત સુધી પહોંચી જતાં લોકોમાં ચિંતા વધી છે. મળતી માહિતી મુજબ, આજે વહેલી સવારે સિંહ પરિવાર ધારીના વેકરીયાપરા નજીક આવેલી રહેણાંક સોસાયટીમાં ઘૂસ્યો હતો. અહીં સિંહોએ એક પશુનો શિકાર કરી તેની મિજબાની માણી હતી.

આ સિંહ પરિવારે શિકાર પૂર્ણ કર્યા બાદ સિંહ પરિવાર સ્થળ છોડવાના બદલે સોસાયટીમાં જ લાંબા સમય સુધી આરામ કરતો જોવા મળ્યો હતો. ખાસ વાત એ છે કે, આ સ્થળ ધારી વન વિભાગની મુખ્ય કચેરીથી પણ નજીક આવેલું હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

આજે સવારે સ્થાનિક રહિશોએ સિંહ પરિવારને નજીકથી નિહાળ્યો અને તેના વીડિયો મોબાઈલમાં કેદ કર્યા હતા. આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે.

ચોમાસામાં જંગલ વિસ્તારમાં ઊગી નીકળતા ઘાસ, અને અન્ય કુદરતી પરિબળોને કારણે સિંહો ઘણી વખત માનવ વસાહત તરફ આવી ચઢતા હોવાના બનાવો સામે આવતા રહે છે. જો કે, રહેણાંક વિસ્તારમાં સિંહ દ્વારા શિકાર કરવામાં આવ્યા બાદ ત્યાં જ આરામ કરતા સિંહ પરિવારથી સ્થાનિકોમાં ભયની લાગણી વ્યાપી છે. વન વિભાગ દ્વારા સિંહોની હિલચાલ પર નજર રાખવામાં આવી રહી છે. તેમજ લોકોને સાવચેતી રાખવા અને સિંહોની નજીક ન જવાની અપીલ કરવામાં આવી છે. સ્થાનિકોએ પણ રહેણાંક વિસ્તારોમાં વન વિભાગ દ્વારા સતત પેટ્રોલિંગ અને જરૂરી સુરક્ષા વ્યવસ્થા વધારવાની માંગ ઉઠાવી છે.

# અમરેલીના હાલરિયા ગામમાં સિંહ શિકાર કરવા ઘૂસ્યો

## આખલાએ પ્રતિકાર કરતા સિંહ જીવ બચાવી ભાગ્યો

અમરેલીઃ
અમરેલી જિલ્લાના ધારી



તાલુકાના હાલરિયા ગામમાં મોડી રાત્રે શિકારની શોધમાં એક સિંહ ગામની શેરીમાં ઘૂસી આવ્યો હતો. આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી.

સીસીટીવી ફૂટેજ અનુસાર, મધરાતે અંધકાર અને વરસાદી વાતાવરણ વચ્ચે સિંહ શેરીમાં આગળ વધી રહ્યો હતો. શિકારની શોધમાં ફરતા સિંહની નજર એક પશુ પર પડી, જેને તે સરળ શિકાર સમજી તેની તરફ આગળ વધ્યો.

જોકે, સિંહ જેને શિકાર સમજી રહ્યો હતો તે એક આખલો હતો. આખલાએ સિંહથી ડરીને ભાગવાને બદલે વળતો પ્રતિકાર કર્યો અને સિંહ સામે ઉછાળવા દોડ્યો. આ દ્રશ્ય જોઈ સિંહ ક્ષણભર માટે ચોંકી ગયો. આખલો સતત તેની તરફ આવતા, સિંહે અંતર જાળવી ત્યાંથી ભાગવાનો પ્રયાસ કર્યો. આખલો પણ સિંહની પાછળ દોડ્યો, જેના કારણે સિંહે આખરે પોતાનો જીવ બચાવવા શેરીમાંથી દોટ મૂકી.

ઉલ્લેખનીય છે કે અમરેલી જિલ્લામાં સિંહોની વસ્તી વધુ છે. વરસાદી માહોલ દરમિયાન સિંહો ડુંગરાળ અને ખુલ્લા વાતાવરણમાં રહેવાનું વધુ પસંદ કરે છે, જેના કારણે ચોમાસામાં તેમની આવી હિલચાલ સામાન્ય રીતે જોવા મળતી હોય છે.

# અનધિકૃત નાણાંની માંગણીના આરોપ બાદ અધિક મદદનીશ ઈજનેર ફરજમુક્ત

## ૩૬ ગામના ૭૯ કામની ફાઈલો દબાવી રાખી હતી,સત્તા ન હોવા છતાં પણ રિકવરીના હુકમ કાઢ્યા હતા

અમરેલી:અગાઉ અમરેલી તાલુકા પંચાયત અને હાલ ખાંભા ખાતે ફરજ બજાવતા માર્ગ મકાન વિભાગના અધિક મદદનીશ ઈજનેર સિવિલ, તુષાર એ. કેસરિયાને ગ્રામ પંચાયતના વિકાસ કામોના એમ.બી. રેકોર્ડ અને બિલો મંજૂર કરવા માટે અનાધિકૃત નાણાંની માંગણી તથા ભ્રષ્ટાચારના આક્ષેપોને પગલે તાત્કાલિક અસરથી ફરજમુક્ત કરવામાં આવ્યા છે.મળતી માહિતી મુજબ અરજદાર ભાવનાબેન નાથાલાલ સુખડિયાએ તા. ૧૧ મે,ના રોજ રજૂઆત કરીને અધિકારી સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. આ રજૂઆતના આધારે જિલ્લા પંચાયત દ્વારા પ્રાથમિક તપાસના આદેશ આપવામાં આવ્યા હતા.તપાસ અધિકારીએ ૨૫ મે,ના રોજ પોતાનો અહેવાલ રજૂ કર્યો હતો. પ્રાથમિક તપાસમાં અધિકારી દ્વારા પંચાયત સેવાના કર્મચારી તરીકે અપેક્ષિત પ્રામાણિકતા અને ફરજ પ્રત્યેની નિષ્ઠાનું પાલન કરવામાં પ્રથમ દ્રષ્ટિએ નિષ્ફળતા જોવા મળી હોવાનું



નોંધાયું છે.

આ ઉપરાંત તપાસ દરમિયાન સરકારી દસ્તાવેજો સાથે ચેડાં થવાની અથવા સાક્ષીઓને પ્રભાવિત કરવાની શક્યતા ધ્યાનમાં રાખીને તેમને તુષાર કેસરિયાં ફરજ પર ચાલુ રાખવું હિતાવહ ન હોવાથી જિલ્લા વિકાસ અધિકારી કે. જે. જાડેજા દ્વારા તેમને તાત્કાલિક અસરથી ફરજ પરથી હટાવી દેવાયા છે.

૩૬ ગામના ૭૯ કામની ફાઈલો દબાવી રાખી હતી

હંગામી કર્મચારી હોવા છતાં અધિક મદદનીશ ઈજનેર તુષાર કેસરીયાએ ૩૬ ગામોમાં થયેલા જુદા જુદા ૭૯ કામોની ફાઈલો દબાવી રાખી હતી અને બે માસથી તેના નાણાંનું ચુકવણું કરાતું ન હતું. ભાવનાબેન જ્યારે દેવળીયાના સરપંચ હતા. ત્યારે થયેલા કામોની ફાઈલો પણ આ ઈજનેરે ગુમ કરી દેતા બીલ અટવાયા હતા. આ અંગે ટીડીઓએ નોટીસ આપી ત્યારે પણ તેણે ફાઈલો મારી પાસે નથી. તેવો ઉડાવ જવાબ આપ્યો હતો.

ઈજનેર તુષારે ઢોલરવા અને વિઠ્ઠલપુર ગામે બે કામ પતિ ગયા અને કમ્પલીશન સર્ટી બાદ તેના બિલનું ચુકવણું?? પણ કરી દેવાયું હતું. ઉપરી અધિકારીઓએ આ સર્ટી આપ્યું હોવા છતાં તેની ઉપરવટ જઈ પોતાનું સત્તામાં આવતું ન હોવા છતાં તેણે રીકવરી કાઢી હતી. આ ભ્રષ્ટ ઈજનેર સામે વોઈસ રેકર્ડ અને મેસેજના પુરાવા પણ રજૂ કરાયા હતા.

# લાઠીમાં ૩ વર્ષનું બાળક ખોવાયું: પોલીસે ૨ કલાકમાં શોધી પરિવારને સહીસલામત પરત સોંપ્યું

અમરેલી:લાઠી શહેરમાં ત્રણ વર્ષનું એક બાળક ખોવાઈ ગયું



હતું. કેરિયા રોડ સ્થિત ખોડીયારનગર વિસ્તારમાંથી રડતી હાલતમાં મળી આવેલા આ બાળક અંગે સ્થાનિક રહેવાસી રમણીકભાઈ ઘાટલિયાએ લાઠી પોલીસને જાણ કરી હતી.

માહિતી મળતાં જ લાઠી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસે બાળકના વાલી-વારસની શોધખોળ શરૂ કરી હતી. વિવિધ વિસ્તારોમાં તપાસ અને પૂછપરછ કરીને પોલીસે સતત બે કલાક સુધી શોધખોળ ચલાવી હતી.

આખરે, પોલીસને બાળકના પિતા અનસીંગભાઈ બદીયાભાઈ કટારાનો સંપર્ક સાધવામાં સફળતા મળી હતી. અનસીંગભાઈ લાઠીના રહેવાસી છે અને મૂળ વતન રિંગોલ, અલીરાજપુરના છે.જરૂરી ઓળખ ચકાસણી બાદ પોલીસે બાળકને તેના પિતાને સહીસલામત રીતે સોંપી દીધું હતું. બાળકને સુરક્ષિત રીતે પરિવાર સુધી પહોંચાડવાની લાઠી પોલીસની આ ઝડપી અને સંવેદનશીલ કામગીરીની સ્થાનિક લોકોએ પ્રશંસા કરી હતી.

# જુગાર રેડ તોડકાંડઃ બે PSI સસ્પેન્ડ,મહિલા PSIની રજૂઆત બાદ રેન્જ IGએ લીધા પગલાં

ગીર સોમનાથઃ
ગીર સોમનાથ પોલીસમાં ચર્ચાસ્પદ બનેલા હોટલ રોયલ મેન્શન જુગાર રેડ પ્રકરણમાં મોટો વળાંક આવ્યો છે. પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન વિસ્તારની હોટેલ રોયલ મેન્શનમાં ૨૦ જુલાઈની મધરાતે પાડવામાં આવેલી જુગાર રેડ બાદ પોલીસ અધિકારીઓ સામે ગંભીર આક્ષેપો ઊભા થતાં જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચૂડાસમાએ દાખલારૂપ કાર્યવાહી કરતાં SOGના PSI ડી.એમ. કાગડા તથા તત્કાલીન LCB અને હાલ લીવ રિઝર્વમાં ફરજ બજાવતા PSI એચ.એલ. જેબલિયાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા છે.

રેન્જ IG રાજેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું હતું કે હોટલ રોયલ મેન્શન જુગાર રેડ સંદર્ભે કરવામાં આવેલી પ્રાથમિક તપાસ દરમિયાન બેદરકારી



અને ગેરરીતિ સામે આવતા બંને અધિકારીઓને ફરજમુક્ત કરવામાં આવ્યા છે. સમગ્ર પ્રકરણની વધુ તપાસ ચાલુ છે અને જરૂરી વિભાગીય તેમજ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ૨૦ જુલાઈની રાત્રે વેરાવળ-કોડીનાર હાઈવે પર કાજલી-બાદલપરા વચ્ચે આવેલી હોટેલ રોયલ મેન્શનમાં LCBએ દરોડો પાડી સાત વ્યક્તિઓને તીનપત્તી રમતા ઝડપી પાડ્યા હતા. પોલીસે રૂ. ૪.૭૩ લાખનો મુદ્દામાલ કબજે કરી પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં જુગાર અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો હતો.


આ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન એક મહિલા PSI પણ સ્થળ પર હાજર હોવાનો અને તેમને આરોપી તરીકે દર્શાવવામાં ન આવ્યા હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. પોલીસના જ કેટલાક અધિકારીઓએ મહિલા PSI પાસેથી આશરે પાંચ લાખ રૂપિયાનો તોડ કર્યો હોવાનો દાવો પોલીસ સૂત્રોમાંથી સામે આવ્યો છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ત્યારબાદ જિલ્લા પોલીસ વડા જયદીપસિંહ જાડેજાએ સંબંધિત મહિલા PSI સામે અન્ય કારણ દર્શાવી સસ્પેન્ડ કરી દીધેલ, પાંચ લાખ નો તોડ પણ થયો અને સસ્પેન્ડ પણ થતાં મહિલા PSIએ સીધા જ રેન્જ IG રાજેન્દ્રસિંહ ચુડાસમા સમક્ષ રૂબરૂ રજૂઆત કરી સમગ્ર ઘટનાક્રમની સ્ફોટક વિગતો આપી હતી.

રેન્જ IG ચુડાસમા એ ઘટના ની ગંભીરતા ધ્યાને લઈ તાત્કાલિક ઈન્કવાયરી ના આદેશ આપેલ જેમાં હાથ ધરાયેલી પ્રાથમિક તપાસમાં મહિલા PSI ની રજુઆત ને સમર્થન મળતા અને કેટલાક મુદ્દાઓમાં ગેરરીતિ સામે આવતા બે PSI સામે સસ્પેન્શનની કાર્યવાહી કરવામાં આવી હોવાનું પોલીસ વિભાગે સત્તાવાર રીતે જણાવ્યું છે. જો કે તપાસ માં હજુ પણ વધુ અધિકારી અને કર્મચારીઓ સામે તવાઈ આવે તો નવાઈ નહી.

# બાબરા:લસણની ચોરી કરનાર ઝડપાયો

અમરેલીઃ બાબરા તાલુકાના રાણપર ગામના સિમ વિસ્તારમાં થયેલ ઘરફોડ ચોરીને "ઈગલ આઈ" પ્રોજેક્ટ અંતર્ગત લાગેલ CCTV કેમેરાનો ઉપયોગ કરી આરોપીને પકડી પાડી બાબરા પોલીસ ટીમ મુદામાલ રીકવર કરેલ.



અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જીલ્લામાં મિલ્કત સબંધી ચોરી અટકાવવા તથા થયેલ ઘરફોડ ચોરીઓના આરોપીઓને પકડી પાડવા સારૂ સુચના આપેલ હોય જે અન્વયે, બાબરા પોલીસ સ્ટેશનના પોલિસ ઈન્સ. આર.આર. પરમારના સીધા માર્ગદર્શન હેઠળ બાબરા પોલીસ સ્ટેશનના BNS ૩૩૧(૧), ૩૩૧(૪), ૩૦૫(એ) મુજબના ચોરીના ગુન્હાને ડિટેક્ટ કરવા બાબરા પોલીસની અલગ અલગ ટીમો બનાવી આજુ બાજુના ગ્રામ્ય વિસ્તારમાં લાગેલ "ઈગલ આઈ" પ્રોજેક્ટ અંતર્ગત ઝઝ્ફ કેમેરાનો સઘન અભ્યાસ કરી શકમંદ વાહનોને ટ્રેક કરી અસલ આરોપીને તથા ચોરીમાં ઉપયોગ કરેલ વાહનને સી.સી.ટી.વી કેમેરા દ્વારા ડિટેક્ટ કરી રાજકોટ જિલ્લાના સરધાર ગામે રહેતા અને શાકભાજીનો ધંધો કરનાર મુના રમેશભાઇ ચુડાસમા નામના આરોપીને ટેક્નિકલ સોર્સ તથા હ્યુમન સોર્સની મદદથી રાજકોટ જીલ્લાના સરધાર ખાતેથી ચોરી કરનાર ઈસમને લસણ ભરેલ પી.સી બોરીઓ ૧૧ કીમત રૂપિયા ૪૫,૯૦૦ તથા એક લીલા કલરની મેક્સીમા રીક્ષા કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી અનડિટેક્ટ ગુન્હો ડીટેક્ટ કરી આરોપી વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# એકજ દિવસે ૧૨ નોર્મલ અને ૪ સિઝેરીયન થયા:સાવરકુંડલા સિવિલમાં ૨૪ કલાકમાં ૧૬ સફળ પ્રસુતિ

સાવરકુંડલા:સાવરકુંડલા કે.કે. મહેતા સરકારી સિવિલ હોસ્પિટલ ખાતે તાજેતરમાં એક નોંધપાત્ર સિદ્ધિ નોંધાઈ હતી તારીખ ૨૮/૦૭ મંગળવારના રોજ માત્ર ૨૪ કલાકના ગાળામાં કુલ ૧૬ સફળ પ્રસુતિઓ કરવામાં આવી હતી. સમગ્ર કામગીરી હોસ્પિટલના અધિક્ષક ડોક્ટર વિવેક તરસરીયા આર.એમ.ઓ., ડો. માલવિકા ચૌધરી તેમજ મેટરનિટી વિભાગની હેડ નર્સ મીનાક્ષીબેન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

સાવરકુંડલા સિવિલ હોસ્પીટલમાં ૨૪ કલાકમાં કુલ ૧૬ પ્રસુતિ થઈ હતી જેમાં ૧૨ સામાન્ય પ્રસુતિ અને ૪ સિઝેરિયન પ્રસુતિનો સમાવેશ થયો હતો. જેમાં માતા અને નવજાત બાળકની તબિયત સંપૂર્ણ સ્વસ્થ અને સ્થિર જણાઈ હતી.

આ સિદ્ધિ પાછળ હોસ્પિટલની નિષ્ણાત તબીબી ટીમનો અવિરત પ્રયત્ન અને સમર્પણ રહેલું જોવા મળ્યું હતું જેમાં સ્ત્રીરોગ નિષ્ણાત ડો. રિયા રુઘાણી, ડો. અભિષેક ચૌહાણ, ડો. દર્શિતા સોલંકી, તેમજ એનેસ્થેટિસ્ટ ડો. કુલદીપ કાવઠીયા અને ડો. હસમુખ કાપડિયાનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. ઉપરાંત નર્સિંગ સ્ટાફ, લેબ ટેકનિશિયન અને સપોર્ટ સ્ટાફે પણ ૨૪ કલાક તત્પર રહી ઉત્તમ સેવા પૂરી પાડી હતી.

પ્રસુતિ દરમિયાન કોઈપણ પ્રકારની જટિલતા ન ઊભી થાય તે માટે હોસ્પિટલમાં આધુનિક સાધનો અને અનુભવી તબીબી સ્ટાફ તૈનાત રાખવામાં આવ્યા હતા જેના કારણે તમામ પ્રસુતિઓ સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી સરકારની માતૃ વંદના યોજના અને જનની સુરક્ષા યોજના હેઠળ તમામ માતાઓને જરૂરી આરોગ્ય સેવા, માર્ગદર્શન અને સહાય ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.અત્રે ઉલ્લખેનીય છે કે, ખાનગીમાં મસમોટા ખર્ચે થતી ડિલિવરી સરકારી હોસ્પિટલમાં ૨૪ કલાકમાં ૧૨ પ્રસુતિ નોર્મલ અને ૪ સિઝેરીયન કરાઈ છે.

# લીલીયા-ગારિયાધાર માર્ગ પર કેરી પીકઅપ ગાડીને અકસ્માત નડ્યો, સદનસીબે જાનહાનિ ટળી

અમરેલી:લીલીયા-ગારિયાધાર સ્ટેટ હાઈવે પર નાના લીલીયા નજીક કેરી પીકઅપ ગાડીને અકસ્માત નડ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

પ્રાથમિક માહિતી અનુસાર, કેરી પીકઅપ ગાડી રોડ પરથી નીચે ઉતરી ગઈ હતી, જેના કારણે અકસ્માત સર્જાયો હતો.



અકસ્માત સર્જાતા જ ઘટનાસ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. આ અકસ્માતમાં ડ્રાઈવરનો આબાદ બચાવ થયો હતો.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, રોડ પર આવેલા નાળાની બાજુમાં ભયજનક વળાંક (કડ) હોવાથી વાહનચાલકો માટે સતત અકસ્માતનો ભય રહે છે.આ જગ્યા પર અગાઉ પણ અનેક વખત અકસ્માતો સર્જાઈ ચૂક્યા હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.